સુવિચાર
નસીબ તો કામ કરતું જ હોય છે ઉતાવળ તો આપડે જ હોય છે...

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®
સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૪
તા. ૧-૭-૨૦૨૫, મંગળવાર
વર્ષ: ૧૪, અંક : ૯૭


મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia


**અષાઢમાં અનરાધાર, શ્રાવણમાં પણ સરવડા વરસશે**
(વાંચો છેલ્લા પાને)




**અમેરિકામાં વધુ એક પ્લેન ક્રેશ: ૬ના મોત**



**ફિલ્ડીંગ પોઝિશન અને પરંપરાગત ''સ્પિન શસ્ત્ર'' દ્વારા બીજા ટેસ્ટમાં ભારતનું કમબેક?**



**કેપ્ટન ''કૂલ''નો ટ્રેડમાર્ક ધોનીને!!!**


**ત્રણ યુદ્ધમાં ઉપયોગમાં લેવાયેલ ભારતીય હવાઈ સેનાનો બીજા વિશ્વયુદ્ધમાં તૈયાર થયેલા રનવે બોગસ કાગળિયા દ્વારા ૨૮ વર્ષ પહેલા વેચી દેવાયો**

# અકસ્માતો પર ''બ્રેક'' લગાવવા શહેરોમાં ૩૦ કિમીથી વધુ ઝડપે વાહન ચલાવવા પર ''રોક''



## અત્યંત ચિંતાજનક બાબત: માર્ગ અકસ્માતોમાં ગુજરાત દેશમાં આઠમા ક્રમાંકે

## ભીડભાડવાળા રસ્તાઓ પર ગતિ મર્યાદા ૩૦ કિમી જયારે રાજમાર્ગો પર મહતમ ૬૦ કિમી પ્રતિ કલાક સુધી સીમિત રાખવા વિચારણા

## જીડીસીઆરમાં સુધારો કરી શહેરી રસ્તાઓ, સ્ટેટ હાઈવે અને નેશનલ હાઈવે પરની સ્પીડ પર કાપ મુકાશે

**અબતક, રાજકોટ**

પૂરપાટ દોડતા વાહનો, ટ્રાફિક નિયમો પ્રત્યેની અજ્ઞાનતા અને ઈરાદાપૂર્વક કરવામાં આવતા ટ્રાફિક નિયમોના ભંગને પગલે છાસવારે જીવલેણ અકસ્માતોના અહેવાલો સામે આવતા હોય છે. ત્યારે અકસ્માતો પર બ્રેક લગાવવા શહેરી વિસ્તારોમાં ગતિ મર્યાદાને ૩૦ કિમી પ્રતિ કલાક પર સીમિત રાખવા તખ્તો તૈયાર કરવામાં આવી રહ્યો છે.

રાજ્ય શહેરી વિકાસ વિભાગ શહેરના રસ્તાઓ પર વાહનો માટે ગતિ મર્યાદાઓને અંતિમ સ્વરૂપ આપી રહ્યું છે. એક દાયકામાં, રાજ્યભરમાં માર્ગ અકસ્માતોમાં ૭૫,૭૩૮ લોકોના મોત થયા છે. સરકારી સૂત્રોએ સંકેત આપ્યો છે કે, ભીડભાડવાળા રસ્તાઓ પર મહત્તમ માન્ય ગતિ ઘટીને ૩૦ કિમી પ્રતિ કલાક કરવામાં આવશે જયારે પહોળા રાજમાર્ગો પર મહતમ ગતિ મર્યાદા ૪૫-૬૦ કિમી પ્રતિ કલાક (અનુ. આઠમા પાને)

### રાજ્યમાં દરરોજ ૪૯૧ લોકો રોડ અકસ્માતમાં ઈજાગ્રસ્ત: ગત વર્ષની સાપેક્ષે ૧૦%નો ઉછાળો

ગુજરાતમાં માર્ગ અકસ્માતોમાં સતત વધારો થઈ રહ્યો છે. આ વર્ષે જાન્યુઆરીથી મે મહિના દરમિયાન, માર્ગ અકસ્માતમાં કુલ ૭૩,૬૨૪ લોકો ઘાયલ થયા હતા. ગુજરાતમાં દરરોજ સરેરાશ ૪૯૧ લોકો માર્ગ અકસ્માતમાં ઘાયલ થાય છે.ઈમરજન્સી સર્વિસ '૧૦૮' અનુસાર, ગયા વર્ષે સમાન સમયગાળા (જાન્યુઆરીથી મે) દરમિયાન ૬૮,૨૦૯ લોકો ઘાયલ થયા હતા. તેની સરખામણીમાં, આ વર્ષે માર્ગ અકસ્માતમાં ઈજાઓમાં ૧૦% નો વધારો થયો છે. હાલમાં, સરેરાશ, દર કલાકે ૨૦ લોકોને માર્ગ અકસ્માતોને કારણે હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડે છે.

### જીવલેણ અકસ્માતમાં ૩.૦૯%નો વધારો મૃત્યુઆંક ૭૫,૭૩૮ને આંબી ગયો

ગુજરાતમાં માર્ગ અકસ્માતમાં મૃત્યુદર સતત ઊંચો જઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૩ માં, ગુજરાતમાં માર્ગ અકસ્માતોમાં ૭,૮૫૪ મૃત્યુ નોંધાયા હતા. જે ૨૦૨૨ ની તુલનામાં ૩.૦૯% નો થોડો વધારો છે. દસ વર્ષના સમયગાળામાં (૨૦૧૩-૨૦૨૨), ગુજરાતમાં ૭૫,૭૩૮ માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયા હતા. ૨૦૨૨ માં માર્ગ અકસ્માતમાં મૃત્યુનું મુખ્ય કારણ ઓવરસ્પીડિંગ હોવાનું ઓળખવામાં આવ્યું હતું.

### દેશમાં ફક્ત એક જ વર્ષમાં ૧.૫૩ લાખ લોકો કાળનો કોળિયો : ફેટલ રેટ ૧૧.૩ ને આંબ્યો

દેશના પરિવહન મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર વર્ષ ૨૦૨૧માં ફક્ત રોડ અકસ્માતમાં જ ૧,૫૩,૯૭૨ લોકો કાળનો કોળિયો બન્યો હતો. જે સૂચક છે કે, દેશમાં ફેટલ રેટ ૧૧.૩ છે જેનો સીધો અર્થ છે કે, દર એક લાખ વ્યક્તિએ ૧૧ થી વધુ લોકોના મોત રોડ અકસ્માતમાં થવા પામે છે.

# દિલ્હીમાં આજથી પંપ ઉપર ૧૫ વર્ષ જુના પેટ્રોલ અને ૧૦ વર્ષ જુના ડીઝલ વાહનોની જપ્તી

## તમામ પેટ્રોલ પંપ પર ઓટોમેટિક નંબરપ્લેટ રેકગ્નિશન સિસ્ટમ ઈન્સ્ટોલ કરાઈ, જે જુના વાહનોને તુરંત ઓળખી બતાવશે

**અબતક, નવી દિલ્હી**

આજથી દિલ્હી સરકાર જૂના વાહનોના ઉપયોગને રોકવા માટે એક મોટી એક્શન પ્લાન સાથે સંપૂર્ણપણે તૈયાર છે. જેમાં જૂના વાહનો જેમની ઉંમર નિર્ધારિત સમય કરતાં વધુ થઈ ગઈ છે, તેમને ઓળખીને જપ્ત કરવામાં આવશે.

દિલ્હીમાં આજથી ૧૫ વર્ષ જૂના પેટ્રોલ વાહનો અને ૧૦ વર્ષ જૂના ડીઝલ વાહનોને ઈંધણ મળશે નહીં. જો પકડાશે તો ૧૦,૦૦૦ રૂપિયાનું ચલણ પણ થશે. જે ટુ-વ્હીલરની ઉંમર પૂર્ણ થઈ ગઈ છે તે જપ્ત કરવા પર, માલિકને ૫,૦૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવશે.આ નવા નિયમને સરળતાથી લાગુ કરવા માટે, કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ, ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટ, મ્યુનિસિપલ (અનુ. આઠમા પાને)



# કોમર્શિયલ ગેસ સિલિન્ડરમાં રૂ.૫૮નો ઘટાડો

## ૧૭૨૨ રૂપિયામાં મળતો કોમર્શિયલ એલપીજી સિલિન્ડર હવે ઘટીને રૂ.૧૬૬૫ થયો

**અબતક, નવી દિલ્હી**

જૂલાઈ મહિનાની શરૂઆતથી એલપીજી યુઝર્સને રાહત મળી છે. વાસ્તવમાં ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ એલપીજી સિલિન્ડરના ભાવમાં મોટો ઘટાડો કરવાની ભેટ આપી છે અને તે દિલ્હીથી મુંબઈ સુધી સસ્તું થઈ ગયું છે.એલપીજી સિલિન્ડરના સુધારેલા ભાવ આજથી, ૧ જૂલાઈ ૨૦૨૫થી અમલમાં આવ્યા છે. આ વખતે પણ ઓઈલ કંપનીઓએ ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવ ઘટાડ્યા છે અને રાજધાની દિલ્હીમાં તે ૫૮ રૂપિયા સસ્તા થયા છે. જ્યારે ૧૪ કિલોગ્રામના ઘરેલુ સિલિન્ડરના ભાવ યથાવત રાખવામાં આવ્યા છે. ૧ જૂલાઈથી લાગુ થયેલા સુધારા પછી દિલ્હીમાં ૧૭૨૩.૫૦ રૂપિયામાં ઉપલબ્ધ કોમર્શિયલ એલપીજી સિલિન્ડર હવે ઘટીને ૧૬૬૫ રૂપિયા થઈ ગયો છે અને તે મુજબ કંપનીઓએ તેમાં પ્રતિ સિલિન્ડર ૫૮.૫૦ રૂપિયાનો ઘટાડો કર્યો છે. કોલકાતામાં પહેલી જૂલાઈથી ૧૯ કિલોગ્રામ એલપીજી સિલિન્ડરની કિંમત ૧૮૨૬ રૂપિયાથી ઘટીને ૧૭૬૯ રૂપિયા થઈ ગઈ છે. મુંબઈમાં આ સિલિન્ડરની કિંમત ૧૬૭૪.૫૦ રૂપિયાથી ઘટીને ૧૬૧૬.૫૦ રૂપિયા થઈ ગઈ છે, જ્યારે ચેન્નઈમાં ૧૮૮૧ રૂપિયામાં મળતું સિલિન્ડર હવે ૧૮૨૩.૫૦ રૂપિયામાં મળશે. અગાઉના જૂન મહિનામાં પણ કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો હતો અને ૧ જૂન, ૨૦૨૫ ના રોજ આ સિલિન્ડર ૨૪ રૂપિયા સસ્તો કરવામાં આવ્યો હતો ઘટાડા પછી દિલ્હીમાં કોમર્શિયલ એલપીજી સિલિન્ડર ૧૭૨૩.૫૦ રૂપિયા થઈ ગયો હતો, જે ૧૭૪૭.૫૦ રૂપિયામાં ઉપલબ્ધ હતો. આ ઉપરાંત, કોલકાતામાં તે ઘટીને ૧૮૨૬ રૂપિયા, મુંબઈમાં ૧૬૭૪.૫૦ રૂપિયા અને ચેન્નઈમાં (અનુ. આઠમા પાને)



**આગામી પખવાડિયામાં જ**

# રાષ્ટ્રીય અધ્યક્ષની વરણી પહેલા ગુજરાતના પ્રમુખની નિયુક્તિ કરી દેશે ભાજપ

**અબતક, રાજકોટ**

સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા આગામી એક પખવાડિયામાં નવા રાષ્ટ્રીય અધ્યક્ષની નિયુક્તિ કરી દેશે તેવી પ્રબળ સંભાવના હાલ જણાય રહી છે આ પૂર્વ ગુજરાતના પણ નવા સુકાનીની વરણીકરી દેવામાં આવે તેવી શકયતા રહેલી છે. ભાજપ દ્વારા અત્યાર સુધીમાં માત્ર ૧૪ રાજયોના પ્રમુખની નિયુકિત કરાય છે. હજી ૧૯ રાજયોના અધ્યક્ષોની વરણી બાકી છે પક્ષના બંધારણ મુજબ નવા પ્રમુખની નિયુકિત પહેલા ઓછામાં ઓછા ૫૦ ટકા રાજયોના પ્રમુખોની નિયુકિત કરી દેવી પડે છે. આગામી બે ચાર દિવસોમાં મઘ્યપ્રદેશ સહિતના કેટલાંક રાજયોના પ્રમુખની નિયુકિત કરી દેવામાં આવશે.

### ગુજરાત સહિત ૧૯ રાજયોમાં પ્રમુખની નિયુકિત કરવાની બાકી

લોકસભાની ચુંટણીમાં ભાજપ પ્રેરિત એનડીએ ગઠબંધનની સરકાર કેન્દ્રમાં સતત ત્રીજી વખત રચાઈ છે. જેમાં ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલને કેન્દ્રીય મંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. તેઓએ પ્રદેશ પ્રમુખ તરીકે ત્રણ-ત્રણ વાર મુકિત માંગી છે. એક યા બીજી કારણોસર પ્રદેશ ભાજપની નિયુકિતની પ્રક્રિયા કોઈના કોઈ કારણોસર પાછી ઠેલાય રહી છે. ૧૫મી જુલાઈ સુધીમાં ભાજપને નવા રાષ્ટ્રીય અઘ્યક્ષ મળી જશે આ પૂર્વે ગુજરાત ભાજપને નવા કેપ્ટન મળી જવાની પુરેપુરી સંભાવના દેખાય રહી છે.

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અઘ્યક્ષની પસંદગી પ્રક્રિયાના અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. હાલમાં મુખ્ય રાજ્ય એકમો માટે આંતરિક ચૂંટણીઓ ચાલી રહી છે, જેમાં ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં સંગઠનાત્મક ચૂંટણીઓ ઝડપથી આગળ વધી રહી છે.રાજ્ય સ્તરની નિમણૂકો પૂર્ણ થયા પછી જુલાઈના બીજા અઠવાડિયા સુધીમાં જે.પી. નડ્ડાના અનુગામીની પસંદગી થવાની અપેક્ષા છે.તાજેતરમાં, તેલંગાણામાં એન. રામચંદ્ર રાવ (અનુ. આઠમા પાને)




# પાકિસ્તાને અફઘાનિસ્તાન સરહદ સિલ કરી: નવા જુનીના એંધાણ

## પાકિસ્તાની સેનાના કાફલા ઉપર આત્મઘાતી હુમલામાં અનેક સૈનિકો માર્યા ગયા બાદ બન્ને દેશો વચ્ચે તણાવ વધ્યો

**અબતક, નવી દિલ્હી**

શનિવારે પાકિસ્તાની સેનાના કાફલા પર આત્મઘાતી હુમલામાં અનેક સૈનિકો માર્યા ગયા બાદ અફઘાનિસ્તાન-પાકિસ્તાન સરહદ પર તણાવ વધી રહ્યો છે. આ ઘટનાક્રમ રાજદ્વારી કટોકટી ઊભી કરવાનો ભય દર્શાવે છે. બીજી તરફ પાકિસ્તાને અફઘાનની સરહદ પણ સિલ કરી દીધી છે.

પાકિસ્તાની સેના દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અફઘાન સરહદ નજીક ઉત્તર વઝીરિસ્તાન જિલ્લાના મીર અલી વિસ્તારમાં એક કાફલા પર હુમલો કરવામાં આવ્યો હતો. પાકિસ્તાનના એક વરિષ્ઠ સુરક્ષા અધિકારીએ જણાવ્યું હતું કે ખૈબર પખ્તુનખ્વાના ઉત્તર વઝીરિસ્તાન જિલ્લામાં થયેલા હુમલા અને પ્રાંતમાં અથડામણ બાદ અફઘાનિસ્તાન સાથેનો ગુલામ ખાન સરહદ ક્રોસિંગ બંધ કરી દેવામાં આવ્યો છે. ખોસ્ત પ્રાંતમાં સ્થિત આ ક્રોસિંગ બંને દેશો વચ્ચે એક મહત્વપૂર્ણ વેપાર અને પરિવહન બિંદુ છે, ખાસ કરીને પાકિસ્તાનના ઉત્તર વઝીરિસ્તાન ક્ષેત્રમાં આવતા (અનુ. આઠમા પાને)






**ટ્રમ્પના ટ્રેડ વોરનું 'સુરસુરીયું'?**

# ખેતપેદાશની આયાત ડ્યુટી ઘટાડવા ભારતનો નનૈયો: ટૂંક સમયમાં ટ્રેડ સંધી સધાઈ જવાનો અમેરિકાનો આશાવાદ

## ભારતમાં મોટા ભાગના લોકો હજુ કૃષિ ઉપર નિર્ભર, જો ખેત પેદાશોની આયાત ઘટશે તો ભારતના સ્થાનિક ખેડૂતો પાયમાલ થઈ જશે, એટલે ભારત આયાત ડ્યુટી ન ઘટાડવા મક્કમ

**અબતક, નવી દિલ્હી**

ભારતે અમેરિકાથી આયાત થતી ખેતપેદાશમાં ડ્યુટી ઘટાડવા નનૈયો ભણી દીધો છે. કારણકે આ આયાત ડ્યુટી ઘટવાથી ભારતમાં ઉત્પાદન થતા ખેતપેદાશોની કિંમત ઘટવાની સાથે કૃષિ ક્ષેત્રને અન્ય પણ ઘણું નુકસાન થઈ શકે છે. સાથોસાથ વેપાર ખાધને પણ અસર પહોંચી શકે છે. બીજી તરફ અમેરિકાના વાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરીએ ભારત સાથે ટૂંક સમયમાં વેપાર સંધિ સાધવાનો આશાવાદ પણ વ્યક્ત કર્યો છે.



ભારત-અમેરિકા વેપાર કરાર હેઠળ, ભારતે પોતાનું કૃષિ નીતિ વલણ જાળવી રાખશે. કારણ કે જિટીઆરઆઈ અનુસાર, યુએસ કૃષિ ઉત્પાદનો પર આયાત શુલ્ક ઘટાડવાથી રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષાને જોખમ થઈ શકે છે. ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિયેટિવ (જિટીઆરઆઈ) એ ચેતવણી આપી છે કે ભારત-અમેરિકા મુક્ત વેપાર કરાર માં કૃષિ શુલ્કમાં કાયમી ઘટાડો અપરિવર્તનીય અને વ્યૂહાત્મક રીતે અન્યાયી બંને હશે. ડ્યુટી દૂર કરવાથી વૈશ્વિક ભાવ ઘટાડા દરમિયાન સબસિડીવાળા યુએસ અનાજ ભારતીય બજારો પર પ્રભુત્વ મેળવી શકે છે. ઐતિહાસિક પુરાવા સૂચવે છે કે ૨૦૧૪ અને ૨૦૧૬ ની વચ્ચે (અનુ. આઠમા પાને)

### ભારતીય કૃષિને બચાવવા યુએસ ઉપર ડ્યુટીનું ભારણ યથાવત રાખવું જરૂરી

જ્યારે યુ.એસ.માં કૃષિ કોર્પોરેટ સિદ્ધાંતો પર ચાલે છે, ત્યારે ભારતીય કૃષિ લોકોની આજીવિકા માટે મૂળભૂત રહે છે.નાના પાયે ખેડૂતોને બચાવવા, ભાવમાં વધઘટને નિયંત્રિત કરવા અને ખાદ્ય સુરક્ષા જાળવવા માટે આયાત જકાત મહત્વપૂર્ણ છે.''યુ.એસ. પોતે તમાકુ (૩૫૦ ટકા) જેવા ઉત્પાદનો પર ભારે ટેરિફ લાદે છે અને તેના કૃષિ ક્ષેત્રને સુરક્ષિત રાખવા માટે જટિલ બિન-મૂલ્યવર્ધિત જકાતનો ઉપયોગ કરે છે - એક વાસ્તવિકતા જે ઘણીવાર વેપાર વાટાઘાટોમાં અવગણવામાં આવે છે,'' તેમણે ઉમેર્યું.

### ભારત અમારો નજીકનો સાથી: વાઈટ હાઉસનું નિવેદન

અમેરિકાએ તાજેતરમાં ભારત સાથેના તેના સંબંધો અંગે એક નિવેદન આપ્યું છે. અમેરિકા કહે છે કે ભારત તેનો ખૂબ જ મહત્વપૂર્ણ વ્યૂહાત્મક સાથી છે. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે એક પ્રેસ બ્રીફિંગ દરમિયાન આ વાત કહી હતી. તેમને પૂછવામાં આવ્યું હતું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ ઈન્ડો-પેસિફિકમાં ચીનની વધતી ભૂમિકાને કેવી રીતે જુએ છે. સેક્રેટરી લેવિટે કહ્યું, 'ભારત ઈન્ડો-પેસિફિકમાં અમારો ખૂબ જ મહત્વપૂર્ણ વ્યૂહાત્મક સાથી છે અને રાષ્ટ્રપતિ ટ્રમ્પના પીએમ મોદી સાથે ખૂબ જ સારા સંબંધો છે અને આ સંબંધ ભવિષ્યમાં પણ ચાલુ રહેશે.' વ્હાઈટ હાઉસ દ્વારા આપવામાં આવેલું આ નિવેદન ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે એવું માનવામાં આવે છે કે ઓપરેશન સિંદૂર પછી, ભારત-અમેરિકા સંબંધોમાં થોડી ખટાશ (અનુ. આઠમા પાને)


### ટ્રમ્પ ભારત આવે તેવી શકયતા

જ્યારે ભારતના વિદેશ પ્રધાન એસ જયશંકર ક્વાડ વિદેશ પ્રધાનોની બેઠકમાં ભાગ લેવા માટે અમેરિકા પહોંચ્યા છે. અગાઉ પુષ્ટિ થઈ હતી કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે નવી દિલ્હીમાં યોજાનારી ક્વાડ સમિટ માટે પીએમ મોદીનું આમંત્રણ સ્વીકાર્યું છે. આ અંગે વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ એક વીડિયો સંદેશમાં જણાવ્યું હતું કે, 'પીએમ મોદીએ ક્વાડની આગામી બેઠક માટે રાષ્ટ્રપતિ ટ્રમ્પને ભારત આમંત્રણ આપ્યું છે. આમંત્રણ સ્વીકારતા રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે તેઓ ભારત આવવા માટે ઉત્સાહિત છે.'

મારક પાછળ : ઉપચાર કરનારાઓને કોણ સાજા કરે છે ?: આજે રાષ્ટ્રીય ડોક્ટર દિવસ

# પૃથ્વી પર ભગવાનનું બીજું રૂપ એટલે ડોક્ટર: '' દર્દ કા રિસ્તા''

## તબીબોના અતૂટ સમર્પણ, સંભાળ અને સખત મહેનતની સન્માનનો દિવસ : વિશ્વમાં અલગ અલગ દિવસે ડોક્ટર દિવસ ઉજવણી થાય છે, જેમ કે અમેરિકામાં ૩૦ માર્ચે, બ્રાઝિલમાં ૧ ઓક્ટોબરે આ દિવસ ઉજવાય છે: તે વ્યક્તિને મોતના મુખમાંથી બહાર કાઢીને નવજીવન આપે




દર્દીઓને તેમની સુખાકારી અને પીડામાંથી રાહત આપવાની અનોખી સેવા ડોક્ટર કરે છે. આજના યુગમાં મેડિકલ સાયન્સ એ કરેલ પ્રગતિને કારણે વિદેશીઓ પણ કરાવે છે આપણાં દેશમાં સર્જરી.રોગ નિવારણ, નિદાન, સારવાર અને તેના મહત્વ વિશે પ્રજાને જાગૃત કરે છે. ડોક્ટર એ વ્યવસાય નથી પણ સેવા ક્ષેત્ર છે. આજે રાષ્ટ્રીય ડોક્ટર દિવસ છે . વિશ્વના વિવિધ દેશોમાં અલગ- અલગ તારીખનાં રોજ ડોક્ટર દિવસની ઉજવણી કરાઈ છે, જેમાં અમેરિકામાં ૩૦ માર્ચ બ્રાઝિલમાં પહેલી ઓક્ટોબરે આ દિવસ ઉજવાય છે. કોરોના મહામારી વખતે પોતાના જીવની પરવા કર્યા વગર લાખો લોકોના જીવ બચાવ્યા એ વ્યક્તિ ડોક્ટર જ હતા. જેવી રીતે 'વેલ્થ' બેંક છે, તેમ 'હેલ્થ' માટે ડોક્ટર છે . ડોક્ટર જન્મ આપે છે, તો મોતના મુખમાંથી પણ ડોક્ટર જ બચાવે છે. આ વર્ષની થીમ માસ્ક પાછળ : સંભાળ રાખનારાઓની સંભાળ'' છે. જે ડોક્ટરની કરુણા અને સમર્પણ સેવા પર ભાર મૂકે છે. તબીબોના અથાગ પ્રયત્નોને જાહેર આરોગ્ય અને સુખાકારી માટે મહત્વના કામ કરે છે. રાઉન્ડ ધ ક્લોક દર્દીની સેવા કરનાર તબીબની સંભાળ કોણ રાખે છે ? તે પણ આ વર્ષની થીમમાં વાત કરી છે, તેમને પણ થાક અને તણાવ આવતા જ હોય છે, પણ કરુણા પૂર્ણ સહાય પ્રણાલી માટે તેઓ સખત મહેનત કરીને દર્દીઓનું જીવન બચાવવાની સાથે સ્વાસ્થ્ય સુધારવાનું પણ કાર્ય કરે છે.

પૃથ્વી પર વસતા દરેક માનવી માટે શિક્ષક અને ડોક્ટરનું અનેરૂ સ્થાન તેના જીવનમાં રહેલું છે. આપણાં પરિવારના સભ્યો માટે નાની મોટી માંદગીમાં ઘરના સભ્ય સમા ફેમિલી ડોક્ટરનું વિશેષ મહત્વ હોય છે. ડોક્ટરનો હસતો ચહેરો મોટા ભાગના દર્દો દૂર કરી દે છે. તેની સમજાવવાની શૈલી, માર્ગદર્શન આપણને મોટા રોગોની તકલીફથી બચાવે છે. આજે રાષ્ટ્રીય ડોક્ટર દિવસ છે. ત્યારે સમગ્ર દેશમાં તેની અનેરી સેવાને સન્માન આપવા વિવિધ કાર્યક્રમો યોજાય છે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના નેજા તળે પણ વિવિધ આયોજન યોજાય છે. આજના દિવસે ડોક્ટર અને મેડિકલ વ્યવસાય સાથે સંકળાયેલા તમામ સ્ટાફને કરોડો સલામ છે. આ દિવસની ઉજવણીનો હેતુ લોકોને ડોક્ટરોના યોગદાન અને તેમના કાર્ય વિશે જાગૃત કરવાનો છે. જેઓ પોતાના સુખ-દુઃખનું બલિદાન આપીને દર્દીઓ માટે જીવે છે. તેઓ સમાજને રોગમુક્ત રાખવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. તેથી આ દિવસની ઉજવણીનો હેતુ તેમના યોગદાનની ઉજવણી કરવાનો છે. કોવિડ સંક્રમણ દરમિયાન તે ડોક્ટરો હતા જેઓ તેમના જીવની પરવા કર્યા વિના સતત કલાકો સુધી ફરજ બજાવી રહ્યા હતા. ઘણા ડોક્ટરોએ પણ જીવ ગુમાવ્યા હતા. આ દિવસે આ ડોક્ટરોના બલિદાનને પણ યાદ કરવામાં આવે છે. જોખમી સ્થિતિમાં દિવસ-રાત એક કરીને તેમની મહેનતને કારણે લાખો લોકોના જીવ બચ્યા હતા. હોસ્પિટલ સ્ટાફ અને તબિબનો સફેદ કલર જ આપણને દર્દમાં મુક્તિ અને શાંતી આપે છે. રાષ્ટ્રીય ડોક્ટર દિવસ એ સફેદ રંગના વાસ્તવિકતા જીવનના હીરોને સમર્પિત દિવસ છે. વ્હાઈટ કોટમાં આ હિરોનું દરેકના જીવનમાં મહત્વ છે. આપણા જીવન મરણ વચ્ચેની યાત્રામાં આ ડોક્ટર જ આપણને જીવાડે છે કે રોગોમાથી બચાવે છે. બંગાળના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન ડો.બી.સી.રોયની માનવતાની સેવામાં આપેલ તેમના યોગદાનને સ્વીકારવા ૧૯૯૧ થી આજનો દિવસ ઉજવવામાં આવે છે. આજના દિવસે તેની જન્મ અને મૃત્યુની તીથી બન્ને સાથે આવે છે. આ દિવસે દર વર્ષે તેમના નિસ્વાર્થ કાર્યો માટે આ ક્ષેત્રના અન્ય ડોક્ટરોનું પણ સન્માન કરવા માટે ડોક્ટર દિવસ ઉજવવામાં આવે છે. અમેરિકામાં ૩૦ માર્ચે તો ક્યુબા જેવા નાના દેશમાં ૩ ડિસેમ્બરે આ દિવસ ઉજવાય છે. ડોક્ટર એ દર્દીઓ માટે જીવન કે મૃત્યું વચ્ચે નિર્ણયો લેવાની સૌથી પડકારજનક વ્યવસાયોમાંનો એક છે. દેશના મહાન તબીબ ડો.બી.સી.રોયને બ્રિટીશ મેડીકલ જર્નલ ભારતના એવા પ્રથમ મેડીકલ કન્સલ્ટન્ટ તરીકે ઓળખાય છે કે જેને અનેક ક્ષેત્રોમાં તેમનાં સમકાલીન તબીબો કરતાં વધુ સફળતા અને સમર્પણ કરેલ હતું.



દર્દીઓને તેમની સુખાકારી અને પીડામાંથી રાહત આપવાની અનોખી સેવા ડોક્ટરો કરી રહ્યા છે. આજના યુગમાં મેડીકલ સાયન્સની પ્રગતિ અને અદ્યતન સાધનો, ટ્રીટમેન્ટ, ટેસ્ટીંગ વગેરે સુવિધાને કારણે લોકોનું આયુષ્ય વધ્યું છે. જેને માટે ડોક્ટરોની ભૂમિકા અહંમ છે. આજે તો શરીરના તમામ અંગો જેવા કે હૃદય, બ્રેઈન, આંખ, કીડની, હાડકા વગેરેનાં નિષ્ણાંત તબીબો ઉપલબ્ધ છે. સમગ્ર દિવસ દરમ્યાન સતત કાર્ય માટે તેમનો અમુલ્ય સમય, કૌટુંબિક સમય અને પરિવારનો આનંદ ગુમાવીને પણ તેના દર્દીની સેવા તેના માટે પ્રથમ કરી હોય છે. આજના ગતિશીલ યુગમાં મેડીકલ સાયન્સની સાથે ડોક્ટરે કાયમ માટે અપડેટ રહેવું પડે છે. તેમનો વ્યવસાય સેવા વ્યવસાય સાથે જોડાયેલો છે. સમાજમાં તેમના પુષ્કળ યોગદાન માટે ડોક્ટરો પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવવાનો આ રાષ્ટ્રીય દિવસ છે. ડોક્ટરો તારણહાર છે, તેથી ઘણા તેમને તેમના ઉમદા કાર્યો માટે ભગવાનનો દરજ્જો આપે છે. આપણાં સમાજમાં ડોક્ટરની મહત્વની ભૂમિકા રહેલી હોય છે. તેઓ બિમારી અથવા અન્ય કોઈપણ આરોગ્યની સ્થિતિઓમાંથી ઝડપી પુનઃપ્રાપ્તિ સાથે દર્દીઓની સારવાર અને મદદ કરવા તેમનું જીવન અર્પણ કરે છે. ડોક્ટરો આપણાં જીવનને વધુ સારી રીતે જીવવામાં મદદ કરે છે. દેશના મહાન તબીબ ડો.બી.સી.રોયને બ્રિટીશ મેડીકલ જર્નલ ભારતના એવા પ્રથમ મેડીકલ કન્સલ્ટન્ટ તરીકે ઓળખાય છે કે જેને અનેક ક્ષેત્રોમાં તેમનાં સમકાલીન તબીબો કરતાં વધુ સફળતા અને સમર્પણ કરેલ હતું. રોગ નિવારણ, નિદાન, સારવાર અને તેના મહત્વ વિશે પ્રજાને જાગૃત કરે છે. આજના દિવસે વર્ષોથી સરકારી અને બિનસરકારી આરોગ્ય સંભાળ સંસ્થાઓ ડોક્ટરના યોગદાનને સન્માન આપીને આ દિવસ ઉજવે છે. આજના દિવસે તબીબો પણ લોકોને ગુણવત્તાયુક્ત તબિબી સેવા વિનામૂલ્યે મળે તેવા સંદેશ સાથે વિનામૂલ્યે મેડીકલ કેમ્પનું આયોજન કરે છે. રોગ નિવારણ, નિદાન, સારવાર અને તેના મહત્વ વિશે પ્રજાને જાગૃત કરે છે. ગરીબ, વૃદ્ધોની આરોગ્ય સારવાર, પરામર્શ સાથે આરોગ્ય પોષણની શિબિરો પણ યોજવામાં આવે છે. ૧૯૨૮માં સ્થપાયેલ ઓલ ઈન્ડિયા મેડિકલ એસોસિએશન -૧૯૩૦ માં ઈન્ડિયન મેડીકલ એસોસિએશન (IMA) બન્યું હતું.

### નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

### વિદેશીઓ પણ કરાવે છે, આપણાં દેશમાં સર્જરી

ડોક્ટરનો વ્યવસાય તેમના દર્દીઓને તેમની સુખાકારી અને પીડામાંથી રાહત આપવાની અનેરી સેવા છે. કોરોના કાળમાં દરેકના જીવનના વાસ્તવિક જીવનના નાયકો બન્યા હતા. ભારતમાં આદીકાળથી સર્જરી, પ્લાસ્ટીક સર્જરી જેવી તમામ સર્જરી કરવામાં આવે છે. સુશ્રુત કે જેને ભારતીય ચિકિત્સાના 'શસ્ત્રક્રિયાના' સ્થાપક પિતા ગણવામાં આવે છે. આપણાં દેશમાં સૌથી કુશળ અને કાર્યક્ષમ ડોક્ટરો છે. જેમનું વિશ્વભરમાં નામ રહેલું છે. આજની આપણી મેડીકલ સુવિધાઓને લીધે વિદેશીઓ પણ સર્જરી કે ટ્રીટમેન્ટ માટે ભારતમાં આવે છે.

### ડોક્ટરએ વ્યવસાય નથી પણ સેવા ક્ષેત્ર છે

શિક્ષક અને ડોક્ટર આ બન્ને વ્યક્તિ દરેકના જીવનમાં અગત્યનું સ્થાન ધરાવે છે. તેજ આપણને જીવન જીવવાની પધ્ધતિ શીખવે છે. ડોક્ટરએ આપણો એવો સાથીદાર છે જે જન્મ અને મૃત્યુ સાથે જીવનની બધી શારીરીક મુશ્કેલીમાં સાથ આપે છે. પરિવારની સંભાળ લે છે એટલે જ તેને ફેમીલી ડોક્ટર કહેવાય છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના આજના યુગમાં તેને ભગવાનના દરજ્જો મળ્યો છે. આ એક જ વ્યક્તિ એવી છે જેને આપણે મન મોકળું કરીને છૂટથી વાત કરીએ છીએ. આપણને આપણા ડોક્ટર ઉપર વિશ્વાસ અને શ્રધ્ધા હોય છે. તેથી આપણે તેની સલાહ લઈએ છીએ કે માનીએ છીએ. ડોક્ટરના ભરોસા ઉપર જ આપણે દર્દીમાંથી મુક્તિ મેળવીને દોડતા થઈએ છીએ. ડોક્ટર જ કોઈ વ્યક્તિને નવો જન્મ આપે છે અને તેને મૃત્યુના મુખમાંથી પણ તે જ બચાવે છે. આપણા પરિવારની સંભાળ લે છે એટલે જ તેને ફેમિલી ડોક્ટર કહેવાય છે.

**આજનો દિવસ ડોક્ટરો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવી અને તેની મહેનત, બલિદાન અને સમર્પણને બિરદાવવાનો અવસર છે: આપણા દેશમાં ૧૯૯૧થી ડો. બિધાનચંદ્ર રોયની યાદમાં આ દિવસ ઉજવાય છે: આ વર્ષની ઉજવણી થીમ પણ ડોક્ટરનું સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવાની વાત કરે છે**

# કેન્દ્ર-રાજ્ય સરકાર દ્વારા જુલાઈની ડેન્ગ્યૂ વિરોધી માસ તરીકે ઉજવણી કરાશે

## ડેન્ગ્યુ ફેલાવતો એડીસ ઈજિપ્તી મચ્છર માત્ર દિવસ દરમિયાન કરડે છે

**અબતક, રાજકોટ**

સામાન્ય રીતે ચોમાસાની ઋતુમાં જુલાઈથી ઓક્ટોબર માસ દરમિયાન ડેન્ગ્યુના કેસોમાં ખૂબ વધારો જોવા મળે છે, જેથી દર વર્ષે કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત ઉપક્રમે દેશભરમાં જુલાઈ માસ 'ડેન્ગ્યુ વિરોધી માસ' તરીકે ઉજવવામાં આવે છે.

ચોમાસાની ઋતુ દરમિયાન મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા તેમજ વાહકજન્ય રોગના અસરકારક નિયંત્રણ માટે આરોગ્ય વિભાગ દ્વારા જૂન માસમાં રાજ્યના તમામ જિલ્લાઓ અને મહાનગરપાલિકાઓમાં 'હાઉસ ટુ હાઉસ' અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતું. આ અભિયાન અંતર્ગત રાજ્યભરમાં કુલ ૨૦ હજાર કરતાં વધુ આરોગ્ય ટીમો દ્વારા ૧.૪૮ કરોડ કરતાં વધુ ઘરોની પ્રત્યક્ષ તપાસ કરવામાં આવી હતી. જે પૈકી ૧.૭૫ લાખ જેટલા ઘરોમાં મચ્છરના પોરા જોવા મળ્યા હતા, જેનો સ્થળ ઉપર જ નાશ કરવામાં આવ્યો હતો. વધુમાં ૫.૧૧ કરોડ કરતાં વધુ જગ્યાએ સંભવિત મચ્છર ઉત્પત્તિના સ્થાનો જણાતા તેમનો પણ નાશ કરવામાં આવ્યો હતો. આ તપાસ દરમિયાન અંદાજે ૩.૬૩ લાખ કરતાં વધુ તાવના દર્દીઓ મળી આવતાં તેમના લોહીના નમૂના લઈને તપાસ અર્થે મોકલી આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત મચ્છર ઉત્પત્તિ ન થાય તથા મચ્છરજન્ય રોગોથી કેવી રીતે બચવું તેના માટે પૂરતી સમજ નાગરિકોને આપવામાં આવી હતી. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રાજ્યમાં જનજાગૃતિ કેળવી જનસમુદાયની સક્રિય ભાગીદારી થકી આ વાહકજન્ય રોગોના નિયંત્રણ માટે અનેક મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવી રહ્યા છે.

ડેન્ગ્યુએ અર્બોવાયરસથી થતો અને એડીસ ઈજિપ્તી મચ્છર દ્વારા ફેલાતો રોગ છે. દિવસ દરમિયાન કરડતો આ મચ્છર એક ચમચી જેટલા સંગ્રહ થયેલ સ્વચ્છ પાણીમાં પણ ઈંડા મૂકી શકે છે. તેથી ફૂલદાની, કુંડા, પક્ષીકુંજ તથા પાણી સંગ્રહના તમામ પાત્રોની નિયમિત સફાઈ કરવી જોઈએ તેમજ પાણી સંગ્રહના પાત્રો હવાચુસ્ત ઢાંકણથી ઢાંકીને રાખવા જોઈએ. આ ઉપરાંત ઘર, અગાસી અને ઘરની આસપાસ પડી રહેલા નકામા ખાલી પાત્રો, ભંગાર, ટાયર, નાળિયેરની કાચલી વગેરેનો સત્વરે નાશ કરવો જોઈએ.

મચ્છરોના ડંખથી બચવા આખી બાંયનાં કપડાં પહેરવાં તથા શરીરના ખુલ્લા ભાગ પર મચ્છર વિરોધી ક્રીમનો ઉપયોગ કરવો, સુતી વખતે જંતુનાશક દવાયુકત મચ્છરદાનીનો ઉપયોગ કરવો, બારી બારણામાં મચ્છરજાળી લગાવવી તેમજ સખત તાવ, આંખોના ડોળાની પાછળ દુખાવો, સ્નાયુ-સાંધાનો દુખાવો અને શરીર પર ચકામા કે ઓરી જેવા દાણા દેખાય તો તુરંત નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવો. ડેન્ગ્યુ અને ચિકનગુનિયાની કોઈ ખાસ દવા ઉપલબ્ધ નથી, જેથી ડોક્ટરના માર્ગદર્શન વગર દવાઓ લેવી નહીં તેમજ આવા દર્દીએ સારવાર માટે એસ્પિરિન દવાનો ઉપયોગ કરવો નહીં. આ ઉપરાંત તાવ દરમિયાન પુષ્કળ પ્રવાહી લેવા તેમજ સંપૂર્ણ આરામ કરવા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની યાદીમાં જણાવ્યું છે.

# જૂનાગઢમાં મોહરમના શહીદ પર્વ નિમિત્તે આવતીકાલે બહેનોમાં મહેંદીની રસમ: ગુરૂવારે અલમ શરીફનું જુલુસ

## દસ દિવસના શહીદ પર્વની કોમી એખલાસના વાતાવરણ સાથે ઉજવણી અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન

**અબતક, જુનાગઢ**

ઈસલામ ના પેગંબર હઝરત મહમદ સાહેબ ના નવાસા હજરત ઈમામ હુસેન અને તેમના ૭૨સાથીદારોની માનવતા કાજે અપાયેલ શહીદી ની અમર યાદમાં મનાવવામાં આવતા મોહરમના તહેવારો જુનાગઢ સહિત સમગ્ર દેશમાં ભાવભર મનાવવામાં આવી રહ્યા છે.

જૂનાગઢમાં મોહરમના તહેવારો વિશિષ્ઠ રીતે મનાવવા ની પરંપરા છે. મોહરમની પહેલી તારીખથી શહેરના અલગ અલગ વિસ્તારોમાં ભાઈઓ અને બહેનોમાં કરબલાના શહીદોની યાદમાં વાએજ, મજલીસ, ન્યાજ માતમ અને ચોકારાં ના આયોજનો થયા છે આવતીકાલે તારીખ ૬ મોહરમ બુધવારે સાંજે ૪વાગે ગિરનાર રોડ પર આવેલ હુસૈન મંજિલ માં પરંપરાગત રીતે બહેનોમાં હજરત કાસીમ ની મહેંદી ની રસમ અદા કરવામાં આવશે જેમાં હિંદુ મુસ્લિમ બહેનો પોતાની મન્નત માનશે એવી આસ્થા છે કે મહેંદીમાં માનવામાં આવેલી માનતા આવતા વર્ષ સુધીમાં અવશ્ય પૂરી થઈ જાય છે, બીજા દિવસે સાત તારીખે ગુરુવારે હુસેન મંજિલ ખાતેથી કરબલાના શહીદોને યાદમાં અલમ શરીફ નું ઝુલુસ સાંજે છ વાગ્યા બાદ શરૂ થશે અને શહેરના રાજમાર્ગો પર મોડી રાત સુધી ફરશે,

જુનાગઢમાં અલમ શરીફ ના ઝુલુસ થી મોહરમના ઝુલુસ નો પ્રારંભ થાય છે ત્યારબાદ મોહરમ નીલ તારીખ ચાંદીની સેજ અને તાજીયા ૫ડ માં આવશે અને ૧૦તારીખે દફન માટે કરબલા તરફ જુલુસ લઈ જવાશે. આવતીકાલે હુસેન મંજિલ ખાતે મહેંદી અને સાત તારીખે ગુરુવારે અલમ શરીફના જુલુસમાં શરીક થવા હિન્દુ મુસ્લિમ એકીદત મંદો ને સૈયદ મુજતબા બાપુ રજવી એ અનુરોધ કર્યો છે

### કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૧-૦૭-૨૦૨૫ મંગળવાર**

૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (ઓલ ધ બેસ્ટ પંડ્યા)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ધાન શાક)
૦૩:૩૦ થી ૦૪:૦૦ સ્પે.સ્ટોરી (ડોક્ટર ડે. સ્ટોરી)
૦૪:૦૦ થી ૦૫:૦૦ ચાય પે ચર્ચા (ઈંટ્રાક્ષ ચાય પે ચર્ચા)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (સુંદર બે બાયડીવાળો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેંડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૨-૦૭-૨૦૨૫ બુધવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવકથા (પૂ.ગીરી બાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

### અબતક પંચાગ

**તા.૨-૭-૨૦૨૫ બુધવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૧ **શાલીવાહન શકિ**: ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** અષાઢ શુદ સાતમ
**નક્ષત્ર** ઉત્તરા ફાલ્ગુની
**યોગ** વરિયાન **કરણઃ** વિષ્ટિ
**સુર્યોદય** ૬.૦૮ **સુર્યાસ્તઃ** ૭.૩૪
**ચંદ્ર રાશી** કન્યા
**રાશિ અક્ષર** પ.ઠ.ણ
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧૨ થી ૧.૩૦
**દિવસનાચોઘડીયા** લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ
**રાત્રીનાચોઘડીયા** ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૩ થી ૧.૧૭

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

### સૂડોકુ -૩૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | | | | ૩ | | | ૭ |
| | | | | ૧ | | | ૮ | |
| | | | ૯ | | | | | |
| | | ૯ | | | | | ૧ | |
| | | ૨ | ૫ | | ૯ | ૮ | | |
| ૬ | | | | ૪ | | ૩ | | |
| | | | | | ૨ | ૫ | ૭ | |
| ૩ | ૬ | | | | ૧ | | | |
| | ૪ | | | | | ૯ | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૩૭ ઉકેલ


| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૧ | ૮ | ૫ | ૭ | ૩ | ૯ | ૪ | ૬ |
| ૯ | ૬ | ૭ | ૮ | ૪ | ૧ | ૫ | ૨ | ૩ |
| ૪ | ૩ | ૫ | ૯ | ૬ | ૨ | ૭ | ૧ | ૮ |
| ૭ | ૧ | ૬ | ૬ | ૩ | ૫ | ૨ | ૮ | ૪ |
| ૮ | ૪ | ૩ | ૧ | ૨ | ૯ | ૬ | ૫ | ૭ |
| ૫ | ૨ | ૬ | ૭ | ૮ | ૪ | ૧ | ૩ | ૯ |
| ૧ | ૮ | ૯ | ૩ | ૫ | ૭ | ૪ | ૬ | ૨ |
| ૬ | ૭ | ૪ | ૨ | ૧ | ૮ | ૩ | ૯ | ૫ |
| ૩ | ૫ | ૨ | ૪ | ૯ | ૬ | ૮ | ૭ | ૧ |

# આવતીકાલનું રાશિફળ

**તા.૨.૭.૨૦૨૫, બુધવાર, સંવંત ૨૦૮૧, આષાઢ સુદ સાતમ, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, વરિયાન યોગ, વિષ્ટિ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કન્યા (પ,ઠ,ણ) રહેશે**

**મેષ (અ,લ,ઈ)** : તબિયતની કાળજી લેવી, ખાવા પીવામાં ખ્યાલ રાખવો, વધુ પડતી દોડધામ ટાળવા સલાહ છે.
**વૃષભ (બ,વ,ઉ)** : સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ગમતી વ્યક્તિથી મુલાકાત થાય.
**મિથુન (ક,છ,ઘ)** : તમામ ભૌતિક સુખ સગવડ આપતો દિવસ, પ્રગતિ થાય, આજ દિવસે યોગ્ય નિર્ણય કરી શકો.
**કર્ક (ડ,હ)** : સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, મિત્રોની મદદ મળી રહે.
**સિંહ (મ,ટ)** : તમારા યોગ્ય વાણી-વર્તનથી અટકલેલાં કાર્ય પૂર્ણ કરી શકો, સામી વ્યક્તિ પાસે થી કામ લઈ શકો, શુભ દિન.
**કન્યા (પ,ઠ,ણ)** : તમારા ક્ષેત્રમાં તમે આગળ વધી શકો, રચનાત્મક કામગીરી કરી શકો, તમારા કાર્યની સરાહના થાય.
**તુલા (ર,ત)** : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, કામ કાર્યનો સંતોષ પ્રાપ્ત થાય, યોગ્ય જગ્યા એ નાણાં રોકી શકો.
**વૃશ્ચિક (ન,ય)** : વેપારીવર્ગને મધ્યમ રહે, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક, તમારા હક માટે અવાજ ઉઠાવી શકો.
**ધન (ધ,ભ,ફ,ઢ)** : નોકરિયાતવર્ગને ઈચ્છીત કામગીરી મળે, વેપારીવર્ગને લાભ થાય, ધંધા રોજગારમાં સારું રહે, પ્રગતિ થાય.
**મકર (ખ,જ)** : ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હોય તેવું વાતાવરણ બને, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.
**કુંભ (ગ,સ,શ)** : ભ્રમની સ્થિતિઓમાંથી હવે બહાર આવવાની જરૂર છે, તમે સત્ય સ્વીકારી બુદ્ધિપુર્વક આગળ વધશો તો લાભ થશે.
**મીન (દ,ચ,ઝ,થ)** : આંતરિક જીવનમાં મધ્યમ રહે પણ જાહેરજીવનમાં સારું રહે, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

## જન્મલગ્ન કુંડળી જાતકના શરીર સાથે સંકળાયેલ છે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

અગાઉ લખ્યા મુજબ હાલના ગોચર મુજબ પથરીની બીમારી વિશેષ જોવા મળી રહી છે અને તેને લગતા સમાચાર પણ આવવા લાગ્યા છે.જ્યોતિષશાસ્ત્રમાં જન્મલગ્ન કુંડળી જાતકના શરીર સાથે સંકળાયેલ છે. લગ્નકુંડળીના પ્રથમ ભાવથી મસ્તકથી લઈ બારમા ભાવમાં પગ જોવામાં આવે છે. આ ઉપરથી જાતકને થનારી બીમારી અને તેના શરીરના અલગ અલગ ભાગોનું અધ્યયન કરી શકાય છે. મારા વર્ષોના અનુભવમાં મેં જોયું છે કે જે સ્થાન પર ક્રૂર ગ્રહોનો પ્રભાવ હોય તેને લગતા શરીરના અંગમાં નાની મોટી તકલીફ ઉભી થતી હોય છે જેમકે અગિયારમા બારમા ભાવમાં ક્રૂર ગ્રહોનો પ્રભાવ પગને લગતી તકલીફો દર્શાવે છે તો ચોથા ભાવમાં ક્રૂર ગ્રહોનો પ્રભાવ હૃદય વિષે વિશેષ કાળજી લેવાનું સૂચન કરે છે જયારે પ્રથમ ભાવમાં વિશેષ ક્રૂર ગ્રહોથી મસ્તકને લગતી તકલીફો જોવા મળે છે. લગ્ન કુંડળી દેહ દર્શાવે છે અને શરીરના સાતે ચક્ર એટલે કે કેદ્ર પણ નિદર્શિત કરે છે જયારે કોઈ ચક્ર નબળું પડતું હોય તો તે સ્થાનથી નિદાન કરી તેને લગતા ઉપાય યોજવાથી શારીરિક પીડાથી બચી શકાય છે અને તે અંગે ની પરેજી રાખવી જોઈએ જેમકે એક મિત્રને ચોથે કેતુ હોવાથી મેં કોલેસ્ટ્રોલ બાબતે વધુ સાવચેત રહેવા જણાવેલું અને તેમને એ પછી કોલેસ્ટ્રોલ લેવલ વધુ હોય વોકિંગ અને અન્ય ખાવાપીવાની પરેજી રાખવાની મેડિકલ સલાહ મળી સાથે અત્રે થી તેને લગતા ચક્ર સાધનાના ઉપાય જણાવ્યા ત્યારબાદ કોલેસ્ટ્રોલ કંટ્રોલ થયેલું એ જ રીતે બીજા સ્થાનમાં ક્રૂર ગ્રહો હોય ત્યારે દાંત અને જડબા બાબતે વિશેષ કાળજી લેવી જોઈએ અને તમાકુનું સેવન ના કરવું જોઈએ આ રીતે જન્મલગ્ન કુંડળી શારીરિક બાબતોમાં અગાઉ થી પરેજી રાખી ચક્ર સાધના દ્વારા સહાય કરતી જોવા મળે છે.

# વાહ રે આઈવીએફ : બીજ થકી બાળકના દેખાવ કલર અને રોગ સહિતની માહિતી માતા-પિતાને મળશે!

- નવી આઈવીએફ ટેકનોલોજી માતાપિતા તેમનું બાળક કેવું દેખાશે તે ગર્ભ પહેલા જ પસંદ કરી શકશે
- નવી ટેકનોલોજી દ્વારા આઈવીએફ ક્લિનિક્સમાં જેનું ૯૦૦ થી વધુ આનુવંશિક વિશ્લેષણ કરી ૨૦ જેટલી ગર્ભ ડીએનએ ફાઈલો અપલોડ કરાશે

**અબતક, રાજકોટ**

માતૃત્વનો અનુભવ એ અનેક સ્ત્રીઓ માટે જીવન બદલી નાખનારી એક અનોખી લાગણી છે, પરંતુ શારીરિક કે સ્વાસ્થ્ય સંબંધી કારણોસર ઘણી સ્ત્રીઓ આ અનુભવ કરી શકતી નથી. ૧૯૭૦ના દાયકાના અંતમાં શોધાયેલી ઈન-વિટ્રો ફર્ટિલાઈઝેશન (આઈવીએફ) ટેકનોલોજી, જેને ''ટેસ્ટ-ટ્યુબ બેબી'' તરીકે પણ ઓળખવામાં આવે છે. પ્રથમ આઈવીએફ બાળક, લુઈસ બ્રાઉનનો જન્મ ૧૯૭૮માં થયો હતો, અને ત્યારથી આ ટેકનોલોજી લાખો પરિવારો માટે સંતાનપ્રાપ્તિનો માર્ગ બની છે. પરંપરાગત આઈવીએફ પ્રક્રિયામાં પ્રયોગશાળામાં શુક્રાણુ સાથે ઈંડાનું ગર્ભાધાન કરીને ગર્ભને સ્ત્રીના ગર્ભાશયમાં સ્થાનાંતરિત કરવામાં આવે છે.

તાજેતરમાં, અમેરિકાની કંપની ન્યુક્લિયસ જીનોમિક્સ દ્વારા ''ન્યુક્લિયસ એમ્બ્રીયો'' નામનું વિશ્વનું પ્રથમ આનુવંશિક ઑપ્ટિમાઈઝેશન સોફ્ટવેર રજૂ કરવામાં આવ્યું છે. આ અદ્યતન સોફ્ટવેર આઈવીએફ કરાવતા માતાપિતાને તેમના દરેક ગર્ભની સંપૂર્ણ આનુવંશિક પ્રોફાઈલ જોવામાં અને સમજવામાં મદદ કરે છે. કંપનીના જણાવ્યા અનુસાર, આ ટેકનોલોજી ૯૦૦ જેટલી સ્વાસ્થ્ય સ્થિતિઓ, જેમ કે ડાયાબિટીસ, કેન્સર અને હૃદય રોગ, માટે ગર્ભના આનુવંશિક મેકઅપનું વિશ્લેષણ કરી શકે છે. આનાથી માતાપિતા સૌથી ઓછા જોખમવાળા ગર્ભની પસંદગી કરીને પોતાના બાળકનું દીર્ઘાયુષ્ય અને સ્વાસ્થ્ય સુનિશ્ચિત કરી શકે છે, જે બાળકોને જન્મ પહેલાં જ ''જીવનમાં શ્રેષ્ઠ શક્ય શરૂઆત'' આપવાનો દાવો કરે છે.

આ પ્રક્રિયામાં, સંભવિત માતાપિતા તેમના આઈવીએફ ક્લિનિક્સમાંથી ૨૦ જેટલી ગર્ભ ઉગઅ ફાઈલો અપલોડ કરી શકે છે. આ વિશ્લેષણમાં માત્ર સ્વાસ્થ્ય સ્થિતિઓ જ નહીં, પરંતુ જ્ઞાનાત્મક ક્ષમતા, ડિપ્રેશન અને ચિંતા જેવા માનસિક સ્વાસ્થ્ય જોખમો, બીએમઆઈ અને આઈક્યું-સંબંધિત માર્કર્સનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત, ડેમો ચિત્રો દર્શાવે છે કે માતાપિતા બાળકની આંખ અને વાળનો રંગ પણ પસંદ કરી શકશે.

જોકે, આ ટેકનોલોજી સ્વાસ્થ્ય સુધારવાની સંભાવના ધરાવે છે, પરંતુ તે ગર્ભની પસંદગી અંગે ગંભીર નૈતિક ચિંતાઓ પણ ઊભી કરે છે. કંપનીના સ્થાપક માને છે કે આ પ્રેરણા ''લાંબુ, સ્વસ્થ જીવન જીવવા'' વિશે છે અને દીર્ઘાયુષ્ય ચળવળ દવાને લોકોના હાથમાં સોંપવા વિશે છે, જે બાળકોની પસંદગી જેવા ''સૌથી ઘનિષ્ઠ, વ્યકિતગત, ભાવનાત્મક, સંવેદનશીલ નિર્ણય'' પર પણ લાગુ પડવું જોઈએ.



અબતક વિશેષ
રીપોર્ટરઃ- પૂર્ણા સંઘાણી
કેમેરામેનઃ- હર્ષ ઝીંઝુવાડીયા
અમીત મકવાણા

## ગર્ભધારણમાં મુશ્કેલી અનુભવતી સ્ત્રીઓ માટે એક ''આશા'' એટલે આઈવીએફઃ ડો. દીપા મણિયાર



અબતક સાથેની વાતચીતમાં, ૨૯ વર્ષથી કાર્યરત મંગલમ હોસ્પીટલના ગાયનેકોલોજિસ્ટ ડો. દીપા મણિયારે ગર્ભ સંસ્કારના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે સમજાવ્યું કે ગર્ભાવસ્થા દરમિયાન માતાના સકારાત્મક વિચારો, શિક્ષણ, સારું વાંચન, સંગીત અને આધ્યાત્મિક વાતાવરણ બાળકના માનસિક અને ભાવનાત્મક વિકાસ તેમજ ભવિષ્યના વ્યક્તિત્વને આકાર આપવામાં મદદ કરે છે. આ ઉપરાંત, ડો. મણિયારે આઈવીએફ (ઈન વિટ્રો ફર્ટિલાઈઝેશન) ને ગર્ભધારણમાં મુશ્કેલી અનુભવતી સ્ત્રીઓ માટે એક આશાસ્પદ તકનીક ગણાવી હતી. તેમણે સ્પષ્ટ કર્યું કે ફેલોપિયન ટ્યુબની સમસ્યાઓ, ઓવ્યુલેશનની તકલીફો, એન્ડોમેટ્રિઓસિસ, પુરુષ શુક્રાણુ સંબંધિત સમસ્યાઓ, કે વધતી ઉંમર જેવા કિસ્સાઓમાં જ્યારે કુદરતી ગર્ભ રહેવાની શક્યતા ઓછી હોય અથવા અન્ય પ્રજનન સારવારો નિષ્ફળ ગઈ હોય, ત્યારે આઈવીએફ એક અસરકારક વિકલ્પ બની રહે છે.

ડો. મણિયારે ''ડિઝાઈનર બેબી કોન્સેપ્ટ'' તરીકે ઓળખાતા જેનેટિક ઑપ્ટિમાઈઝેશન સોફ્ટવેર, ''ન્યુક્લિયસ એમ્બ્રીયો'' વિશે પણ વિગતવાર માહિતી આપી. તેમણે આ સોફ્ટવેરને આઈવીએફ પ્રક્રિયામાં ક્રાંતિકારી ગણાવ્યું, જે ભ્રૂણના ઉગઅ નમૂનાઓનું વિશ્લેષણ કરીને ૯૦૦ થી વધુ આનુવંશિક પરિસ્થિતિઓ અને ભૌતિક લક્ષણો માટે વિગતવાર રિપોર્ટ પ્રદાન કરે છે. આનાથી માતા-પિતા સૌથી ઓછા જોખમવાળા અને ઈચ્છિત લક્ષણો ધરાવતા ભ્રૂણને પસંદ કરી શકે છે, જેનાથી તંદુરસ્ત ગર્ભાવસ્થા અને બાળકના જન્મની શક્યતાઓ વધે છે. તેમણે આ ટેકનોલોજીની ૧૦૦% વિશ્વસનીયતા પર ભાર મૂક્યો હતો, જોકે, આઈવીએફ પ્રક્રિયામાં માતાને અપાતા ઈન્જેક્શનથી બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને કોલેસ્ટ્રોલ જેવા રોગો થવાની શક્યતા પણ તેમણે દર્શાવી. ડો. મણિયારે ૩૦-૩૫ વર્ષ પછી સ્ત્રીના બીજ ઓછા ફળદ્રુપ બનતા હોવાથી વહેલી તકે આઈવીએફ કરાવી લેવાની સલાહ આપી હતી અને ભારતમાં ૫૦ વર્ષથી મોટી ઉંમરની સ્ત્રીઓ તેમજ પતિ-પત્ની બંનેની ઉંમરનો સરવાળો ૯૦ વર્ષથી ઉપર હોય તેવા યુગલો માટે આઈવીએફ પર સરકારી પ્રતિબંધ વિશે પણ માહિતી આપી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આ ટેકનોલોજી સ્વસ્થ બાળક મેળવવામાં મદદરૂપ થઈ શકે છે, પરંતુ તેના દુરુપયોગને અટકાવવા માટે સરકાર દ્વારા યોગ્ય નીતિઓ બનાવવી જરૂરી છે.

## આનુવંશિક ઓપ્ટિમાઈઝેશન ટેક્નોલોજી હજુ એટલી વિશ્વસનીય નથીઃ ડો. રમેશ કછટીયા



અબતક સાથેની વાતચીતમાં આઠ વર્ષથી કાર્યરત બ્લીસ આઈવીએફના ડો. રમેશ કછટીયા એ જણાવ્યું હતું કે, આઈવીએફ (ઈન વિટ્રો ફર્ટિલાઈઝેશન) એ એક તબીબી પ્રક્રિયા છે જેમાં શરીરની બહાર ભ્રૂણ બનાવીને તેને સ્ત્રીના ગર્ભમાં પ્રત્યારોપણ કરવામાં આવે છે. ડો. કછેટીયાના મતે, આ પ્રક્રિયા એવા યુગલો માટે અત્યંત લાભદાયી છે જેઓ લગ્નના ઘણા વર્ષો પછી પણ કુદરતી રીતે ગર્ભધારણ કરી શક્યા નથી, જેમણે IUI (ઈન્ટ્રાઉટેરિન ઈન્સેમિનેશન) જેવી અન્ય સારવારો લીધી હોય અને સફળતા ન મળી હોય, અથવા જેમનામાં ફેલોપિયન ટ્યુબ બંધ હોય કે પુરુષોમાં શુક્રાણુઓની સંખ્યા ઓછી હોય (બે મિલિયન પ્રતિ સ્તરથી ઓછી). તેમણે સ્પષ્ટ કર્યું કે દરેકને આઈવીએફ ની જરૂર નથી પડતી અને તેનો આશ્રય ત્યારે જ લેવાય છે જ્યારે અન્ય તમામ પ્રયાસો છતાં ગર્ભધારણ ન થાય. સ્ત્રીઓમાં ફેલોપિયન ટ્યુબ બંધ હોવી, ઓછા ઈંડા હોવા, અને પુરુષોમાં શુક્રાણુઓની અલ્પતા એ આઈવીએફ કરાવવાના મુખ્ય કારણો છે. ડો. કછેટીયાએ ભારપૂર્વક જણાવ્યું કે આઈવીએફ દ્વારા જન્મેલા બાળકો અને સામાન્ય રીતે જન્મેલા બાળકોમાં કોઈ મોટો તફાવત હોતો નથી. જો આઈવીએફ પ્રક્રિયા યોગ્ય રીતે કરવામાં આવે તો સ્ત્રીના શરીરને કોઈ નુકસાન થતું નથી, અને ઉપયોગમાં લેવાતા હોર્મોન્સ કુદરતી હોર્મોન્સ જેવા જ હોય છે જેની લાંબા ગાળે કોઈ આડઅસર થતી નથી. આઈવીએફ પ્રેગ્નન્સી દરમિયાન પણ સ્ત્રીઓએ સામાન્ય આહાર લઈ શકે છે અને દૈનિક કાર્યો કરી શકે છે, ફક્ત ભારે કામ અને વજન ઉંચકવાથી બચવું જોઈએ.ડો. કછેટીયાના મતે, ભારતમાં આનુવંશિક ઓપ્ટિમાઈઝેશન અને 'ડિઝાઈનર બેબી' ને લગતી ટેક્નોલોજી હજુ એટલી વિકસિત કે વિશ્વસનીય નથી કે જેથી બાળકને કેન્સર નહીં થાય કે તે કેટલા વર્ષ જીવશે તેવી ભવિષ્યવાણી કરી શકાય. કુદરતી પ્રક્રિયાઓ પર નિયંત્રણ મેળવવું માનવજાતના હાથમાં નથી. જોકે, ભારતમાં પ્રિ-ઈમ્પ્લાન્ટેશન જેનેટિક ટેસ્ટિંગ (PGT-A અને PGT-S) જેવી પદ્ધતિઓ દ્વારા શ્રેષ્ઠ ભ્રૂણ પસંદ કરીને તંદુરસ્ત બાળક આવવાની શક્યતા વધારી શકાય છે. આ પદ્ધતિઓ બાળકના ભવિષ્યના રોગો કે જીવનકાળનું પૂર્વાનુમાન કરી શકતી નથી.તેમણે ચેતવણી આપી કે ઓપ્ટિમાઈઝેશનના અવાસ્તવિક દાવાઓ માનસિક તણાવ અને નિરાશા પેદા કરી શકે છે, કારણ કે બાળકના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર આનુવંશિકતા ઉપરાંત પર્યાવરણીય પરિબળો, જીવનશૈલી અને પોષણ પણ એટલા જ મહત્વપૂર્ણ છે. આઈવીએફનો સફળતા દર ભ્રૂણની ગુણવત્તા અને સ્ત્રીની ઉંમર પર આધાર રાખે છે; ૩૫ વર્ષથી ઓછી ઉંમરની સ્ત્રીઓમાં સફળતા દર ૮૦-૯૦% જેટલો હોય છે, જે ૩૫ વર્ષથી વધુ ઉંમરે ઘટીને ૪૦-૫૦% થઈ જાય છે. ડો. કછેટીયાએ ૫૦ વર્ષથી વધુ ઉંમરની સ્ત્રીઓને આઈવીએફ ન કરાવવાની સલાહ આપી છે.

## માતૃત્વઃ સ્ત્રીના જીવનની સૌથી સુંદર અને પવિત્ર યાત્રા

માતૃત્વ એ સ્ત્રીના જીવનની સૌથી સુંદર અને પવિત્ર યાત્રા છે. આ માત્ર એક શારીરિક પ્રક્રિયા નથી, પરંતુ એક ભાવનાત્મક અને આધ્યાત્મિક અનુભવ પણ છે. જ્યારે એક સ્ત્રી ગર્ભ ધારણ કરે છે, ત્યારે તે માત્ર એક નવા જીવને જન્મ આપતી નથી, પરંતુ પોતાનું જીવન પણ એક નવા દ્રષ્ટિકોણથી જીવવાનું શરૂ કરે છે. આ સમયે તેના શરીરમાં અને મનમાં અનેક ફેરફારો થાય છે, જે તેને માતૃત્વ માટે તૈયાર કરે છે. પ્રેગ્નન્સીનો સમયગાળો એ અપેક્ષા, આનંદ અને ક્યારેક થોડી ચિંતાઓથી ભરેલો હોય છે, પરંતુ આ સમગ્ર પ્રવાસ સ્ત્રીને અંદરથી વધુ મજબૂત અને સંવેદનશીલ બનાવે છે. પરિવાર અને જીવનસાથીનો સહયોગ આ યાત્રાને વધુ સુખદ બનાવે છે.

ગર્ભ સંસ્કાર એ ભારતીય સંસ્કૃતિનો એક અનમોલ વારસો છે, જે ગર્ભાવસ્થા દરમિયાન માતા દ્વારા કરવામાં આવતા સકારાત્મક કાર્યો અને વિચારો દ્વારા ગર્ભમાં રહેલા બાળકના માનસિક અને ભાવનાત્મક વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ એક વૈજ્ઞાનિક સત્ય પણ છે કે માતાના વિચારો, લાગણીઓ અને કાર્યોની અસર ગર્ભસ્થ શિશુ પર થાય છે. ગર્ભ સંસ્કારમાં ગર્ભવતી માતાને સકારાત્મક પુસ્તકો વાંચવા, સુખદ સંગીત સાંભળવા, ધ્યાન અને યોગ કરવા, પૌષ્ટિક આહાર લેવા અને સારા વિચારો રાખવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ પ્રક્રિયા દ્વારા, બાળક જન્મ પહેલાં જ સારા ગુણો, મૂલ્યો અને સકારાત્મક માનસિકતા કેળવી શકે છે, જે તેના ભવિષ્ય માટે પાયો નાખે છે.

આધુનિક વિજ્ઞાન પણ ગર્ભ સંસ્કારના મહત્વને સ્વીકારી રહ્યું છે. પ્રેગ્નન્સી દરમિયાન માતાનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય ગર્ભસ્થ શિશુના વિકાસ માટે અત્યંત મહત્વનું છે. નિયમિતપણે ડોકટરની સલાહ લેવી, પૌષ્ટિક આહાર લેવો, પૂરતી ઊંઘ લેવી અને તણાવમુક્ત રહેવું એ સ્વસ્થ ગર્ભાવસ્થા માટે અનિવાર્ય છે. ગર્ભ સંસ્કાર દ્વારા માતા અને બાળક વચ્ચે એક અતૂટ બંધન બંધાય છે, જે જન્મ પછી પણ કાયમ રહે છે. આ સમયગાળો માતા અને બાળકના જીવનમાં એક કાયમી છાપ છોડી જાય છે, જે તેમને જીવનભર યાદ રહે છે. માતૃત્વની આ દિવ્ય યાત્રાને ગર્ભ સંસ્કાર દ્વારા



વધુ સાર્થક અને સુખદ બનાવી શકાય છે.

## માતૃત્વનું સુખ દરેક સ્ત્રી માટે અણમોલઃ ડો. ગીતા માંકડીયા



અબતક સાથેની ખાસ વાતચીતમાં, આકાંક્ષા હોસ્પિટલના કન્સલ્ટન્ટ ગાયનેકોલોજિસ્ટ અને ઈનફર્ટિલિટી સ્પેશિયાલિસ્ટ ડો. ગીતા માકડીયાએ જણાવ્યું હતું કે ગર્ભાવસ્થા એ સ્ત્રીના જીવનનો એક અત્યંત મહત્વપૂર્ણ પડાવ છે, અને માતૃત્વનું સુખ અનમોલ હોય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ગર્ભાવસ્થા દરમિયાન માતાના વિચારો અને કાર્યો બાળકના વિકાસ પર ઊંડી અસર કરે છે. આજના આધુનિક યુગમાં, વંધ્યત્વ જેવી સમસ્યાઓનો સામનો કરી રહેલા યુગલો માટે આઈવીએફ (ઈન વિટ્રો ફર્ટિલાઈઝેશન), જેને સામાન્ય રીતે ટેસ્ટ ટ્યુબ બેબી તરીકે ઓળખવામાં આવે છે, તે આશાનું કિરણ બન્યું છે. આ પદ્ધતિમાં, સ્ત્રીના બીજ અને પુરુષના શુક્રાણુનું ફલન લેબોરેટરીમાં કરવામાં આવે છે અને ત્યારબાદ બનેલા એમ્બ્રિયોને સ્ત્રીના ગર્ભાશયમાં મૂકવામાં આવે છે, જેથી સફળ ગર્ભધારણ શક્ય બને. ડો. માકડીયાએ સ્પષ્ટ કર્યું કે આઈવીએફ દ્વારા જન્મેલા બાળકો સામાન્ય બાળકો જેટલા જ નોર્મલ અને સ્વસ્થ હોય છે.

ડો. માકડીયાએ સમજાવ્યું કે આઈવીએફ ખાસ કરીને એવા યુગલો માટે ફાયદાકારક છે જેમને કુદરતી રીતે ગર્ભધારણ કરવામાં મુશ્કેલી પડે છે, સિંગલ મહિલાઓ અને સમલિંગી યુગલો પણ પેરેન્ટ બનવા માટે આઈવીએફ ટેકનોલોજીનો ઉપયોગ કરી શકે છે. આધુનિક તબીબી વિજ્ઞાનમાં એક ક્રાંતિકારી પગલું ભરતા, જેનેટિક ઓપ્ટિમાઈઝેશન સોફ્ટવેર નામની અત્યાધુનિક ટેકનોલોજી વિકસાવવામાં આવી છે. આ સોફ્ટવેર દ્વારા, માતાના ગર્ભમાં એમ્બ્રિયો મૂકતા પહેલા જ તેનું સંપૂર્ણ પરીક્ષણ કરી શકાય છે. આનાથી બાળકમાં કોઈ જન્મજાત ખામી, આનુવંશિક વિકૃતિ, કે અન્ય કોઈ ગંભીર બીમારીની શક્યતા પહેલેથી જ જાણી શકાય છે. જો કોઈ ખામી જણાય, તો તે એમ્બ્રિયોને ગર્ભમાં મૂકવામાં આવતો નથી, જેના પરિણામે સ્વસ્થ બાળક જન્મે છે. આ અદ્યતન ટેકનોલોજી દ્વારા બાળકનો ઈંચ લેવલ, સ્કિન કલર, હેર કલર અને લગભગ ૯૦૦ જેટલી સામાન્ય બીમારીઓ વિશે પણ પહેલેથી જ જાણકારી મેળવી શકાય છે, જેનાથી હેલ્થી બાળક મેળવવાની શક્યતાઓ નોંધપાત્ર રીતે વધી જાય છે. ડો. માકડીયાએ ભારપૂર્વક જણાવ્યું કે આ ટેકનોલોજીથી ન તો સ્ત્રીને કે ન તો બાળકને કોઈ નુકસાન થાય છે, અને જો એમ્બ્રિયો નોર્મલ હશે, તો આઈવીએફ ના સફળ થવાની સંભાવના લગભગ ૧૦૦% જેટલી વધી જાય છે.

આઈવીએફ કરાવવા માટે કોઈ ચોક્કસ ઉંમર હોતી નથી; તેના બદલે, આઈવીએફ કરાવવાનું કારણ અને બાળક ગર્ભમાં ન રહેવાનું મૂળ કારણ વધુ મહત્વનું છે.



## જિનેટિક ઓપ્ટિમાઈઝેશન સોફ્ટવેરમાં બાયોપ્સીની જરૂર પડતી ન હોવાથી દર્દી માટે વધુ અનુકૂળઃ ડો. નંદીશ ઠક્કર



અબતક સાથેની વાતચીતમાં ૩ વર્ષથી કાર્યરત ઝીવા આઈવીએફના ડો. નંદીશ ઠક્કરના જણાવ્યા અનુસાર, ગર્ભ સંસ્કાર એ ગર્ભાવસ્થાને સમજવાની અને તેમાં શારીરિક તથા ભાવનાત્મક જાગૃતિ લાવવાની પ્રક્રિયા છે. આઈવીએફ (ઈન વિટ્રો ફર્ટિલાઈઝેશન), જેને ટેસ્ટ ટ્યુબ બેબી તરીકે પણ ઓળખવામાં આવે છે, આ પદ્ધતિ એવા યુગલો માટે આશાનું કિરણ બની છે જેમને કુદરતી રીતે ગર્ભ ધારણ કરવામાં મુશ્કેલી પડે છે. ડો. ઠક્કરે જણાવ્યું કે પહેલાં આઈવીએફ છેલ્લો ઉપાય માનવામાં આવતો હતો, પરંતુ આજના સમયમાં મોડા લગ્ન, બદલાયેલી ખાનપાનની આદતો, અને વ્યસનો (ખાસ કરીને પુરુષોમાં શુક્રાણુઓની ઓછી સંખ્યા) તેમજ સ્ત્રીઓમાં પીસીઓએસ જેવી શારીરિક સમસ્યાઓના કારણે આઈવીએફની જરૂરિયાત વધી રહી છે. જો અન્ય પ્રક્રિયાઓ (જેમ કે IUI) પછી પણ સફળતા ન મળે, તો આઈવીએફ એક સારો વિકલ્પ રહે છે.

આઈવીએફ ટેકનોલોજીમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ના આગમનથી એક નવી ક્રાંતિ આવી રહી છે. ૧૯૭૮થી અત્યાર સુધીમાં, આઈવીએફ એ લાંબો રસ્તો કાપ્યો છે અને એઆઈ આધારિત જિનેટિક ઓપ્ટિમાઈઝેશન સોફ્ટવેર દ્વારા તેમાં વધુ પ્રગતિ થઈ રહી છે. આ સોફ્ટવેરનો મુખ્ય ઉદ્દેશ્ય આઈવીએફ પ્રક્રિયામાં તૈયાર થયેલા ગર્ભ (એમ્બ્રિયો) નું શ્રેષ્ઠ ગ્રેડિંગ કરીને તેને ગર્ભાશયમાં સફળતાપૂર્વક સ્થાનાંતરિત કરવાનો છે, જેથી દર્દીને સારી ગર્ભાવસ્થા પ્રાપ્ત થાય. આ એઆઈ આધારિત સોફ્ટવેર એમ્બ્રિયોના બાહ્ય અને આંતરિક માળખાના વિશ્લેષણના આધારે તેને A, B, અને C ગ્રેડમાં વર્ગીકૃત કરે છે. આ પદ્ધતિની ખાસિયત એ છે કે તે નોન-ઈન્વેઝિવ છે, એટલે કે તેમાં બાયોપ્સીની જરૂર પડતી નથી અને તે કોઈ પણ દર્દી માટે અનુકૂળ રહે છે, જેના કારણે ખર્ચમાં પણ ફાયદો થાય છે.

હાલ ભારતમાં આઈવીએફ પ્રક્રિયામાં આ એઆઈ ટેકનોલોજી ઉપલબ્ધ છે અને તેના પરિણામો પ્રોત્સાહક છે. ખાસ કરીને, જે દર્દીઓને ઘણા બધા એમ્બ્રિયો મળ્યા હોય, તેમને PGT-A (પ્રીઈમ્પ્લાન્ટેશન જિનેટિક ટેસ્ટિંગ ફોર એન્યુપ્લોઈડી) કરાવવાને બદલે, આ સોફ્ટવેર દ્વારા નોન-ઈન્વેઝિવ ટેસ્ટ કરાવવાથી વધુ સારો વિકલ્પ મળે છે. યુવાન યુગલો, જેમની ગર્ભાવસ્થાના પરિણામો સારા હોય છે, તેમના માટે પણ આ સોફ્ટવેર દ્વારા પરીક્ષણ ફાયદાકારક સાબિત થાય છે. ભવિષ્યમાં આ ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ થવાની સંભાવના છે, કારણ કે તે સબ્જેક્ટિવિટી વગર એમ્બ્રિયોનું મૂલ્યાંકન કરી શકે છે. બાળકો માટે આ સોફ્ટવેરથી કોઈ નુકસાન થતું નથી, કારણ કે તે નોન-ઈન્વેઝિવ ટેસ્ટ છે અને લાંબા ગાળાના નુકસાનનો કોઈ અહેવાલ નથી. જોકે, આ ટેકનોલોજીના સંપૂર્ણ પરિણામો આવવામાં હજુ થોડો સમય લાગશે, પરંતુ તેનું ભવિષ્ય ઉજ્જવળ છે.

## એઆઈ આધારિત જિનેટિક ઓપ્ટીમાઈઝેશન સોફ્ટવેર ગર્ભની પસંદગીને વધુ સચોટ બનાવશેઃ ડો. સંજય દેસાઈ



અબતક સાથેની વાતચીતમાં નોવા વિંગ્સ આઈવિએફના ડો. સંજય દેસાઈ એ જણાવ્યું હતું કે, એ આઈ એટલે આર્ટિફિશ્યિલ ઈન્ટેલીજન્સ ના માધ્યમથી આઈવીએફ ટેકનોલોજીમાં જે ગર્ભ બનાવવામાં આવે છે. તે એમ્બ્રિયોનું વધારે સપષ્ટ કારણ કરવામાં માટેની એક ટેકનોલોજી સોફ્ટવેર જે એજિનોમિક્સ નામેની કંપની છે જેને જીનેટિક ઓપ્ટીમાઈઝેશન સોફ્ટવેર કહે છે. જેમાં જીનેટીક સ્ટડી કરતી હોઈ છે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) હવે ઈન-વિટ્રો ફર્ટિલાઈઝેશન (આઈવીએફ) ટેકનોલોજીમાં એક નવો આયામ ઉમેરી રહ્યું છે. જેનેટિક સ્ટડી કરતી અગ્રણી કંપની એજિનોમિક્સ દ્વારા વિકસાવવામાં આવેલ એક અદ્યતન સોફ્ટવેર, આઈવીએફ પ્રક્રિયામાં ગર્ભ (એમ્બ્રિયો) ના વધુ સ્પષ્ટ વર્ગીકરણ અને પસંદગીમાં ક્રાંતિકારી ભૂમિકા ભજવી રહ્યું છે. સામાન્ય આઈવીએફ પ્રક્રિયામાં, સ્ત્રી અને પુરુષ બીજને પ્રયોગશાળામાં ભેગા કરીને પાંચ દિવસ સુધી વિકસાવીને બ્લાસ્ટોસિસ્ટ ગર્ભ બનાવવામાં આવે છે. પછી, તેની ગુણવત્તાના આધારે સ્થાનાંતરણ માટે શ્રેષ્ઠ ગર્ભની પસંદગી થાય છે. જોકે, એજિનોમિક્સનું આ એઆઈ-આધારિત સોફ્ટવેર ગર્ભની પસંદગીને વધુ સચોટ બનાવે છે. આ સોફ્ટવેરમાં ગર્ભની તસવીરો અપલોડ કરવાથી, તે કયો ગર્ભ વધુ સારો છે તેનું ચોક્કસ સિલેક્શન આપે છે અને તેમાં કોઈ ખામી કે અસામાન્યતા હોય તો તેની વિગતવાર માહિતી પણ પૂરી પાડે છે, જેનાથી આઈવીએફની સફળતાના દરમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે.

આ એઆઈ સોફ્ટવેરના વિકાસ પાછળ કેસ સ્ટડી અને મશીન લર્નિંગનો મોટો ફાળો છે. એઆઈ એક વિજ્ઞાન છે જેમાં સોફ્ટવેરને હજારો સામાન્ય (નોર્મલ) એમ્બ્રિયોના ડેટા સાથે તાલીમ આપવામાં આવે છે, જેથી તે સારા અને ખરાબ ગર્ભ વચ્ચેનો ભેદ પારખી શકે. એજિનોમિક્સ કંપનીએ તેમના સોફ્ટવેર માટે ઓસ્ટ્રેલિયામાં ૩૦૦૦ થી વધુ દર્દીઓ પર સફળતાપૂર્વક કેસ સ્ટડી કર્યો હતો. આ દર્દીઓના સકારાત્મક રિપોર્ટિંગ મળ્યા બાદ જ આ સોફ્ટવેરને બજારમાં મૂકવામાં આવ્યું છે, જે તેની વિશ્વસનીયતા અને અસરકારકતાનો પુરાવો છે. આ ટેકનોલોજી અને પરંપરાગત આઈવીએફ પ્રક્રિયા વચ્ચે ઘણો ફરક છે; સોફ્ટવેરનો ઉપયોગ કરવાથી ગર્ભની ગુણવત્તાનું વધુ ચોક્કસ આંકલન થાય છે, જેનાથી આઈવીએફની સફળતાની શક્યતાઓ ઘણી વધી જાય છે.

આ નવી એઆઈ ટેકનોલોજીથી મહિલાને કોઈ નુકસાન થતું નથી, કારણ કે તેમાં ફક્ત એમ્બ્રિયોના ફોટા જ અપલોડ કરવાના હોય છે. આ ટેકનોલોજી બાળકને કોઈ રીતે અસર કરતી નથી, પરંતુ તે કયો ગર્ભ ગર્ભાવસ્થાના નવ મહિનાની સફરને સારી રીતે પાર પાડી શકશે તે જાણવામાં મદદ કરે છે. સરળ શબ્દોમાં કહીએ તો, આ ટેકનોલોજી આઈવીએફ દ્વારા સફળ ગર્ભાવસ્થા અને તંદુરસ્ત બાળકના જન્મની શક્યતાઓને વધારે છે. જે પણ વ્યક્તિને આઈવીએફની જરૂર હોય, તેઓ આ ટેકનોલોજીનો ઉપયોગ કરી શકે છે અને પરિણામની ટકાવારી વધારી શકે છે. આ સોફ્ટવેર આધારિત ટેકનોલોજી હોવાથી ખર્ચાળ પણ નથી અને તેમાં કોઈ દવાઓનો ઉપયોગ થતો નથી, જેનાથી બાળકની અને ગર્ભની ગુણવત્તા નક્કી કરવામાં મદદ મળે છે. અમારી ઈન્સ્ટિટ્યૂટમાં પણ આ સોફ્ટવેર કાર્યરત છે અને અમે ગર્ભ સિલેક્શનમાં તેનો લાભ લઈ રહ્યા છીએ.

## તંત્રી લેખ

# સોશિયલ મીડિયા: પરિવર્તન થકી પ્રગતિ તરફ પ્રયાણ

સોશિયલ મીડિયા સામાજિક અવરોધો ઘટાડે છે તેમજ તે ઓળખના આધારે નહીં પરંતુ, માનવીય મૂલ્યોના બળ આધારે લોકો સાથે જોડે છે.દેશમાં ડિજિટલ ક્ષેત્રે આમૂલ પરિવર્તન જોવા મળ્યું છે, આજે ખૂબ ઓછી કિંમતે ઉપલબ્ધ ઈન્ટરનેટ ડેટા પ્લાનના કારણે સ્માર્ટફોન્સના વપરાશકર્તાઓ મોટાપાયે વધ્યા છે. ખાસ કરીને જાહેર સેવામાં સોશિયલ મીડિયા કમ્યુનિકેશન ના એક મહત્ત્વના માધ્યમ તરીકે ઉભરી આવ્યું છે.

ગુજરાતમાં સોશિયલ મીડિયાના ઉપયોગ પર એક નજર કરીએ તો તાજેતરના એક સર્વે મુજબ, ભારતમાં વર્ષ ૨૦૨૫ની શરૂઆતમાં અંદાજે ૪૯.૧ કરોડ સક્રિય સોશિયલ મીડિયા વપરાશકર્તા નોંધાયા છે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા ના એપ્રિલ ૨૦૨૫ના આંકડા મુજબ, ઈન્ટરનેટ વપરાશ કર્તાઓનો આંકડો ૯૪.૩ કરોડને વટાવી ગયો છે. આ વૃદ્ધિમાં મોટાભાગનો હિસ્સો ગ્રામીણ વિસ્તારોમાંથી આવેલ છે, જ્યાં સસ્તા ડેટા પ્લાનો જે ગ્રામ્યસ્તરે પણ સ્માર્ટફોનનો વધતો વ્યાપ દર્શાવે છે.

ગ્લોબલ ડિજિટલ રિપોર્ટ ૨૦૨૫ અનુસાર, ભારતીયો દિવસનો સરેરાશ ૨ કલાક ૫૦ મિનિટ જેટલો સમય પોતાના મોબાઈલમાં સોશિયલ મીડિયા પર પસાર કરે છે. ખાસ કરીને યુવાનોમાં સોશિયલ મીડિયાનો ક્રેઝ વધુ જોવા મળી રહ્યો છે, ૧૮થી ૩૫ની વયના લોકોમાં ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પ્રચલિત છે. આ ડિજિટલ ક્રાંતિ જોતાં એવું કહી શકાય કે સોશિયલ મીડિયાએ પારદર્શકતા, સમાવિષ્ટતા અને નાગરિક કેન્દ્રિત માધ્યમ તરીકે સ્થાન જમાવ્યું છે.

સોશિયલ મીડિયા આજે જાહેર ક્ષેત્રે કમ્યુનિકેશનના એક પરિવર્તનકારી ટૂલ તરીકે ઉભરી આવ્યું છે, જેના દ્વારા નાગરિકો સાથે સરકાર સીધું, ઝડપી અને પારદર્શક જોડાણ સાધી શકે છે.જે માધ્યમથી તેઓ લોકો સાથે અર્થસભર અને સીધું જોડાણ જાળવી રાખે છે. જે સોશિયલ મીડિયા ક્ષેત્રે સરકારના બહુપક્ષીય અભિગમની પુષ્ટિ કરાવે છે. ગુજરાત સરકારની સોશિયલ મીડિયા વ્યૂહરચના પણ બહુપક્ષીય અભિગમ પર રચાયેલી છે જે કમ્યુનિકેશન, લોકો સાથેનું જોડાણ તેમજ પ્રતિભાવોની જાણકારી ને અસરકારક રીતે કેળવવાનો પ્રયત્ન કરે છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ થકી માહિતીનો પ્રસાર, વિવિધ વિષયો પર જાગૃતિ અભિયાન, ખોટી માહિતી ફેલાય નહીં તે માટે ફેક્ટ-ચેકિંગ તેમજ ફરિયાદ નિવારણ માટેની પદ્ધતિ પણ વિકસાવવામાં આવી રહી છે. આ મોડેલ ડિજિટલ ચેનલ દ્વારા સતત લોકો સુધી પહોંચી, પારદર્શકતા તેમજ સર્વ સમાવેશી અભિગમને સમર્થન આપી રહ્યું છે.

સોશિયલ મીડિયા તેમજ ડિજિટલ મીડિયાના સચોટ ઉપયોગ થકી સરકારી સંચારને વિસ્તારવામાં મહત્વનો ભાગ ભજવે છે. સર્વસમાવેશી તેમજ લોકો-કેન્દ્રિત અભિગમ અપનાવી સોશિયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ્સ દ્વારા સમાજના દરેક સ્તરે સમયસર, ચોક્કસ અને જરૂરી માહિતી પહોંચાડે છે.

# સુરેન્દ્રનગર: સોનઠા ગામમાં સરપંચ દ્વારા ભ્રષ્ટાચાર કર્યાના આક્ષેપ સાથે ડી.ડી.ઓને રજૂઆત

## સરકારી તિજોરીને ૧ કરોડનું નુકશાનની આશંકા અને ૪૭ જેટલા પ્લોટ મળતીયા પધરાવી લીધાની 'રાવ'



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

ચુડા તાલુકાના સોનઠા ગામમાં નવા ગામતળ સર્વે નં.૯૮૩ (જુનો-૨ પૈકી-૧) ના લેઆઉટ પ્લાનના રહેણાંક પ્લોનં. ૨૪ થી ૭૦ એમ કુલ ૪૭ પ્લોટોની ગત તા.૦૪ જુનના રોજ કાગળ પણ બોગસ હરરાજી કરી ગ્રામ પંચાયતના સત્તાધીશો દ્વારા અંદાજે રૂા.૦૨ કરોડનું કૌભાંડ આચરી સરકારી તીજોરીને રૂા. ૧.૦૭ કરોડનું નુકશાન પહોંચાડ્યું છે તેમજ ગામના ગરીબ અને નાના માણસો જેઓ વર્ષોથી પ્લોટની રાહ જોતા હતા અને પોતાના ઘરનું ઘર બનાવાનં સંપનું સેવ્યું હતું તેઓની સાથે અન્યાય થયો છે. ગામના સરપંચ, ભાજપના તાલુકા પ્રમુખ અને તલાટી સહિતનાઓની મીલીભગતથી ઘર વિહોણા લોકોને નિઃશુલ્ક પ્લોટ આપવાનો હુકમ થયો હોવા છતા પ્લોટ નહિં આવી ગ્રામજનોએ અને લાભાર્થીઓએ આક્ષેપ કર્યો છે. તેમજ સરપંચ દ્વારા પોતાના પરિવારને પણ ૧૪ જેટલા પ્લોટ મફતના ભાવે આપી દીધા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ ઉપરાંત એક કરતા વધુ મકાન ધરાવતા લોકો તેમજ ખેતીવાડીની જમીન અને કાર ધરાવતા લોકોએ નજીવી કીંમતે પ્લોટ ખરીદી લેતા ગરીબ તેમજ ઝુપડામાં રહેતા લોકોને પ્લોટ ફાળવવાનો હુકમ કર્યો હોવા છતાં ગ્રામ પંચાયત દ્વારા પ્લોટ ફાળવવામાં ન આવતા અન્યાય કરવામાં આવ્યો હોવાની રજુઆત જીલ્લા વિકાસ અધિકારીને કરવામાં આવી છે.

૪૭ જેટલા પ્લોટ ભાજપના મળતીયા લોકોને નજીવી કિંમતથી આપી દીધા બાદ હરરાજીનું નાટક કર્યુ હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. આ તમામ બાબતોને ધ્યાને લઈ લાભાર્થીઓ સહિત સ્થાનિક ગ્રામજનોએ જીલ્લા વિકાસ અધિકારિને લેખીત રજુઆત કરી છે અને આ મામલે યોગ્ય તપાસ કરી દોષીતો સામે કાર્યવાહી કરવામાં નહિં આવે તો આગામી દિવસોમાં તમામ પરિવારો પોતાના બાળકો અને ઘર વખરીનો સામાન લઈ જીલ્લા વિકાસ કચેરીમાં આશ્રય લેવા ઉમટી પડશે તેવી પણ ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

# શિક્ષણ વ્યકિતને શિસ્ત, સંસ્કાર, સમજદારી શીખવે: નાયબ કલેકટર એચ.ટી. મકવાણા

## ચોટીલાની પ્રાથમિક શાળાઓમાં પ્રવેશોત્સવ દરમિયાન હાજરી આપી નાયબ કલેકટરે શિક્ષણનં મહત્વ સમજાવ્યું



**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

તાજેતરમાં નાયબ કલેકટર ચોટીલા એચ. ટી.મકવાણાના અધ્યક્ષ સ્થાને ચોટીલા તાલુકાના મોકાસર પ્રાથમિક શાળા, પીયાવા પ્રાથમિક શાળા તથા ભીમોરા આશ્રમ શાળા - ઉતર બુનીયાદી શાળા ખાતે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ યોજાયો જેમાં આંગણવાડી નાના ભુલકાઓ તેમજ બાલવાટીકા અને ધોરણ -૧ના ભુલકાઓને પ્રવેશ આપી વાલીઓને ન શિક્ષણનુ મહત્વ સમજાવી વૃક્ષારોપણ કરી, કાર્યક્રમની તેમજ ધોરણ ૫ થી ૮ અને ૯ થી ૧૦ વિધાર્થીઓને ગણીત વિજ્ઞાન અને અંગ્રેજી ના પ્રશ્નો પુછી શિક્ષણની ગુણવત્તા ચકાસી હતી.

આ તકે નાયબ કલેકટર મકવાણાએ જણાવ્યું હતું કે શિક્ષણ એ માનવજીવનનો આધારેસ્તંભ છે. શિક્ષણ વિના જીવન અંધકારમય છે. જેમ અજવાળું અંધકારને દૂર કરે છે, તેમ શિક્ષણ અજ્ઞાનને દૂર કરીને માનવને સજાગ અને વિવેકબુદ્ધિ યુક્ત બનાવે છે.

શિક્ષણ વ્યકિતને શિસ્ત, સંસ્કાર, સમજદારી અને આદરભાવ શીખવે છે. આ બધું મળીને વ્યકિતનું સંપૂર્ણ વિકાસ કરે છે.

શિક્ષિત વ્યકિતને સમાજમાં સન્માન મળતું હોય છે. તે સમાજમાં સાચા નેતા, માર્ગદર્શક અને પ્રેરણાસ્રોત બની શકે છે.

શિક્ષણ દ્વારા માણસે પોતાનો હક્ક, ફરજ અને કાયદા વિશે જાણકારી મળે છે. જેથી ભ્રષ્ટાચાર, અન્યાય, અને અશિક્ષણ સામે લડી શકે છે. અંતે તેમણે શિક્ષિણ ભારત-વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવામાં સહભાગી બનવા સૌને હાંકલ કરી હતી.

# અમરેલી: ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ સંચાલિત સેવા સંઘ ટીમના નવનિયુક્ત હોદ્દેદારોનું બહુમાન



**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

અમરેલી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ અમરેલી સંચાલિત સેવા સંઘ ટીમ દ્વારા એક ભવ્ય સ્નેહમિલન અને સન્માન સમારંભ નો કાર્યક્રમનું આયોજન કરાયું હતું,જેમાં આગામી દિવસોમાં સમાજના વિવિધ વ્યક્તિઓ ને જે તે સંસ્થામાં નિમણૂક થવા બદલ સત્કાર સમારંભ અને સાથે ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું, સુરેશભાઈ સોલંકી સેવા સંઘ પ્રમુખ તેમજ ટ્રસ્ટી મહામંત્રી જેઓની આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ મા રાષ્ટ્રીય મજદૂર પરિષદ પ્રાંત અધ્યક્ષ ની નિમણૂક થવા બદલ અને અમરેલી બિલ્ડર એસોસિએશનમાં સહમંત્રી તરીકે સમાજ ટ્રસ્ટી જયંતીભાઈ મનાણી ની સહમંત્રી તરીકે નિમણૂક થવા અને સમાજ ઉપપ્રમુખ મનસુખભાઈ ચૌહાણની અમરેલી બિલ્ડર એસોસિએશનમાં સલાહકાર સમિતિમાં નિમણૂક થવા બદલ તેમજ બિલ્ડર ડેનીભાઈ રામાણી મધ્યક સહકારી બેંકમાં ડિરેક્ટર થવા બદલ અને અમરેલી ધારાસભ્ય અને વિધાનસભાના દંડક કૌશિકભાઈ વેકરીયા ના પ્રતિનિધિ તરીકે જિલ્લા ભાજપ મંત્રી મેહુલભાઈ ધોરાજીયા અને નીલકંઠ જ્વેલર્સ પ્રકાશભાઈ ધોળકિયા,પટેલ પ્લાયવુડ ભાવિનભાઈ પટેલ તેમજ બિલ્ડર એસોસિએશન ઉપપ્રમુખ રાજુભાઈ શિયાણી અને સાથે પત્રકાર ભાઈઓ નો પણ આ કાર્યક્રમમાં શુભ સંદેશ પાઠવ્યો હતો, દરેક મહાનુભવોનો સેવા સંઘ ટીમ અને સમાજ ટ્રસ્ટીઓ તેમજ સમાજ દ્વારા ચાલતા તમામ મંડળો દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો, ખાસ કરીને મહિલા મંડળના બહેનો દ્વારા નાની બાળાઓ દ્વારા કુમકુમ અને કળશ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

# ધ્રાંગધ્રા: 'એક પેડ માઁ કે નામ' અભિયાન હેઠળ માતાના જન્મદિને ૨૫૧ વૃક્ષો વવાયા

## સતાપર પ્રાથમિક શાળા ખાતે દિકરાના હસ્તે વૃક્ષો વાવી જન્મદિવસની અનોખી ઉજવણી કરાઇ



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

વિશ્વ પર્યાવરણ દિવસે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશ અને દુનિયામાં પ્રકૃતિ જતન પ્રત્યે પ્રેમ જાગે અને એક સાચા ભાવથી લોકો વૃક્ષ વાવીને એનું જતન પણ કરી જાણે માટે એક પેડ માઁ કે નામ અભિયાનની શરૂઆત કરી હતી ત્યારે ધાંગધ્રા તાલુકાના સતાપર ગામે રહેતા રાજેન્દ્રસિંહ અભીસિંહ ઝાલા ના ધર્મ પત્ની ના જન્મદિવસ નિમિત્તે તેમના દીકરા દ્વારા સતાપર પ્રાથમિક શાળા ખાતે એક પેડ માઁ કે નામ અભિયાન અંતર્ગત ૨૫૧ વૃક્ષનું શાળા ખાતે વાવેતર કરી અને જતન કરવાના સંકલન લીધા હતા જેમાં જણાવ્યું હતું કે પર્યાવરણ અને પ્રકૃતિની રક્ષા સાથો સાથ વૃક્ષો ઓક્સિજન અને વધુ વરસાદ ખેંચીને વાતાવરણ ને સમતુલિત રાખવામાં મહત્વનો ભાગ ભજવે છે.

# ધ્રાંગધ્રાના નવલગઢ ગામ-૨ ગાયોના જીવન બચાવતી એનિમલ હેલ્પલાઈનની ટીમ

## સામાજીક આગેવાન દ્વારા જાણ કરી ગાયોના શીંગડામાં સડોનું ઓપરેશન સફળ થયું



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના નવલગઢ ગામે એક રેઢીયાળ ગાય નું જિલ્લા એનિમલ હેલ્પલાઈન ની ટિમ દ્વારા સફળ ઓપરેશન કરવામાં આવ્યું છેં. તેનાં પેટમાં ૭ મહિનાનો જીવ એનું બાળક પણ ગાય સાથે મરી જાય એમ હતું તેં જોતા સામાજિક આગેવાન સિન્ધુભાઈ દિલસે એક સીંગડા વાળી ગાય જેનું બીજું સિંગડુ ખૂબ વજનદાર હતું અને તેમાં સડો ફેલાઈ રહ્યો હતો. રાજ્ય સરકારના પશુ પાલન વિભાગ થી સંચાલિત એનિમલ હેલ્પલાઇન ટીમનો સંપર્ક કર્યો હતો અને તત્કાલ જ એનિમલ હેલ્પલાઇન નાં ડૉ ની ટિમ ગાય નેં રૂટિન ચેક અપમા લઈ અંતે બંને નાં જીવ બચાવવા માટે ફાસ્ટ ઓપરેશન કરવું જ પડશે તેમ નિષ્કર્ષ કાઢી ઈમરજન્સી ઓપરેશન કર્યું હતું જેમાં ડૉ મેહુલભાઈ સોલંકી અને પાયલોટ રામસીંગભાઈ રબારી ની ૫ કલાક ની સતત કાળજી અને જહેમત બાદ સડા વાળું સિંગડુ ઓપરેશન થી દૂર કરવામાં આવ્યું છેં. જોખમ વચ્ચે બંને બચાવવા એનિમલ હેલ્પલાઈન ની ટીમે ખડેપગે રહી હાલ ગાય નેં જરૂરી ઈન્જેકશન અને દવાઓ સાથે રોજિંદા ચેક અપમા રાખવામાં આવશે તેમ ડૉ મેહુલ સોલંકી એ જણાવ્યું છેં

# ગાંધીધામ: બાળદેવોનું સ્વાગત કરી શાળા પ્રવેશ કરાવતા ધારાસભ્ય મહેશ્વરી

## ધો.૧ થી ૯ અને ૧૧ પ્રવેશ મેળવનાર પુસ્તકોની ભેટ,કમ્પ્યુટર લેબ ઉદઘાટન અને વૃક્ષારોપણ કરી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા



**અબતક,ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ આદર્શ પ્રાથમિક અને માધ્યમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ ગાંધીધામ મત વિસ્તારના માનનીય ધારાસભ્ય શ્રીમતી માલતીબેન મહેશ્વરીની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. પ્રાથમિક વિભાગના આચાર્ય મુકેશ ભાઈ મગનાણી તથા માધ્યમિક વિભાગના આચાર્ય ડો .એસ. એલ. સોલંકી તથા શિક્ષક દ્વારા ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું.

બાળ વાટિકા, ધોરણ ૧, ધોરણ ૯ અને ધોરણ ૧૧ માં પ્રવેશ મેળવનાર બાળકોને પુસ્તકોનો સેટ અને સરસ મજાની ભેટ આપી શાળામાં બાળદેવોનું સ્વાગત કરવામાં આવ્યું.

નવી કમ્પ્યુટર લેબનું ઉદઘાટન અને કાર્યક્રમના અંતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

ગાંધીધામ શહેર પ્રમુખ ભાજપ વિજયભાઈ પરમાર, મહામંત્રી મનોજ મૂલચંદાણી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી હિમાંશુ સીજુ , લાલજી ભાઈ ઠક્કર , રિંકુ બહેન સીજુ, લોક વિજ્ઞાન કેન્દ્ર ભુજ ના સંયોજક પ્રવીણભાઈ મહેશ્વરી, પૂર્વ નગર સેવક કમલેશ પરયાણી, દીપિકા બહેન નાયક, સરિતા બહેન ભઠર, સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# એકલવ્ય એકેડમીનો શુભારંભ કરાવતા પી.આઈ. પરબત ગોરફાડ

## જુડો, કરાટે જેવી સ્પોટર્સ એકટીવીટી જિલ્લાથી રાજયકક્ષાના રમતવિરો માટે આધુનિક સેવા



**અબતક, આનંદ પોપટ ભાણવડ**

સતત વિકસતા જતા ભાણવડ માં સ્પોર્ટ્સ ક્ષેત્રે પોષણ મડી રહે તેવા શુભ હેતુસર એકલવ્ય એકેડમી નો ભાણવડ પોલીસ સબ ઈન્સપેક્ટર પરબતભાઈ ગોરફાડના વરદ હસ્તે શુભારંભ કરાયો. પીએસઆઈ પરબતભાઈ ગોરફાડ દ્વારા શ્રીફળ વધારી રીબીન કાપી અને એકલવ્ય એકેડમી નું પરંપરા ગત રીતે લગત શુભ કાર્ય પ્રવૃત્તિ ને શરૂ કરાવી. ભાણવડ તાલુકા ના યુવાઓ માં પડેલી રમત ગમત ક્ષેત્ર ની શકિત ઓ ને દિશા અને બળ અર્પવા આ એકલવ્ય એકેડમી લક્ષ્ય સેવી રહી છે ત્યારે લક્ષ્મીબેન સોલંકી અને ગાર્ગી વાઘેલા જુડો,કરાટે, જેવી સ્પોર્ટ્સ એક્ટિવિટી થી તાલુકા ની યુવા ઉર્જાઓને વિવિધ સ્પર્ધાઓ માં જિલ્લા,પ્રાદેશિક તેમજ રાજ્ય કક્ષા સુધી રમતવીરો ને પહોંચાડવા સુધી ના પોતાના અનુભવો થી રમત ગમત ક્ષેત્રે નવી પેઢી તૈયાર કરવા પ્રયત્નશીલ થઈ રહી છે.આ એકેડમી દ્વારા ,જુડો, કરાટે,અંગ કસરત,બોડી બિલ્ડ,વેઈટ લોસ્ટ સહિત ની પ્રવૃત્તિ આધુનિક જીમ સાધનો દ્વારા સમગ્ર વિસ્તાર ના હિત માટે કેળવાઈ છે.ત્યારે ભાણવડ સ્પોર્ટ્સ એન્ડ સોશિયલ એક્ટિવિટી ના વર્તમાન કાર્યવાહક નિમિશ ઘેલાણી ના હેલ્થ સેન્ટર ના બહોળા અનુભવ સાથે સંકલિત થઈ શરૂ કરાયેલ એકલવ્ય એકેડમી ભાણવડ તાલુકા માટે એક આશા નું કિરણ બની રહેશે.

# સિહોરની સંસ્કૃત્તિ સ્કૂલ, વિદ્યામંજરી જ્ઞાનપીઠના બે વિદ્યાર્થીઓ વોલીબોલ સ્પર્ધામાં છવાયા

## અનંતા દવેએ ગોલ્ડ મેડલ તથા પ્રદિપ બલ્યાએ સિલ્વર મેડલ મેળવી શાળા અને માતા-પિતાનું ગૌરવ વધાર્યું



**અબતક, આનંદ રાણા, સિહોર**

તાજેતરમાં ૨૭મી જુનિયર/ સબ-જુનિયર ટેનિસ વોલીબોલ નેશનલ ચેમ્પિયનશીપ અંતર્ગત છત્તીશગઢ ખાતે નેશનલ લેવલે ટેનિસ વોલીબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્કૃતિ સ્કૂલ, વિદ્યામંજરી જ્ઞાનપીઠ સિહોરમાં ધોરણ-૧૦/એ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની દવે અનંતાએ નેશનલ લેવલની ટેનિસ વોલીબોલ બહેનોની સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરી ગોલ્ડ મેડલ મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે તેમજ ધોરણ-૯/એ અભ્યાસ કરતાં વિદ્યાર્થી બલ્યા પ્રદિપએ નેશનલ લેવલની ટેનિસ વોલીબોલ ભાઈઓની સ્પર્ધામાં સીલ્વર મેડલ મેળવી દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરી સંસ્કૃતિ સ્કૂલ, વિદ્યામંજરી જ્ઞાનપીઠ કેમ્પસ - સિહોરનું ગૌરવ વધાર્યું. શાળાનાં ખેલાડીઓએ કોચ ધૃતિબેન પરમારનાં માર્ગદર્શન હેઠળ આ સ્પર્ધામાં ઉત્કૃટ દેખાવ કરતાં બન્ને વિદ્યાર્થીઓ તેમજ તેમનાં કોચને સંસ્કૃતિ સ્કૂલ, વિદ્યામંજરી જ્ઞાનપીઠ કેમ્પસ- સિહોરના ટ્રસ્ટી અને સંચાલક પી. કે. મોરડીયા, આચાર્ય સંગીતાબેન કોઠડિયા, કોર્ડિનેટર, સુપરવાઈઝર તેમજ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# અમરેલી: રહેણાંક વિસ્તારોમાં ઉડતા ટ્રેનિંગ પ્લેનોનો રૂટ બદલવા માંગ

## ચિતલ રોડ, લાઠી રોડ સહિતના વિસ્તારોમાં સ્કુલો, કોલેજો દવાખાના આવેલા છે કોઈ દુર્ઘટના સર્જાશે તો જવાબદાર કોણ?



**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

છેલ્લા કેટલાક સમયથી અમરેલી શહેરમાં એક પાયલોટ ટ્રેનિંગ સેન્ટર કાર્યરત છે.. પાયલોટ ની ટ્રેનિંગ માટે દિવસભર અમરેલી શહેર પર નાના વિમાનો સતત ઊડાઊડ કરતા રહે છે.થોડા મહિના પહેલાં અમરેલીના એક રહેણાંક વિસ્તારમાં એક મિનિ પ્લેન ક્રેશ પણ થયુ હતું જેમાં એક પાયલોટ નુ કરૂણ મોત નિપજ્યું હતુ.આ ઘટના બાદ અમરેલી શહેરના લોકો સતત પ્લેન અકસ્માતના ભય માં રહે છે. પરંતુ હવે અમરેલી શહેરના લોકો એ આ પ્લેન નો રૂટ બદલવા માંગ ઉઠાવી છે.અગાઉ અમરેલી કલેક્ટર ને કરેલી રજુઆત નુ પરિણામ નહી આવતા રાજકમલ ચોકમાં એક દિવસના ધરણા યોજી વિરોધ નોંધાવ્યો હતો.તેઓનું કહેવું છે કે અમરેલીના ચિતલ રોડ અને લાઠી રોડ સહિતના વિસ્તારોમાં સ્કૂલ કોલેજો અને દવાખાનાઓ આવેલા છે, જેના કારણે ભવિષ્યમાં કોઈ દુર્ઘટના સર્જાય તો મોટી જાનહાનિ થઈ શકે તેમ છે, તેમજ અમરેલી નગરપાલિકાના સભ્ય સુરેશભાઈ શેખવા દ્વારા જણાવવામાં આવ્યું છે કે પ્લેનમાં વપરાતું ઈંધણ પણ સુરક્ષિત રાખવામાં નથી આવતું,અને લેન્ડિંગ કર્યા પછી વિમાન ફરીવાર ઉડવા લાયક છે કે કેમ તેનું પણ ચેકીંગ કરવામાં નથી આવતું, માટે ભવિષ્યની અમરેલીના લોકોની ચિંતા કરતા આ ટ્રેની પ્લેનોનો રૂટ માનવ વસાહતની બહાર લઈ જવા ઉગ્ર રજૂઆત કરી છે, જો તંત્ર દ્વારા યોગ્ય પગલા નહીં લેવાય તો આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનો કરવાની ચીમકી પણ આપવામાં આવી છે...

# ઉપલેટા પંથકમાં મેઘ મલ્હાર: સર્વત્ર ૩ થી ૫ ઈંચ સુધી વરસાદ

## નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા: ઠેર-ઠેર કાદવ કીચડનું સામ્રાજય

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા પંથકમાં ગઈકાલ સાંજ સુધીમાં ૩ થી પાંચ ઈંચ જેવું પાણી વરસી જતા નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા જયારે અનેક વિસ્તારોમાં રસ્તામાં ખોદકામને કારણે રસ્તા અને કાદવ કીચડથી ઉભરાતા શહેરીજનો ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. જયારે શહેરમાં ચાર ઈંચ જેવો વરસાદ વરસી ગયો હતો. આજ સવારથી વાતાવરણ ખુલ્લુ જોવા મળ્યું છે.

### જર્જરિત હાલતમાં રહેલું મુસાફર ખાનુ ધરાશાયી: કોઈ જાનહાની નહી



શહેરના મછીમાર્કેટ પાસે આવેલ દરબારી વાડી પાસે જરજરીત હાલતમાં રહેલ મુસાફરખાનું ગઈકાલે બપોરે ધરાશાય થયું હતુ પણ સદનસીબે કોઈજાનહાની થવા પામેલ નહોતી.સતત બે દિવસ વરસેલા વરસાદને કારણે વર્ષોજુનુ અને જરજરીત હાલતમાં રહેલું મુસાફર ખાનું ગઈકાલે બપોરે એકાએક ધરાશાય થતા ભારેનાસ ભાગ મચી ગઈ હતી. સદનસીબે કોઈજાનહાની થવા પામી નહોતી આ અંગે પૂર્વ નગર રજાકભાઈ હિંગોરા ઘટના સ્થળે પહોચી નગરપાલીકાને જાણ કરતા પાલીકા પ્રમુખ વર્ષાબેન ગજેરા, સભ્ય નિકુલભાઈ ચંદ્રવાડીયા, મનોજભાઈ નંદાણીયા દોડી આવ્યા હતા.





શનીવારે રાત્રી વરસેલા દોઢ કલાક વરસાદમાં શહેરના વિવિધ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા જયારે ગઈકાલે આખો દિવસ વરસાદ વરસતા શહેરમાં ૨૪ કલાકમાં ચાર ઈંચ વરસાદ વરસી જતા ખોદકામ થયેલા રસ્તાઓ કાદવ કીચડથી ઉભરાયા હતા શહેરના વિક્રમચોક, ખ્વાજાનગર સ્વામી નારાયણ નગરનાં પાછળનો ભાગ વોર્ડ નં.૧માં ઢાંકની ગાળી વાળો રોડ સહિતના વિસ્તારોમાં વરસાદને કારણે ભારે કાદવ કિચડ જોવા મળ્યું હતુ લોકો પણ કાદવ કીચડથી ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા જયારે ગ્રામ્ય પંથકમાં નાગવદર, ઢાંક, તણસવા, સમઢીયાળા, લાઠ, ભિમોરા, ભાયાવદર ચરણી સહિત ગામો ૨ થી ૫ ઈંચ પાણી પડી ગયું હતુ. મોસમનો કુલ ૮ ઈંચ જેવો વરસાદ નોંધાયો છે.

### વોર્ડ નં.૧મા મેટલીંગ કામ શરૂ કરાયું



શહેરના વોર્ડ નં.૧માં રસ્તાના ખોદકામને કારણે અને બે દિવસ થયા વરસાદને કારણે વિવિધ વિસ્તારોમાં કાદવ કીચડ ઉભરાતા વોર્ડ નં.૧ના સભ્યોની રજૂઆતને પગલે મેટલીંગ નાખવાનું કામ હાથ ધરેલ છે. નગરસેવક અશ્વીનભાઈ લાડાણી, જગદીશભાઈ વિરમગામા અને અજયભાઈ જાગાણીની રજૂઆતને પગલે વોર્ડ નં.૧માં અનેક વિસ્તારોમાં મોહરમ પાથરવાનું ચાલુ કરી દેતા આ વિસ્તારના લોકો રાહત અનુભવી હતી આ તકે બાંધકામ સમિતિના ચેરમેન મનોજભાઈ નંદાણીયા સતત સુપરવિઝન કરી રહ્યા છે.

# અમરેલી - દેવભૂમિ દેવળીયાની શાળામાં કંકુ પગલાથી ભુલકાને પ્રવેશ અપાયો



**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

અમરેલી આઈ સી ડી એસ વિભાગ દ્વારા દેવભૂમિ દેવળીયા ખાતે આંગણવાડી કેન્દ્ર દેવળીયા ખાતે આંગણવાડી પ્રવેશોત્સવ ઉજવણી કરવામાં આવી, બાળકોના કકુંપગલા કરાવીને તેમજ સ્વાગત કેક કાપીને ભૂલકાઓને પ્રવેશ કરાવેલ જેમાં તાલુકા પંચાયતના પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા, દેવભૂમિ દેવળીયા ગામના સરપંચ પ્રતિનિધિ નાથાલાલ સુખડીયા, લાઈજન અધિકારી પંકજભાઈ કલાવડીયા, આઈ.સી.ડી.એસ સુપરવાઈઝર દેવાંગીબેન ગૌસ્વામી, દેવળીયા ગામના કાર્યકર બહેનો તેડાગર બહેનો, બાળકો, વાલીઓ, ગ્રામજનો ઉજવણીમા મોટી સંખ્યામાં હાજર રહેલ, તાલુકા પ્રમુખ, સરપંચના હસ્તે બાળકોને શૈક્ષણિક કીટ વિતરણ કરવામાં આવેલ, કાર્યક્રમમાં સુપરવાઈઝર દ્વારા બાળકોને આંગણવાડીમા મોકલવા તેમજ આંગણવાડી માંથી મળતી સેવાઓ વિશે સમજ આપવામાં આવી હતી, બાળકોને પૂરક પોષણ આપીને કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

# સૂકી સાજડિયાળી ગામે પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો

**અબતક, રાજકોટ**



ગુજરાત સરકારના સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમ અંતર્ગત અને કન્યા કેળવણી મહોત્સવ અંતર્ગત રાજકોટ તાલુકા શિક્ષણાધિકારી કચેરીના સહયોગથી રાજકોટ તાલુકાના સૂકી સાજડિયાળી ગામે સરકારી પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે સુકી સાજડિયાળી ગામના સરપંચ નરપતસિંહ જાડેજા, આગેવાન અને એસ.એમ.સી. સભ્ય પ્રણવરાજસિંહ જાડેજા, ભાવેશ ભાઈ ખરાડી, નાયબ ઈજનેર,ઇલેક્ટ્રીક કચેરી, સરધાર, લાયઝન તુષાર ભાઈ પાઠક, શાળાના આચાર્ય શૈલેષભાઈ ટોળીયા, સહિતના હાજર રહ્યા હતા અને સૂકી સાજડિયાળી ગામના આશરે ૧૫ બાળકોને આવકારી, શાળામાં પ્રવેશ અપાવી, શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સરપંચ નરપતસિંહ જાડેજા દ્વારા તમામ બાળકોને ગુજરાત સરકાર તરફથી ભણવા માટે મળતી કીટ નું વિતરણ કરવામાં આવેલ અને તમામ બાળકોને ભણી ગણીને આગળ વધવા માટે અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન ગામના આગેવાનો અને કાર્યક્રમમાં હાજર અધિકારીશ્રીઓ દ્વારા શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવેલ હતું. સુકી સાજડિયાળી ગામે યોજાયેલ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ સફળ રહ્યો હતો.

## ગાયોને લાડવા ખવડાવી અષાઢી બીજની ઉજવણી

**અબતક, આનંદ પોપટ, ભાણવડ:** ભાણવડના વતની અને કેબિનેટ મિનિસ્ટર મુળુભાઈ બેરા સાહેબના સુપુત્ર હર્ષદભાઈ બેરા દ્વારા અનેક સેવાકાર્ય કરવામાં આવી રહ્યા છે. જેમાં આખા વર્ષ દરમ્યાન અબોલ જીવોની સેવા માટે પણ તેઓ જુદા- જુદા સેવા કાર્ય કરે છે, જેમાં સમયે - સમયે આખા ગામના બિનવારસુ ગૌ-વંશ માટે ખોળ, કપાસિયા, શ્વાન માટે બિસ્કિટ - દૂધ, વગેરે ખવડાવવામાં આવે છે.ત્યારે અષાઢી બીજના પાવન દિવસે તેઓ દ્વારા એનિમલ લવર્સ ચેરીટેબલ ટ્રસ્ટના સભ્યોના સહયોગથી આખા ગામમાં કોઈ ગલી કે શેરીના ગૌ - વંશ બાકી ના રહે તે રીતે ૧૨૦૦ કિલો જેટલા લાડવા ખવડાવ્યા હતા. વરસાદી માહોલ વચ્ચે દરેક શેરી/ગલીમાં જઈ અને લડવા ખવડાવવાના આ સેવામાં એનિમલ લવર્સ ચેરીટેબલ ટ્રસ્ટના તમામ સભ્યો, એનિમલ લવર્સ ગ્રુપ - ટીંબડીના સભ્યો, પ્રમુખ નગર પાલિકા - ભાણવડ, કોર્પોરેટરઓ, હર્ષદભાઈ બેરાના મિત્રો, અને ભાણવડના અન્ય સેવાભાવી મિત્રો જોડાઈ આ સેવાયજ્ઞને સફળ બનાવ્યો હતો.


નં.જન્મ-મરણ કેસ.ન.૬૦/૨૦૨૫

પ્રતિ
શ્રી ઈકબાલભાઈ બાવનભાઈ શેખ,
રહે. સનવાવ, ગામ -સનવાવ
તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથ ..........અરજદાર
વકીલશ્રી, પી. જી. સોસા, ગીરગઢડા

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, સનવાવ, તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથ .........સામાવાળા

-: જાહેર નોટીસ :-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના ગીરગઢડા તાલુકાના સનવાવ ગામના રહીશ શ્રી ઈકબાલભાઈ બાવનભાઈ શેખના પિતા સ્વ. બાવનભાઈ પુંજાભાઈ શેખનું મરણ તારીખ ૧૫/૦૫/૧૯૮૦ના રોજ ગીરગઢડા તાલુકાના સનવાવ ગામ ખાતે થયેલ છે જેની મરણની નોંધ ગીરગઢડા તાલુકાના સનવાવના સને ૧૯૮૦ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદતના ૨૧/૦૭/૨૦૨૫ના રોજ ૧૧:૦૦ કલાકે વાધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૩૦/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

(જી.કે.વાળા)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા


# ઉપલેટામાં સ્થાનકવાસી જૈન સંઘ દ્વારા ત્રણ નારી રત્નોનું સન્માન કરાયું

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**





તસ્વીર: શહેઝાદ બાદશાહ

ઉપલેટામાં સ્થાનકવાસી જૈન સંઘ દ્વારા ત્રિવેણી સન્માન સમારોહ ઉજવામાં આવ્યો જેમાં હાલમાં નગરપાલીકાની ચૂંટણીમાં ચૂંટાઈને આવેલ કિંજલબેન ચિંતનભાઈ કારાવડીયાનું સન્માન કરાયું તેમજ શિક્ષણના સિતારા એવા દિશાબેન ધવલભાઈ શાહ જેઓ રાજયમાં ધો.૧૦માં પ્રથમ નંબરે ઉતિર્ણ થવા બદલ સન્માન કરાયું અને બીજા શિક્ષણના સીતારા એવા દિયા પરેશભાઈ દેસાઈ જેઓ તાલુકા કક્ષાએ ધો.૧૦માં ડંકો વગાડી ૯૯.૪૮ પીઆર લાવ્યા તેઓનું સંઘ તરફથી સન્માન કરાયું હતુ. આ કાર્યક્રમને સફળ બનાવવા જૈન સ્થાનકવાસી સંઘના પ્રમુખ પંકજભાઈ શેઠ, મંત્રી વિજયભાઈ તથા સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.


**પશ્ચિમ રેલવે-રાજકોટ મંડળ**

**ઓએચઈ કામ**

**ટેન્ડર નોટિસ નંબર** DRM/RJT **/ઈ-ટેન્ડર/** EL/TRD **/૨૦૨૫-૨૦૨૬/૧૯ તારીખ ૩૦/૦૬/૨૦૨૫; ઓફિસનું સરનામું:** વિભાગીય રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ / ટ્રેક્શન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત ૩૬૦૦૦૧; **વેબસાઇટ વિગતો:** www.ireps.gov.in; ટેન્ડર નંબર: DRM-RJT-EL-TRD **-૨૦૨૫-૨૬-૧૯; (i) કામનું નામ:** રાજકોટ મંડળના ઓખા ખાતે ઇલેક્ટ્રિક લોકો ટ્રીપ શેડના બાંધકામ/વિકાસના સંદર્ભમાં ઓએચઈ કામ. (ii) આશરે કિંમત: રૂ.૮૧,૧૨,૦૭૨.૪૮/-; (iii) બાનાની રકમ: રૂ.૧,૬૨,૨૦૦/-; (iv) **ઓનલાઇન અરજી કરવાની તારીખ અને સમય:** ૨૮.૦૭.૨૦૨૫ના રોજ બપોરે ૧૫:૦૦ કલાક સુધી.

RJT 062

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**

**'એસએલઆર / વીપી ના લીઝિંગ' ના કરાર માટે ઈ-હરાજી**

સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, ડી.આર.એમ. ઓફિસ, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - ૩૬૦૦૦૧; **નંબર: C78/Leasing/E-Auction/Publication/2022** 'લીઝિંગ ઓફ એસએલઆર / વીપી' ના કરાર માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવી છે. કેટલોગ પહેલાથી જ IREPS વેબસાઇટ પર ઓનલાઈન પ્રકાશિત કરવામાં આવેલ છે. વિગતો નીચે મુજબ આપવામાં આવી છે:-

| કેટલોગ નંબર | કોન્ટ્રેક્ટનો પ્રકાર | લોટ નંબર | કોન્ટ્રેક્ટ સમયગાળો | લોટ શરૂ થવાની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| E-SLR-RJT-05-25, તારીખ: 26/06/2025 | SLR / VP ની લીઝિંગ | (1) 22717-SLR-F2, (2) 22946-SLR-F1, (3) 22908-SLR-F1, (4) 22717-SLR-F1 | 02 વર્ષ | બધા પ્લોટ માટે ઇ-હરાજી 17/07/2025 ના રોજ સવારે 10:00 વાગ્યે શરૂ થશે. |

ઉપરોક્ત કેટલોગમાં ઉલ્લેખિત લોટની વિગતો આગામી ઈ-ઓક્શન, ઝોન: પશ્ચિમ રેલવે, વિભાગ: વાણિજ્યિક, રાજકોટ ડિવિઝન - ના શીર્ષક હેઠળ www.ireps.gov.in (ઈ – ઓક્શન લીઝિંગ) વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

RJT 059

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

**પશ્ચિમ રેલવે-રાજકોટ મંડળ**

**ટીઆરડી કામ**

**ટેન્ડર નોટિસ નંબર** DRM/RJT **/ઈ-ટેન્ડર/** EL/TRD **/૨૦૨૫-૨૦૨૬/૬R તારીખ ૩૦/૦૬/૨૦૨૫; ઓફિસનું સરનામું:** વિભાગીય રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ / ટ્રેક્શન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત ૩૬૦૦૦૧; **વેબસાઇટ વિગતો:** www.ireps.gov.in; ટેન્ડર નંબર: DRM-RJT-EL-TRD **-૨૦૨૫-૨૬-૬R; (i) કામનું નામ:** રાજકોટ મંડળના વિવિધ સ્થળોએ દરેક ફીડર પર અલગ-અલગ માસ્ટની જોગવાઈ દ્વારા અલગ ફીડરોમાં ફેરફાર કરવા માટે ટીઆરડી કામ. (ii) આશરે કિંમત: રૂ.૧,૩૭,૫૧,૮૫૫.૪૫/-; (iii) બાનાની રકમ: રૂ.૨,૧૮,૮૦૦/-; (iv) **ઓનલાઇન અરજી કરવાની તારીખ અને સમય:** ૨૮.૦૭.૨૦૨૫ના રોજ બપોરે ૧૫:૦૦ કલાક સુધી.

RJT 063

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે-રાજકોટ મંડળ**

**ફ્લેશ બટ વેલ્ડ્સનું તબક્કાવાર ગોઠવણી યુએસએફડી પરીક્ષણ**

**ઈ-ટેન્ડર નોટિસ નં. ૧૭ના વર્ષ ૨૦૨૫-૨૬ તારીખ ૨૭/૦૬/૨૦૨૫; ઓફિસનું સરનામું:** વિભાગીય રેલવે મેનેજર (એન્જિનિયરિંગ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત ૩૬૦૦૦૧; **વેબસાઇટ:** www.ireps.gov.in; **(૦૧) ઈ-ટેન્ડર નં.** DRM-RJT **-૨૦૨૫-૨૬-E-૫૧; કામનું નામ:** રાજકોટ મંડળ: પશ્ચિમ રેલવેના રાજકોટ મંડળ પર ફ્લેશ બટ વેલ્ડ્સનું તબક્કાવાર ગોઠવણી યુએસએફડી પરીક્ષણ (પીએયૂટી); **આશરે કિંમત:** રૂ.૬,૧૧,૨૨,૦૨૪.૦૦; **બાનાની રકમ:** રૂ.૪,૫૫,૬૦૦.૦૦; **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ૨૧/૦૭/૨૦૨૫, ૧૫:૦૦ કલાકે.

RJT 060

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે-રાજકોટ મંડળ**

**વિવિધ ટીઆરડી કામો**

**ટેન્ડર નોટિસ નંબર** DRM/RJT **/ઈ-ટેન્ડર/** EL/TRD **/૨૦૨૫-૨૦૨૬/૧૮ તારીખ ૩૦/૦૬/૨૦૨૫; ઓફિસનું સરનામું:** વિભાગીય રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ / ટ્રેક્શન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત ૩૬૦૦૦૧; **વેબસાઇટ વિગતો:** www.ireps.gov.in; ટેન્ડર નંબર: DRM-RJT-EL-TRD **-૨૦૨૫-૨૬-૧૮; (i) કામનું નામ:** ટીઆરડી એલસી ગેટ્સના બદલે આરઓબીની જોગવાઈ, ઓએચઈ સ્લીવિંગ કામ, વિશ્વસનીયતા સુધારણા અને રાજકોટ મંડળના સીટીઆર કામના સંબંધિત વિવિધ કામો. (ii) આશરે કિંમત: રૂ.૪૮,૬૫,૫૭૧.૨૨/-; (iii) બાનાની રકમ: રૂ.૯૭,૩૦૦/-; (iv) **ઓનલાઇન અરજી કરવાની તારીખ અને સમય:** ૨૮.૦૭.૨૦૨૫ના રોજ બપોરે ૧૫:૦૦ કલાક સુધી.

RJT 061

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**જાહેર નોટીસ**

મું.ખંભાળીયા
જ.મ.રજી નં.૪૧/૨૦૨૫

પાલા અરજણ બેલા
મધુરમ સોસાયટી, ધરમપુર
તા.ખંભાલીયા, જી.દેવભૂમિ દ્વારકા ..........અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટ્રારશ્રી,
જન્મ મરણ નોંધણી અધિકારી
અને તલાટી કમ મંત્રીશ્રી, લાલપરડા
તા.ખંભાલીયા જી.દેવભૂમી દ્વારકા ..........સામાવાળા

**વિષય :- જન્મ/મરણની નોંધ થવા અંગે**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા લોકોને જાણ કરવામાં આવે છે કે, આ કામના ઉપરોક્ત અરજદારના માતાશ્રી ''મલુબેન અરજણ બેલા''નું મરણ તા. ૨૩/૧૧/૨૦૨૧ ના રોજ લાલપરડા મુકામે થયેલ છે. જે અંગેની નોંધ સામાવાળાના રજીસ્ટરે થયેલ ન હોય તે અંગેની અત્રેની કોર્ટમાં અરજી લાવી મરણ ની નોંધનો હુકમ કરી આપવા અરજી કરેલ હોય તે અંગે કોઈને વાંધો/તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં વકીલ દિલીપ એન રાજ્યગુરુ મારફત અરજી કરેલ છે મુદત તા.૦૪/૦૭/૨૦૨૫ ના ૧૬-૦૦ કલાકે હાજર રહેવું. ગેરહાજર રહો, વાંધો/તકરાર નથી, એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૬, જુન - ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનું સીલ કરી આપ્યા.

કોર્ટનો સીકકો

(વી.આર.વરુ)
મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ખંભાળીયા



**જામનગર મહાનગરપાલિકા**

**:: ટેન્ડર નિવિદા ::**

**(વાર્ષિક રેઈટ કોન્ટ્રાક્ટ સને ૨૦૨૫-૨૬)**

જામનગર મહાનગરપાલિકાની લાઈટ શાખા (ફોન નં. ૨૫૫૦૧૩૧, એક્સ. ૫૪૩) દ્વારા નીચેના કામ માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. જેની વધુ વિગત જામનગર મહાનગરપાલિકાની વેબસાઈટ https://jmctender.nprocure.com પરથી મળી શકશે. આ ટેન્ડર તા.૦૨/૦૭/૨૦૨૫ થી ઓનલાઈન મૂકવામાં આવનાર છે.

| ક્રમ | કામનું નામ | અંદાજિત ખર્ચ રકમ (રૂ.) | અર્નેસ્ટ મની ડિપોઝિટ (રૂ.) |
|---|---|---|---|
| ૧. | Supply, Erection, Testing and Commissioning of 320 kVA Silent D.G. Set at Municipal Townhall under SJMMSVY | 27.80 Lacs | 27,800/- |

કંટ્રોલિંગ અધિકારી (લાઈટ)
જામનગર મહાનગરપાલિકા

કમિશનર
જામનગર મહાનગરપાલિકા

નં. જેએમસી/પી.આર.ઓ./ ૩ /૫૦/૨૦૨૫-૨૬, તા. ૩૦/૦૬/૨૦૨૫



**-: જાહેર નોટીસ:-**

**મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૩(મોટામવા)**

**(કામચલાઉ પુન:રચનાની દરખાસ્ત)**

હું, નગર રચના અધિકારી, નગર નિયોજક-૧, નગર રચના યોજના નં.૨૩(મોટામવા)ની યોજના વિસ્તારમાં સમાવેશ થતી જમીનોના તમામ જમીન માલિકો/હિત-સંબંધ ધરાવતી વ્યક્તિઓને જણાવું છું કે, આ યોજનાને અંતિમ કરવાની કાર્યવાહીના ભાગરૂપે યોજનાની કામચલાઉ પુન:રચનાની દરખાસ્ત સમજવા તથા તેની રૂબરૂ રજુઆતો મેળવવા યોજનામાં સમાવિષ્ટ જમીન માલિકો/હિત-સંબંધ ધરાવતી વ્યક્તિઓને અત્રેની કચેરીએ ઉપલબ્ધ સરનામાં મુજબ રૂબરૂ સુનાવણી અંગેની નોટીસ બજાવવામાં આવેલ અને તે માટે તા.૧૭/૦૬/૨૦૨૫ થી તા.૧૮/૦૬/૨૦૨૫ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. આમ, તમામ જમીન માલિકોને કામચલાઉ પુન:રચનાની દરખાસ્તો સમજાવી વાંધા-સુચનો-રજુઆત કરવા માટે અત્રેથી વ્યાજબી અને પુરતા પ્રયત્નો કરવામાં આવેલ છે. સુનાવણી દરમ્યાન જમીન માલિકો/ તેઓના પ્રતિનીધીઓ દ્વારા રજુઆત કરવામાં આવેલ હોય તે વિગતે કે રજુઆત કરવાની બાકી/જરૂરિયાત હોય તો અથવા તો સરનામાના અભાવે/એક યા બીજા કારણોસર જો કોઈને નોટીસ બજેલ ન હોય, તો તેઓને આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૧૦(દસ)માં જાહેર રજા સિવાયના દિવસોમાં કચેરી સમય દરમ્યાન નીચેના સરનામે જરૂરી આધાર-પુરાવા સહ અત્રેની કચેરીનો સંપર્ક સાધી પુન:રચનાની દરખાસ્તની સમજુતી મેળવી તે અન્વયે કોઈ રજુઆત હોય તો લેખિતમાં રજુઆત કરવા આખરી તક આપવામાં આવે છે. અન્યથા અત્રે ઉપલબ્ધ રેકર્ડના આધારે લેવામાં આવેલ નિર્ણય જે-તે જમીન માલિકો/હિત-સંબંધ ધરાવતી વ્યક્તિઓને બંધનકર્તા રહેશે. જેની નોધ લેવા વિનંતી છે. સદરહું યોજના વિસ્તારમાં મોજે: મોટામવાના નીચેના, રેવન્યુ સર્વે નંબર તથા તેના પેટા ભાગોનો સમાવેશ કરવામાં આવેલ છે.

**મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૩(મોટામવા)**

**મોજે: મોટામવાના રેવન્યુ સર્વે નંબરો:-**

**૧૨૫ થી ૧૩૫,૧૩૬/૧,૧૩૬/૨,૧૩૭ થી ૧૪૦, ૧૪૨,૧૪૩ તથા ટ્રાવર્સ રે.સ.નં.૧૮૦ પૈકીની સરકારી ખરાબાની જમીનનો સમાવેશ થાય છે.**

સ્થળ :- રાજકોટ
તારીખ :- /૦૬/૨૦૨૫

નગર રચના અધિકારી,
નગર નિયોજક-૧,
રાજકોટ નગર રચના યોજના,
રાજકોટ

સરનામું:-
નગર રચના અધિકારી, નગર નિયોજક-૧
રાજકોટ નગર રચના યોજના, રાજકોટ
આર.એમ.સી. મલ્ટીએક્ટિવીટી સેન્ટરન્ટર, પ્રથમ માળ, નાના મવા સર્કલ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.

માહિતી/રાજ/૪૭૭-૨૫-૨૬



નં.જન્મ-મરણ કેસ.નં. ૫૯/૨૦૨૫

પ્રતિ
શ્રી વાઢેળ લાભુબેન વજુભાઈ,
રહે. બોડીદર, ગામ-બોડીદર, તાલુકો-ગીરગઢડા
જિલ્લો-ગીર સોમનાથ ..........અરજદાર
વકીલશ્રી, પી. જી. સોસા, ગીરગઢડા

વિરૂધ્ધ

રજીસ્ટારથી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, બોડીદર, તા.ગીરગઢડા, જિ.ગીરસોમનાથ .........સામાવાળા

-: જાહેર નોટીસ :-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના બોડીદર ગામના રહીશ વજુભાઈ નારણભાઈ વાઢેળ તથા લાભુબેન વજુભાઈ વાઢેળના પુત્રી ઈલાબેન વજુભાઈ વાઢેળનો જન્મ તારીખ ૧૮/૩/૧૯૯૭ના રોજ ગીરગઢડા તાલુકાના બોડીદરગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, બોડીદર, તાલુકો-ગીરગઢડા સને-૧૯૯૭ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૨૧/૦૭/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૩૦/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

(જી.કે.વાળા)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા



નં.જન્મ-મરણ કેસ નં.૬૪/૨૦૨૫

પ્રતિ
શ્રી બચુભાઈ દાસાભાઈ ગોહિલ,
રહે. પડાપાદર, ગામ-પડાપાદર, તાલુકો-ગીરગઢડા
જિલ્લો-ગીર સોમનાથ ..........અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, પડાપાદર, તા.ગીરગઢડા, જિ.ગીરસોમનાથ .........સામાવાળા

-: જાહેર નોટીસ :-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના પડાપાદર ગામના રહીશ બચુભાઈ દાસાભાઈ ગોહિલ તથા અજુબેન બચુભાઈ ગોહિલના પુત્ર વિક્રમભાઈ બચુભાઈ ગોહિલનો જન્મ તારીખ ૨૦/૦૪/૧૯૯૧ના રોજ ગીરગઢડા તાલુકાના પડાપાદરગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, પડાપાદર, તાલુકો-ગીરગઢડા સને-૧૯૯૧ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફ્તરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૧/૦૭/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૩૦/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

(જી.કે.વાળા)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા



નં.જન્મ-મરણ કેસ નં.૬૫/૨૦૨૫

પ્રતિ
લલીતાબેન પરસોતમભાઈ પોકીયા,
રહે. વડલી, ગામ-વડલી, તાલુકો-ગીરગઢડા
જિલ્લો-ગીર સોમનાથ ..........અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ફાટસર, તા.ગીરગઢડા, જિ.ગીર સોમનાથ .........સામાવાળા

-: જાહેર નોટીસ :-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના વડલી ગામના રહીશ પરસોતમભાઈ નથુભાઈ પોકીયા તથા શાંતાબેન પરસોતમભાઈ પોકીયાના ભાઈ દ્વારકાદાસ પરસોતમભાઈ પોકીયાનો જન્મ તારીખ ૧૫/૦૩/૧૯૬૧ના રોજ ગીરગઢડા તાલુકાના ફાટસરગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, ફાટસર, તાલુકો-ગીરગઢડા સને-૧૯૬૧ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફ્તરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૧/૦૭/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૩૦/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

(જી.કે.વાળા)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા



નં.જન્મ-મરણ કેસ.નં.૬૧/૨૦૨૫

પ્રતિ
શ્રી ઈકબાલભાઈ બાવનભાઈ શેખ,
રહે.સનવાવ, ગામ-સનવાવ
તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથ ..........અરજદાર
વકીલશ્રી, પી. જી. સોસા, ગીરગઢડા

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, સનવાવ, તાલુકો ગીરગઢડા, જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

-: જાહેર નોટીસ :-

આથી લાગતા વળગતાઓને આ નોટિસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના ગીરગઢડા તાલુકાના સનવાવ ગામના રહીશ શ્રી ઈકબાલભાઈ બાવનભાઈ શેખના માતા સ્વ. નુરીબેન બાવનભાઈ શેખનું મરણ તારીખ: ૦૮/૦૩/૧૯૭૭ના રોજ ગીરગઢડા તાલુકાના સનવાવ ગામ ખાતે થયેલ છે.જેની મરણની નોંધ ગીરગઢડા તાલુકાના સનવાવના સને ૧૯૭૭ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદ્દત તા ૨૧/૦૭/૨૦૨૫ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૩૦/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

(જી.કે.વાળા)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા

# મોરબીના પોલીસ સ્ટેશન ખાતે લોક દરબારમાં ટ્રાફિક સમસ્યા અંગે રજુઆત

## જીલ્લા પોલીસ અધિક્ષકે લોકહિતની ફરીયાદો સાંભળી સંબંધિત અધિકારીઓને યોગ્ય કાર્યવાહી કરવા સુચના આપી




**અબતક, મોરબી**

મોરબી શહેરના એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે મોરબી જીલ્લા પોલીસ દ્વારા વાર્ષિક તપાસણી કાર્યક્રમ અંતર્ગત લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠી સીધા લોકોથી રૂબરૂ મળ્યા અને તેમની ફરિયાદો સાંભળી સંબંધિત અધિકારીઓને યોગ્ય કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

લોકદરબારમાં મોટી સંખ્યામાં મોરબીના રહેવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ નાગરિકોએ મોરબી શહેરમાં દરરોજ વધતી ટ્રાફિકની સમસ્યા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ખાસ કરીને પીક અવર્સમાં થતી અવરજવર અને ટ્રાફિક જામથી લોકો પરેશાન થઈ રહ્યા હોવાની રજૂઆત કરવામાં આવી હતી. સાથે સાથે અસામાજિક તત્વો દ્વારા સામાન્ય બાબતે માર મારવો, તેમજ મંડળી રચી હુમલો કરવા જેવા અનેકો બનાવો સામે આવતા હોય છે, તેના ઉપર પોલીસ વિભાગ દ્વારા કોઈ કડક પગલાંની માંગણી કરવામાં આવી હતી. જીલ્લા પોલીસ અધિક્ષકે તમામ રજૂઆતો ધ્યાનપૂર્વક સાંભળી અને લોકોના પ્રશ્નો અંગે યોગ્ય અને ઝડપભરી કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

# ટંકારા: ભાગીદારીમાં લીધેલા પાટિયા માંગતા આધેડને માર માર્યો

**અબતક, મોરબી**

ટંકારા તાલુકાના લજાઈ ગામે આધેડ વ્યક્તિ ઉપર તેમના ઘર નજીક રહેતા ઈસમ દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. જેમાં સયુક્તમાં લીધેલ મકાન બાંધકામના પાટિયા માંગતા થયેલ વિવાદમાં આધેડને ગાળો આપી ઢીકાપાટુનો માર મારવામાં આવ્યો હતો, ત્યારે હુમલાનો ભોગ બનેલા આધેડને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ટંકારા તાલુકાના લજાઈ ગામના સ્મશાન નજીક પાણીના ટાંકા પાસે રહેતા કિશોરભાઈ જીવાભાઈ ચાવડા ઉવ. ૪૫ એ ટંકારા પોલીસ સ્ટેશને આરોપી બાબુભાઈ મોહનભાઈ સારેસા વિરુધ્ધ ફરિયાદ નોંધાવી કે, ફરિયાદી કિશોરભાઈ અને બાબુભાઈએ સયુક્તમાં બાંધકામ માટેના પાટીયા લીધા હોય જેમાં બે પાટીયા ફરિયાદી કિશોરભાઈએ પરત માગ્યા હતા, ત્યારે ગઈ તા.૨૮/૦૬ના રોજ રાત્રે કિશોરભાઈ તેમના ઘરે હાજર હતા ત્યારે તેમના ઘરની શેરીમાં રહેતા આરોપી બાબુભાઈ મોહનભાઈ સારેસા પાટિયા બાબતેના વિવાદમાં કિશોરભાઈના ઘરે આવી તેમને ગાળો આપી ઢીકા પાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ચાલ્યા ગયા હતા.

# શુધ્ધ પાણી ન મળવાનું મુખ્ય કારણ ફિલ્ટર પ્લાન્ટના રીપેરીંગનો અભાવ: કોંગ્રેસ પ્રમુખ ચીખલીયા

## મોરબીમાં તમામ ફિલ્ટર પ્લાન્ટનું રીપેરીંગ કામ શરુ કરવા કોંગ્રેસ પ્રમુખ દ્વારા રજુઆત



**અબતક, મોરબી**

મોરબી શહેરમાં છેલ્લા ઘણા સમયથી પીવા માટે મળતા પાણીની ગુણવત્તા પર ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. આ સંદર્ભે મોરબી જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કિશોરભાઈ ચિખલીયાએ મહાનગરપાલિકા કમિશ્નરને લેખિત રજૂઆત કરી જણાવ્યુ હતું કે, હાલ મોરબીના નાગરિકોને જે પાણી પીવા માટે મળી રહ્યું છે, તે જોઈને એવું લાગી આવે છે કે શું આ પાણી ગટરના સ્તરની ગણતરીમાં આવે? જો આ પાણીનું મેડિકલ લેબોરેટરીમાં ટેસ્ટિંગ થાય તો તંત્ર માટે આંખ ખુલે તેવી હકીકત સામે આવી શકે છે. શહેરમાં આ પ્રકારનું અશુદ્ધ પાણી મળવાનું મુખ્ય કારણ ફિલ્ટર પ્લાન્ટોના રિપેરીંગના અભાવે બંધ હોવાનું છે.

આ સાથે તેમણે માંગ કરી છે કે, તાત્કાલિક ધોરણે શહેરના તમામ ફિલ્ટર પ્લાન્ટનું રીપેરીંગ કામ કરવામાં આવે અને પીવા લાયક શુદ્ધ પાણી નાગરિકોને પૂરું પાડી મહાનગરપાલિકા તેની નૈતિક જવાબદારી નિભાવે તેવી માંગણી સાથે રજુઆત કરવામાં આવી છે.

# મોરબીમાં ઓનલાઇન ઓર્ડરના બહાને યુવક સાથે ૧૫ હજારની ઠગાઈ

## ઓર્ડર મુજબનું પાર્સલ ઘરે આવતા તેમાં જૂનું ફોર્મલ પેન્ટ મળ્યું

**અબતક, મોરબી**

મોરબીમાં મહેન્દ્રનગર નજીક ઉમા વિલેજ સોસાયટીમાં રહેતા યુવક સાથે ઑનલાઇન કપડાં ખરીદીના બહાને ૧૫ હજાર રૂપિયાની છેતરપીંડી થઈ હોવાનો બનાવ સામે આવ્યો છે.

મોરબી શહેરના મહેન્દ્રનગર ઉમા વિલેજ સોસાયટીમાં રહેતા રવિભાઈ રમેશભાઈ ભાડલા ઉવ.૩૧ એ મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં છેતરપીંડી અંગે ફરિયાદ નોંધાવી છે. તાજેતરમાં તેમણે ટ્રેડ ઈન્ડિયા. કોમ નામની ઓનલાઈન સાઈટ પરથી કુર્તી ખરીદવા માટે સર્ચ કર્યું હતું. તે દરમિયાન મો.નં. ૭૦૪૧૪ ૫૯૫૯૬ પરથી તેમને વોટ્સએપ મેસેજ મળ્યો અને ""AN TEXTILE"" નામની કંપનીના નામે એક વ્યક્તિએ વાત કરી જેમાં એક કુર્તીના રૂ.૧૫૦ ના ભાવે કુલ કુર્તી માટે ઓનલાઇન ઓર્ડર બુક કરાવતા રવિભાઈએ રૂ.૧૫,૦૦૦/-નું UPI ID: 6359771885axisbank માં પેમેન્ટ કર્યું હતું. ત્યારે ઓર્ડર મુજબનું પાર્સલ રવિભાઈને ત્યાં આવતા તેમાં એક જૂનું ફોર્મલ પેન્ટ મોકલાયું હતું,

જેથી ફરિયાદી રવિભાઈએ પોતાની સાથે થયેલ છેતરપીંડી અંગે બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપી મોબાઈલ નંબર ધારક અને યુપીઆઈ ધારક વિરુદ્ધ આઈટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# મોરબી સિવિલ હોસ્પિટલમાંથી વધુ એક બાઈક તસ્કરો ઉઠાવી ગયા

**અબતક, મોરબી**

મોરબી સિવિલ હોસ્પિટલમાં મુખ્ય ગેટ પાસે પાર્ક કરેલ બાઈક કોઈ અજાણ્યા વાહન ચોર ઈસમ દ્વારા ચોરી કર્યા અંગે અત્રેના શહેર પોલીસ મથક ખાતે ફરિયાદ નોંધાઈ છે.

બાઈક ચોરી અંગે પ્રાપ્ત વિગતો મુજબ, મોરબીના પંચાસર રોડ રાજનગર સોસાયટીમાં રહેતા મનીષભાઈ પ્રહલાદભાઈ ભટ્ટ ઉવ.૪૭ ગઈ તા.૨૭/૦૬ ના રોજ રાત્રીના પોતાનું હીરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ રજી.નં. જીજે-૦૩-ઈએફ-૧૭૭૩ બાઈક લઈને મોરબી સરકારી હોસ્પિટલ પોતાની દવા લેવા માટે ગયા હતા, ત્યારે રાત્રીનો સમય હોવાથી ઉપરોક્ત બાઈક સિવિલ હોસ્પિટલની અંદર મુખ્ય ગેટના પિલર પાસે પાર્ક કરી, દવા લેવા ગયા હતા, જ્યાંથી માત્ર દસ જ મિનિટમાં તેઓ દવા લઈને પરત આવ્યા ત્યારે જે જગ્યાએ બાઈક પાર્ક કર્યું હતું ત્યાં જોવા ન મળેલ, જેથી નિયમ અનુસાર પ્રથમ ઈ-એફઆઈઆર નોંધાવ્યા બાદ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં રૂબરૂ બાઈક ચોરી અંગે ફરિયાદ નોંધાવી છે,

# મોરબી: નજીક ટ્રકમાંથી દારૂ-બિયરના જથ્થા સાથે ચાલકની અટકાયત

## રાજસ્થાનથી માટીની આડમાં વિદેશી દારૂ-બિયરનો જથ્થો લઈ આવતો હોવાનું સામે આવ્યું

**અબતક,મોરબી**

મોરબી તાલુકા પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે નવા નાગડાવાસ ગામના પાટીયા નજીકથી એક ટ્રક પકડી લેવામાં આખી છે, જે ટ્રકમાં માટીની આડમાં વિદેશી દારૂની ૪૮ બોટલ તથા બિયરના ૧૪૪ ટીન મળી આવ્યા હતા, આ સાથે તાલુકા પોલીસે ટ્રક ચાલકની અટક કરી છે.

મળતી માહિતી અનુસાર, મોરની તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ખાનગી રાહે બાતમી મળી કે ટ્રક રજીસ્ટર નં. આરજે-૫૨-જીએ-૯૩૫૪માં માટીની બોરીઓની વચ્ચે વિદેશી દારૂની હેરાફેરી કરવામાં આવતી હોય જે મળેલ બાતમીને આધારે, તાલુકા પોલીસ ટીમ નવા નાગડાવાસ ગામના પાટીયા પાસે વોચમાં હોય તે દરમિયાન ઉપરોક્ત નંબર વાળી ટ્રક પસાર થતા તેને રોકી તેની તલાસી લેતા, ટ્રકમાં માટીની બોરીઓની વચ્ચે વિદેશી દારૂની ૪૮ બોટલ તથા બિયર ટીન નંગ ૧૪૪ સહિત કિ.રૂ. ૧,૧૪,૭૨૦/-નો જથ્થો મળી આવ્યો હતો, આ સાથે ટ્રક ચાલક આરોપી સાજનસિંગ ઉર્ફે કાળુસિંગ રોડાસિંગ કાઠાત ઉવ.૩૦ રહે.માલપુરા તા.જી.બ્યાવર રાજસ્થાન વાળાની અટકાયત કરવામાં આવી છે, જ્યારે તાલુકા પોલીસે ટ્રક કિ.રૂ.૧૦ લાખ, વિદેશી દારૂ-બિયરનો જથ્થો કિ.રૂ.૧,૧૪,૭૨૦/-, બે મોબાઈલ ફોન કિ.રૂ.૧૦ હજાર સહિત કિ.રૂ.૧૧,૨૪,૭૨૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ પકડાયેલ આરોપી તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઉપલેટા: પાટણવાવ ગ્રામ પંચાયતની પેટા ચુંટણીમાં કેસરીયો લહેરાયો

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

પાટણવાવ ગ્રામ પંચાયતની પેટા ચુંટણીમાં સરપંચ પદે ભાજપના કાનજીભાઈ સાવલીયા ૧૮૧ મતથી વિજેતા થતા ગ્રામજનોએ હર્ષની લાગણી વ્યકત કરી હતી અને જીલ્લા પંચાયતના માજી કારોબારી ચેરમેન કાંન્તીભાઈ ઠુંમર દ્વારા ફુલહારથી સન્માન કરવામાં આવ્યું હતું. અને આ તકે તાલુકા ભાજપ મંત્રી જીતુભાઈ લકકડ તથા સહકારી મંડળીના પ્રમુખ ગીરીશભાઈ પેથાણી તથા ગ્રા પંચાયતના સદસ્યો ચંદુભાઈ ઠુંમર ખીમાભાઈ નિતાબેન લકકડ હંસાબેન સાવલીયા ઉપસરપંચ મનીષાબેન પેથાણી પૂર્વ સરપંચ રેખાબેન પેથાણી તથા ગ્રામ પંચાયતના અન્ય સભ્યો અને તાલુકા ભાજપ પ્રમુખ હીતેશભાઈ વાધમશી દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી તથા ધારાસભ્ય પાડલીયા દ્વારા અભિનંદન આપવામાં આવ્યા હતા.

# મોરબીમાં ઠેર-ઠેર ખોદકામથી લોકો પરેશાન: કલેકટરને રજૂઆત

**અબતક, મોરબી**

મોરબી શહેરમાં ચોમાસાની ઋતુ વચ્ચે મહાનગરપાલિકા દ્વારા અચાનક શરૂ કરાયેલા રસ્તાના ખોદકામના કામોને લઈ મોરબીના જાણીતા સામાજિક કાર્યકર રાજુભાઈ દવે, જગદીશભાઈ બાંભણિયા, સહિતના કાર્યકરોએ રોષ વ્યક્ત કર્યો છે અને મહાનગરપાલિકા કમિશ્નર, જીલ્લા કલેક્ટર અને ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયાને લેખિત રજુઆત કરી છે. તેમણે રજુઆતમાં જણાવ્યુ છે કે, સરકારના પરિપત્ર અનુસાર ૧૫ જૂન બાદ વરસાદી ઋતુમાં રોડ રસ્તાના કોઈપણ કામો ન થવા જોઈએ છતાં મોરબીમાં ઠેર ઠેર ખોદકામ ચાલી રહ્યું છે.

સામાજિક કાર્યકરોએ જણાવ્યું કે, મોરબી મહાનગરપાલિકા નાગરિકોના ટેક્સના બદલામાં યોગ્ય સુવિધાઓ આપવા માટે નિષ્ફળ સાબિત થઈ છે. વિકાસના કામો પર ધ્યાન આપવાને બદલે માત્ર ડીમોલિશનમાં રસ ધરાવતા તંત્રના કારણે રેલવે સ્ટેશન રોડ પરનું કામ પૂર્ણ ન થતાં દરરોજ ટ્રાફિક જામના દ્રશ્યો સામે આવે છે.

# ચોટીલા: મોનપર ગામના તૂટેલા રસ્તાનું સમારકામ કરવા માંગ

**અબતક, રણજિતસિંહ ધાંધલ, ચોટીલા**

ચોટીલા તાલુકાના મોનપર ગામે ગામ ને જોડતો મુખ્ય રસ્તો વરસાદી પાણી થી તૂટી જવાથી ગામલોકો ને અને રાહદારીને અવરજવર માટે મુશ્કેલીઓ નો સામનો કરવો પડી રહ્યો આ અંગે આ રસ્તા પર મુખ્ય નદી હોય જેના પર માર્ગ અને મકાન વિભાગ દ્વારા નવો પુલ મંજૂર કરવામાં આવેલ છે જેના ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેલ હોય આજ દિન સુધી આ પુલ નું કામ શરૂ ન થતાં લોકો ને અવર જવર માટે ખૂબ જ મુશ્કેલી પડતી હોય હાલ રીપેરીંગ કામ કરવામાં આવે અને વહેલી તકે આ પુલ નું કામ શરૂ કરવામાં આવે તેવી ગામ લોકો ની માંગણી ઉઠી છે



# જસદણ નગરપાલિકામાં ભ્રષ્ટાચારનો ભોરિંગ ‘ટાસના ફેરા’ કૌભાંડ સાથે ખનીજચોરીની ‘રાવ’

## એક ટાસના ફેરાના રૂ.૬૦૦ને બદલે ૧૧૦૦ લેવાતા બુમરાણ: ગેરકાયદેસરની પ્રવૃત્તિ થકી સરકારી તિજોરીને પણ નુકસાન !!

**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

જસદણ નગરપાલિકા દ્વારા શહેરમાં રોડના કોન્ટ્રાક્ટરો દ્વારા થઈ રહેલા ભ્રષ્ટાચારને ઢાંકવા ટાસના ફેરા નાખવામાં આવી રહ્યા હોવાની લોકોમાં બૂમરાણ ઉઠી છે. નગરપાલિકાના અધિકારીઓ અને ચૂંટાયેલા સભ્યોની મિલીભગતથી આ ગેરરીતિ ચાલી રહી છે. ટાસના એક ફેરાની વાસ્તવિક કિંમત રૂ. ૬૦૦થી ઓછી હોવા છતાં, નગરપાલિકાએ કોન્ટ્રાક્ટરોને રૂ. ૧૧૦૦થી વધુ ચૂકવવાનું નક્કી કર્યું હતું, જેનો સ્થાનિકોએ સખત વિરોધ કર્યો.

સ્થાનિકોના ઉગ્ર વિરોધને પગલે નગરપાલિકાએ પોતાનો નિર્ણય પાછો ખેંચવો પડ્યો અને ટાસના ફેરા બંધ કરી દેવાયા. નગરપાલિકા પ્રમુખે જણાવ્યું કે હવે કોન્ટ્રાક્ટરોને ફેરા દીઠ રૂ. ૬૫૦ ચૂકવવામાં આવશે. જોકે, આ નવો નિર્ણય પણ પારદર્શકતાના અભાવે શંકાના ઘેરામાં છે, અને લોકોમાં આ નિર્ણય પ્રત્યે અસંતોષ જોવા મળી રહ્યો છે.



કોન્ટ્રાક્ટો ફક્ત સભ્યોના મળતીયાઓને જ આપવાની ગોઠવણ ચાલી રહી છે. આ પગલું નગરપાલિકાની તિજોરીને ખાલી કરવાનું ષડયંત્ર હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. આવી ગેરરીતિઓથી જનતાનો વિશ્વાસ નગરપાલિકાની કામગીરી પરથી ડગી રહ્યો છે.

સૌથી ગંભીર મુદ્દો એ છે કે ટાસના ફેરા માટે વપરાતા ખનીજની સરકારી રોયલ્ટી ચૂકવવામાં આવતી નથી. કોન્ટ્રાક્ટરો દ્વારા ખુલ્લેઆમ ખનીજ ચોરી કરવામાં આવી રહી છે, જેના દ્વારા તેઓ લાખો રૂપિયા ખંખેરી રહ્યા છે. આ ગેરકાયદેસર પ્રવૃત્તિથી નગરપાલિકાને આર્થિક નુકસાન થઈ રહ્યું છે, અને સરકારી તિજોરીને પણ નુકસાન થઈ રહ્યું છે.સ્થાનિકોમાં ભારે રોષ વ્યાપી ગયો છે અને તેઓ પ્રશ્ન ઉઠાવી રહ્યા છે કે કાયદાનો દંડો લઈને ફરતા તંત્રના અધિકારીઓને આ ખનીજ ચોરી અને ભ્રષ્ટાચાર દેખાતા નથી, કે પછી તેમની આંખો બંધ છે? આ ગેરરીતિઓ સામે કડક પગલાં લેવાની માગણી ઉઠી રહી છે, અને જસદણ નગરપાલિકાની કામગીરી પર ગંભીર પ્રશ્નચિહ્નો ઊભાં થયાં છે.

# કાલાવડ - મકાજી મેઘપર પ્રા.શાળામાં આનંદ ઉત્સાહ સાથે ભુલકાને પ્રવેશ અપાયો

**અબતક, રાજુ રામોલીયા, કાલાવડ**

કાલાવડના મકાજી મેઘપર પ્રાથમિક શાળામાં મંગલપુર, શિવનગર અને મકાજી મેઘપર શાળા પ્રવેશોત્સવ-૨૦૨૫નું આયોજન કરવામાં આવેલ. જેમાં મુખ્ય અધિકારી મુકેશકુમાર કંથારીયા ઉપ સચિવ મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગર બીપીનભાઈ ગાંધી સાહેબ નાયબ ઈજનેર સિંચાઈ વિભાગ જામનગર, રજનીભાઈ પટેલ ટીપીઓ કાલાવડ સીમાબેન તા.શાળા આચાર્ય તેમજ સી.આર.સી.કો.ઓર્ડીનેટર. મોટા વડાળા. શિવપાલસિંહ જાડેજા આ તમામ અધિકારીઓએ આજરોજ બાલવાટિકાના બાળકોને શાળામાં પ્રવેશ અપાવ્યો સાથે એસ.એમ.સી. તમામ મકાજી મેઘપર શાળા અને આચાર્ય તેમજ શિક્ષક સ્ટાફ તમામ બધાંના સહકારથી આ કાર્યક્રમ સફળ રહ્યો હતો સાથે ગામમાંથી આવેલ દાતા દ્વારા તમામ બાળકોને કીટની ભેટ અને રોકડ પુરસ્કાર આપવામાં આવેલ હતો.



# જસદણ: સેવા અને સમર્પણનું પ્રતિક ડો. પંકજ કોટડીયા

## દર્દીદિવો ભવના સુત્ર સાથે કોરોના કાળમાં અવિસ્મરણીય યોગદાન આપ્યું હતું



**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

દર વર્ષે ૧ જુલાઈના રોજ આપણાં દેશમાં રાષ્ટ્રીય ડોક્ટર્સ ડે ઉજવવામાં મનાવાય છે સામાન્ય લોકો ડોકટરને ઈશ્વરના દૂત ગણીને સન્માનતા હોય છે ડોક્ટરના સેવાકીય કાર્યોને બિરદાવવા તથા તેમના પ્રત્યે આદર વ્યકત કરવાં માટે આ દીવસ મનાવવામાં આવે છે ત્યારે જસદણ વીંછિયા બાબરા જેવા તાલુકાના અને રાજકોટ જીલ્લાના હજજારો લોકોનાં દિલથી પોંખાયેલા ડો. પંકજભાઈ કોટડીયાની કોરોનાની બીજી લહેરમાં અવિસ્મરણીય યોગદાન આજે પણ લોકો યાદ કરે છે નવી પેઢીને પ્રેરણા અને માર્ગદર્શન મળે એવું વ્યક્તિત્વ ધરાવતાં અને સેવાને પરમ ધર્મ માનનારા ડો. પંકજભાઈ કોટડીયાએ કોરોનાની બીજી લહેરમાં પોતાની હોસ્પિટલની આવક છોડી જસદણમાં કોરોનાંગ્રસ્ત દર્દીઓની સારવારમાં લાગી ગયાં હતાં લાખો રૂપિયા રીતસર ઠુકરાવી દર્દીઓના દુઃખો દૂર કરનારા ડો. પંકજભાઈ કોટડીયાને આજે રાષ્ટ્રીય ડોકટર્સ ડે એ સલામ!

# ખંભાળીયામાં વરસાદથી નદી-નાળા છલકાયા, ઠેર-ઠેર પાણી ભરાયા

## જોધપુર ગેટ,નગરગેટ, રામનાથ રોડ સહિતના વિસ્તારોમાં પાણી ભરાતા વાહન ચાલકોને મુશ્કેલી

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સતત પાચમાં દિવસે પણ મેઘરાજાની સવારી અવિરત રહેતા સમગ્ર જિલ્લાના તમામ સ્થળોએ વરસાદ પડયોહતો. જેમાં પોણા ઈંચથી સવા બે ઈંચ વરસાદ પડયો હતો.

ખંભાળીયાનાં કલ્યાણપુર વિસ્તારમાં સૌથી ઓછો પોણો ઈંચ વરસાદ પડયો હતો. મોસમનો કુલ સાડાતેર ઈંચ ભાણવડમાં બે ઈંચ મોસમનો કુલ સાત ઈંચ ખંભાળીયા બે ઈંચ મોસમનો કુલ આઠ ઈંચ તો દ્વારકામાં સૌથી વધુ સવા બે ઈંચ વરસાદ પડયો હતો. મોસમનો કુલ ૧૦ ઈંચ વરસાદ પડયો છે.



ત્યારે દોઢ કલાકમાં બે ઈંચ ઉપરાંત વરસાદ પડતા ભાણવડ તથા ખંભાળીયા પાણી પાણી થઈ ગયા હતા. ખંભાળીયામાં જોધપુર ગેઈટ, નગરગેઈટ, જૂના શારદાસીનેમા રોડ, રામનાથ રોડ પર ફૂટફૂટ પાણી ભરાતા ટુ વ્હીલરો ચલાવવામાં મુશ્કેલી થતી હતી તો અનેક ગાડીઓ બંધ થઈ ગઈ હતી.

ભારે વરસાદને કારણે અનેક સ્થળે ખેતરો નદીમાં ફેરવાઈ ગયા હતા તો ગ્રામ્ય પંથકના અનેક તળાવો ચેકડેમોમા નવા નીર આવ્યા છે તો સતત વરસાતા વરસાદથી હમણાજ વાવણી કરેલ કેટલાક નબળી જમીનો વાળા ખેડુતો માટે મુશ્કેલી પણઉભી થઈ છે. જોકે ખંભાળીયામાં રોજ તડકો અને વરસાદની સ્થિતિથી પાકને વધુ નુકશાન થયું નથી.

# જસદણ: ગોપાલ ભાડલીયાએ ૫૩ વખત રક્તદાન કરી ‘સેવાની સુગંધ’ ફેલાવી

## દશા મોઢ વણિક સમાજના કાર્યકરે ૫૩મી વખત રક્તદાન કરી પુણ્યનું ભાથું બાંધ્યું



**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

જસદણની કેટલીક સંસ્થાઓએ રકતદાન કેમ્પો યોજી હજારોની સંખ્યામાં સ્વૈચ્છિક રક્તદાતાઓ પાસેથી રક્ત મેળવી સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડ્યું હતું એમની જસદણના નાગરિકોએ નોંધ લીધી જ છે ત્યારે જસદણમાં યોજાયેલ એક રકતદાન કેમ્પમાં દશા મોઢ વણિક સમાજના કાર્યકર ગોપાલ રતિલાલ ભાડલીયાએ ૫૩મી વખત રકતદાન કરી પુણ્યનું ભાથું બાંધ્યું હતું તેઓના જણાવ્યાં અનુસાર તેઓ લાંબા સમયથી દેશના રક્ત જરૂરિયાતમંદ લોકો માટે પોતાનું રક્ત આપે છે વધુમાં જણાવ્યું હતું કે જે લોકો રક્તદાન કરી શકતાં હોય એવી શરીરમાં પરિસ્થિતિ હોય એમણે રકતદાન અવશ્ય કરવું જોઈએ જે થકી રક્ત જરૂરિયાત દર્દીઓએ કોઈ તકલીફ વગર આસાનીથી લોહી મેળવી શકે.

# રાજકોટના 'ધરોહર' લોકમેળાનો કોન્ટ્રાકટર ચકડોળના ધંધાર્થીના રૂ. ૨૪.૪૦ લાખ ચાઉં કરી ગયો

## ભારે વરસાદને પગલે રદ્દ કરાયેલા લોકમેળાના પૈસા વહીવટી તંત્રે રિફંડ આપી દીધા'તા

## વિરેન્દ્રસિંહ ગોહેલે માણાવદરના ધંધાર્થીને વર્ષ વીત્યું છતાં પૈસા પરત નહિ આપતાં અંતે પ્ર.નગર પોલીસમાં ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

રાજકોટમાં દર વર્ષે જન્માષ્ટમી નિમિત્તે યોજાતો લોકમેળો સૌરાષ્ટ્રના સૌથી મોટા લોકમેળા પૈકી એક છે. સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતમાંથી ઉત્સવપ્રેમી લોકો મેળાની મજા માણવા રાજકોટ આવતા હોય છે પણ ગત વર્ષે ભારે વરસાદને પગલે લોકમેળો રદ્દ થયો હતો. ત્યારે 'ધરોહર લોકમેળા'નો કોન્ટ્રાકટર વિરેન્દ્રસિંહ ગોહેલ માણાવદર રહેતાં ચકડોળના ધંધાર્થીના રૂ.૨૩.૪૦ લાખ ઓળવી જતાં પ્ર.નગર પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે. વેપારીએ ગયાં વર્ષના મેળામાં ચાર પ્લોટના કોન્સ્ટ્રાકટર વિરેન્દ્રસિંહ ગોહેલને રોકડા રૂપિયા આપ્યા હતા. જે બાદ વરસાદના કારણે મેળો રદ થતા તંત્રએ રિફંડ ચૂકવી દિધું પરંતુ કોન્ટ્રાકટર હજમ કરી ગયો હતો.મામલામાં માણાવદરના બહારપરા વિસ્તારમાં રહેતાં પુથ્વીરાજ રમેશભાઈ પંચાલ (ઉ.વ.૨૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે વિરેન્દ્રસિંહ મંગળસિંહ ગોહેલ (રહે. રેલનગર, રાધા પાર્ક શેરી નં.૧, જાડેજા ચોક, રાજકોટ) નું નામ આપતા પ્ર.નગર પોલીસે વિશ્વાસઘાતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ મેળાઓમા યાંત્રીક રાઈડોનો ધંધો કરે છે. વર્ષ ૨૦૨૪ માં રાજકોટના રેસકોર્ષમા ધરોહર મેળો યોજાયેલ હોઈ જેનુ ટેન્ડર વિરેન્દ્રસીહ મંગળસીહ ગોહેલએ ભરેલ હતું અને તે પેટા કોન્ટ્રાકટ આપતા હોઈ જેથી તેનો કોન્ટેક કરેલ હતો. તેમજ તે વિરેન્દ્રસીહને જુની કલેકટર કચેરી ખાતે મળેલ હતો. તેઓએ વિરેન્દ્રસીહને જણાવેલ કે, મારે તમારી પાસેથી પેટા કોન્ટ્રાકટમા ચકડોળના ચાર પ્લોટ લેવા છે તેમ વાત કરતા તેણે જણાવેલ કે, એક પ્લોટના રૂ.૫.૮૫ લાખ ભાવ છે. જેથી ફરીયાદીએ હા પાડી ચાર પ્લોટ લેવાના છે કહેતાં જેથી તેણે કહેલ કે, તમે ચાર પ્લોટના કુલ રૂ.૨૩.૪૦ લાખ લઈ રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે આવજો.

જે બાદ ફરીયાદી તા. ૨૩/૦૮/૨૦૨૪ ના તેના દાદા રામજીભાઈ સાથે રોકડા પૈસા લઈને રાજકોટ ખાતે ઈન્ડીયન બેંકે ગયેલ હતા. ત્યા વીરેન્દ્રસીંહ પાસે જાકીરભાઈ બ્લોચ, ફારૂકભાઈ અને કાનાભાઈ પણ હાજર હતા. તે લોકોની હાજરીમા વિરેન્દ્રસીહને રોકડા રૂ. ૨૩.૪૦ લાખ આપેલ હતા. જે રૂપીયા વીરેન્દ્રસિંહે લોકમેળા સમીતીના ખાતામા જમા કરાવેલ હતા અને તેને ચાર પ્લોટ આપેલ હતા. તેમજ જણાવેલ કે, તમને ચાર પ્લોટનો એલોટમેન્ટ લેટર આપવામા આવશે પણ એલોટમેન્ટ લેટર આ વિરેંદ્રસીહના નામનો આવેલ હતો.

બાદમાં ભારે વરસાદના કારણે લોકમેળો બંધ રહેલ હતો અને કલેકટરએ જાહેરાત કરેલ કે, મેળાનુ રીફન્ડ આપવામાં આવશે અને મેળો રદ કરેલ હતો. આ મેળાનુ રીફંડ તા. ૦૮/૧૨/૨૦૨૪ થી ૧૨/૧૨/૨૦૨૪ ના સમય ગાળા દરમ્યાન વિરેંદ્રસીહના ખાતામાં આવી ગયેલ જેથી વિરેન્દ્રસીંહે તેમના નામનો ૧૧ લાખનો ચેક આપેલ હતો અને બાકીના રૂ.૧૨.૪૦ લાખ રોકડા ચુકવી આપીશ તેમ જણાવેલ હતું.

ફરીયાદીએ તેમને આપવામાં આવેલ રૂ.૧૧ લાખનો ચેક બેન્કમા તા. ૨૦/૦૧/૨૦૨૫ ના નાંખતા તે ચેક રીટર્ન થયેલ હતો. જેથી વકીલ મારફતે તેને નોટીશ મોકલેલ હતી પણ તેને આ બાબતે કોઈ જવાબ આપેલ નહી, જેથી માણાવદર કોર્ટમાં ચેક રીટર્નનો કેશ કરેલ છે અને બાકીના ફરીયાદીએ તેને આપેલા રૂ.૧૨.૪૦ લાખ તેની પાસેથી લેવાના હોઈ તે પણ આપતા ન હોઈ જેથી વીરેન્દ્રસીંહ મંગળસીંહ ગોહેલે લોકમેળાના ચકડોળના પ્લોટ ના રૂ.૨૩.૪૦ લાખ ઓળવી જીઈ પરત ન કરતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરિયાદ પરથી પ્ર.નગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# પ્રાંતિજ: કતપુર ટોલનાકા પાસે ત્રિપલ અકસ્માત

## એક વ્યક્તિને ઈજાઓ થતાં હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યો



**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લામાંથી પસાર થતા અમદાવાદ ઉદયપુર નેશનલ હાઈવે નંબર ૪૮ પર પ્રાંતિજના કતપુર ટોલનાકા પાસે રવિવારની રાત્રે ત્રિપલ અકસ્માત સર્જાયો હતો ચિલોડાથી શામળાજી સુધી ચાલી રહેલી રોડ અને ઓવરબ્રિજની કામગીરીને કારણે રસ્તામાં ખાડાઓ પડ્યા હોવાનું જાણવા મળ્યું છે કતપુર પાસે ખોદકામને કારણે સિક્સ લેનમાંથી સિંગલ લેન થયેલા હાઈવે રોડ પર લાઈટના અભાવે એક ટ્રક ચાલકે અચાનક બ્રેક મારી હતી આ સમયે પાછળથી આવતી સ્કોર્પિયો ગાડી ટ્રક સાથે અથડાઈ ગઈ હતી જ્યારે સ્કોર્પિયોની પાછળ આવતી બીજી ટ્રકે પણ અથડામણ કરતાં સ્કોર્પિયો બે ટ્રક વચ્ચે ફસાઈ ગઈ હતી જેમાં અકસ્માતમાં સ્કોર્પિયોમાં સવાર એક વ્યકિતને ઈજાઓ થતાં તેમને તાત્કાલિક હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા ઘટનાને પગલે રસ્તા પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ પણ હતી. જેને લઈને વાહનોની લાંબી કતારો લાગી હતી.

નેશનલ હાઈવે ઓથોરિટીએ રાત્રિ દરમિયાન આવા અકસ્માતો વારંવાર ન સર્જાય તે માટે યોગ્ય કામગીરી કરવાની જરૂર છે.

### વિસાવદર ધારાસભ્યની પેટા ચૂંટણી પૂર્ણ થતા

# જૂનાગઢ જિલ્લા પોલીસ વડા સુબોધ ઓડેદરા દ્વારા ૩૬ પોલીસ કર્મી.ની બદલી

## એલ.સી.બી.ના ૧૩ પોલીસ મેન સહિત ૧૫ને હેડ ક્વાર્ટરમાં મુકાયા: એસઓજીમાં પી.એસ.આઈ. તરીકે શીતલબેન સોલંકીને પોસ્ટીંગ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

ચૂંટણી કામગીરી પૂર્ણ થતા જ જુનાગઢ જિલ્લાના પોલીસ વિભાગમાં બદલીઓનો ધાણાવો કઢાવ્યો છે. જુનાગઢ એસપી દ્વારા એલસીબી અને એસઓજીમાં ધડમૂળમાંથી ફેરફાર કરી કુલ ૨૩ પોલીસ કર્મીઓની બદલી કરવામાં આવી છે. મોટાભાગના પોલીસ કર્મીઓને પોલીસ હેડ ક્વાર્ટરમાં મૂકી દેવામાં આવ્યા હોવાના સમાચારો મળી રહ્યા છે.

ગાંધીનગર કોસ્ટલ સિક્યુરિટીના એસપી સુબોધ ઓડેદરાની વિસાવદરની ધારાસભાની પેટા ચૂંટણી પૂર્વે જૂનાગઢના એસ.પી તરીકે નિમણૂક કરવામાં આવી હતી. અને આ ચૂંટણી કામગીરી પૂર્ણ થતાની સાથે જ તેમના અંદરમાં આવતી જિલ્લાની મહત્વની બે બ્રાંચ એવી લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપમાં જડમૂળથી ફેરફાર કર્યા છે. જેમાં ૨૩ બિન હથિયારધારી અને ૧૩ કોન્સ્ટેબલ કક્ષાના પોલીસે કર્મીઓની બદલીઓ કરવામાં આવી છે.



એસ.પી. સુબોધ ઓડેદરા

પ્રાપ્ત માહિતી મુજબ, જુનાગઢ એસ.પી. એ એલસીબી અને એસ.ઓ.જી.માં કરેલ લેખિત અને મૌખિક ઓર્ડર મુજબ, જુનાગઢ એ અને બી ડિવિઝન, જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન, વિસાવદર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ૬ કર્મચારીઓને એલસીબીમાં મૂક્યા છે.

જ્યારે એલસીબીમાં ફરજ બજાવતા કુલ ૧૩ પોલીસ કર્મીઓને સીધા પોલીસ હેડ ક્વાર્ટરમાં બદલી કરવામાં આવી છે. આ સાથે સાયબર સેલમાંથી એક પોલીસ કર્મીને હેડ ક્વાર્ટરમાં અને પેરોલફ્લોમાં ફરજ બજાવતા એક પોલીસકર્મીને હેડ ક્વાર્ટરમાં મૂકવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

જો કે, પોલીસ વર્તુળોમાં થતી ચર્ચા મુજબ છેલ્લા ઘણા સમયથી જુનાગઢ જિલ્લા પોલીસમાં આંતરિક બદલ્યો થવા પામી નથી. ત્યારે નવા એસપી દ્વારા સંભવત આગામી દિવસોમાં પોલીસ કર્મીઓની સાથે પી.આઈ; પી એસ આઈ કક્ષાના પોલીસ અધિકારીઓની બદલી પણ થઈ શકે.

ઈન્સ્ટ્ર

મહિલા પીએસઆઈ શીતલ સોલંકીને એસ.ઓ.જી. બ્રાન્ચમાં મુકાયા અગાઉ એસ.ઓ.જી.માં ફરજ બજાવી ચૂકેલા અને હાલમાં શીલ પોલીસ સ્ટેશનમાં મહિલા પીએસઆઈ તરીકે ફરજ બજાવતા શીતલબેન સોલંકીની જૂનાગઢ એસઓજી બ્રાન્ચમાં બદલી કરવામાં આવી છે.

# ચોટીલા: મોરસલ ગામે સસ્તાં અનાજનો દુકાનદાર જ કાળાબજારી કરતો ઝડપાયો

## સરકારી અનાજના ૧૫ કટાનો બારોબાર વહીવટ કરતાં નાયબ કલેકટર એસ.ટી. મકવાણાની ટીમે કાર્યવાહી હાથ ધરી

**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

ચોટીલાના નાયબ કલેકટર એચ.ટી.મકવાણા અને તેમના ટીમ દ્વારા માર્કેટીંગ યાર્ડ ચોટીલા પાસેથી સાયલા તાલુકાના મોટી મોરસલ ગામના સરકારી વ્યાજબી ભાવની દુકાનના સંચાલક શૈલેષભાઈ હરજીભાઈ ડાભી રહે છે તે સાયલા વાળા સરકારી અનાજનો જથ્થો છકડો વાહનમાં ભરી કાળા બજાર કરી, વેચાણ કરવા આવેલ જેનાથી જાહેર વિતરણ વ્યવસ્થા પ્રતિકુળ અસર પહોચાડેલ છે. સાયલા વાળાના છગડા વાહન માં ભરી માર્કેટીંગ યાર્ડ ચોટીલા ખાતે કાળા બજાર કરી વેચાણ કરવાના હેતુથી લાવેલ હતા.

જેમાં જપ્ત કરેલ મુદ્દામાલ ૧૫ કટા ઘંઉના ( સરકારી અનાજ), છકડો વાહન નંબર જીજે ૧૩ વી ૬૨૩૪

રૂ.૧,૮૧,૦૦૦/- ( અંકે રૂપિયા એક લાખ એકયાસી હજાર પુરા) નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો. જે મુદ્દામાલ પૈકી સરકારી અનાજના ૧૫ ઘઉંના કટા સરકારી ગોડાઉન, ચોટીલા ખાતે તેમજ છકડો વાહન મામલતદાર કચેરી ચોટીલા ખાતે ખસેડવામાં આવેલ.

આમ, સાયલા તાલુકાના મોટી મોરસલમાં આવેલ સરકારી વ્યાજબી ભાવની દુકાનના સંચાલક શૈલેષભાઈ હરજીભાઈ ડાભી મોટી મોરસલ વાળાએ કુલ સરકારી અનાજના ૧૫ (પંદર ) કટાનો કાળા બજાર કરી, ખુલ્લા બજારમાં મોટી કિંમતે વસુલ કરવાના ઈરાદાથી વેચાણ કરી, જાહેર વિતરણ વ્યવસ્થા પ્રતિકુળ અસર પહોચાડવાનું ગેરકાયદેસર કૃત્ય કરેલ હોવાથી તેઓની વિરુધ્ધ ટાર્ગેટ પબ્લીક ડીસ્ટ્રીબ્યુશન સિસ્ટમ કંટ્રોલ ઓર્ડર ૨૦૧૫ મુજબ નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવેલ છે.

## જેતપુરના આરબ ટીબડી ગામે મકાનમાંથી દેશી અને વિદેશી દારૂ પકડાયો

### શરાબની ૮૫ બોટલ અને પાંચ લીટર દેશી દારૂ મળી, રૂ.૪૧ ૮૦૦નો મુદ્દામાલ કબ્જે: બુટલેગરની શોધ ખોળ

**અબતક રાજકોટ**

જેતપુર તાલુકાના આરબ ટીબડી ગામે મકાનમાંથી વિદેશી દારૂની ૮૫ બોટલ અને બે લિટર દેશી દારૂ મળી, રૂ.૪૧.૮૦૦નો મુદ્દામાલ જેતપુર તાલુકા પોલીસની ટીમે કબ્જે કર્યો છે.પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, જેતપુર તાલુકા પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, ટીબડી ગામે રહેતો સુમિત પ્રકાશભાઈ પારઘી નામના શખ્સે તેના મકાનમાં વિદેશી અને દેશી દારૂનો જથ્થો છુપાવ્યો છે.જેતપુર તાલુકા પોલીસે આરબ ટીબડી ગામે મકાનમાં દરોડો પાડી શરાબની ૮૫ બોટલ અને બે લીટર દેશી દારૂ મળી, રૂ.૪૧ ૮૦૦નો મુદ્દા માલ કબ્જે કર્યો છે. દરોડા દરમિયાન બુટલેગર સુમિત પ્રકાશભાઈ પારઘી હાજર ન મળતા, તેના વિરૂદ્ધ પ્રોહીબીશનગુનો નોંધી તેની શોધ ખોળ હાથ ધરી છે. આ દરોડાની કામગીરી એ.એસ.આઈ ભુરાભાઈ માલીવાડ, હેડ કોસ્ટેબલ મનેશભાઈ જોગરાડીયા, એ આર ગંભીર અને કોન્સ્ટેબલ પ્રદ્યુમનસિંહ વાઘેલા સહિતના સ્ટાફે બજાવી હતી.

# બાબરામાં ગુમ થયેલી બે બાળકીની શોધખોળ: અપહરણની આશંકા

## રીક્ષા ચાલક પિતાની બાળકીઓ ભિક્ષાવૃત્તિ કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતી તી

**અબતક બાબરા**

બાબરામાં વાદી પરિવારની બે બાળકીઓ ત્રણ દિવસથી લાપતા બનવાના બનાવમાં પોલીસે બાળકોની શોધખોળ હાથ ધરી અપહરણની આશંકા સાથે અપહરણકાર અને બાળકીઓની ભાળ મેળવવા પોલીસે અલગ અલગ ટીમો બનાવી સીસીટીવી ફૂટેજ ના આધારે સઘન તપાસ હાથ ધરી છે. આ અંગે પ્રાપ્ત વિગત મુજબ મૂળ નાની ડોળી વાદી ફળિયા સંતરામપુર મહીસાગર જિલ્લા ના વતની અને વર્ષોથી બાબરામાં ભાવનગર રોડ પર સ્થાયી થયેલા રાયસીંગભાઈ ધીરુભાઈ વાદી ૪૫, છ બાળકો અને પત્ની સાથે રહે છે બાળકીઓ ભિક્ષાવૃત્તિ કરીને પરિવારને આર્થિક મદદરૂપ થાય છે અને પિતા રીક્ષા ચલાવીને ગુજરાન ચલાવે છે તારીખ ૨૮ ના રોજ બપોરે ૧:૦૦ વાગ્યે રાયસીંગભાઈ અને તેના પત્ની બહાર ગયા હતા તે દરમિયાન ૧૨ વર્ષની અને નવ માસની બે બાળકી ઘર પાસે દુકાને ભાગ લેવા ગયા બાદ મોડે સુધી ના આવતા સાંજે પોલીસમાં જાણ કરી હતી. આ અંગે રાયસીંગભાઈ વાદી ની ફરિયાદને લઈને પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી બાળકીઓની ભાળ મેળવવા સીસીટીવી ફૂટેજ ચેકિંગ હાથ ધર્યું છે આ અંગે નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈના માર્ગદર્શક પોલીસે અલગ અલગ ટીમો બનાવી વિશેષ પૂછપરછ સાથે બાળાઓની તલાશ હાથ ધરી છે આ લખાય રહ્યું છે ત્યાં સુધી હજુ બાળકીઓનો કોઈ પતો લાગ્યો નથી

### રાજકોટમાં ફરીવાર 'ફર્ઝી'નું ભૂત ધુણ્યું

# બનાવટી ચલણી નોટ સાથે પોરબંદરના પત્રકાર હિતેશ દાવડાની ધરપકડ

## મહાત્મા ગાંધી મ્યુઝીયમ કમ્પાઉન્ડમાં ચરખા રેસ્ટોરન્ટ પાસે એસઓજીનો દરોડો : રૂ. ૧૦૦ના દરની ૧૭ બનાવટી નોટ કબ્જે

## પત્રકાર રાણાવાવના વિજય નામના શખ્સ પાસેથી ૫૦ ટકા કમિશનમાં બનાવટી ચલણી નોટ લાવ્યાનો ખુલાસો

## હોટલ, પાન-બીડીની દુકાન અને રીક્ષા ચાલકોને અનેક બનાવટી નોટ પધરાવી દેવાયાનો ઘટસ્ફોટ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં ફરી એકવાર શાહીદ કપૂરની વેબ સિરીઝ 'ફર્જી'નું ભૂત ધુણ્યું છે. અગાઉ બનાવટી નોટો છાપવાનું આખેઆખું મીની કારખાનું ઝડપાયા બાદ હવે બનાવટી ૧૦૦ ના દરની ચલણી નોટ સાથે પોરબંદરના પત્રકાર હિતેષ દાવડાને રાજકોટ શહેર એસઓજીની ટીમે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી છે. આરોપી રાણાવાવના વિજય નામના શખ્સ પાસેથી ૫૦ ટકા કમિશનમાં બનાવટી ચલણી નોટ લઈ આવી રાજકોટમાં હોટલ, પાન-બીડીની દુકાન અને રીક્ષા ચાલકોને અનેક ૧૦૦ ના દરની બનાવટી નોટ પધરાવતો હતો.રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા, ડિસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઈમ ભરત બસીયા દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં ભારતીય બનાવટી (નકલી) ચલણી નોટોનો ખરા તરીકે ઉપયોગ કરતા શખ્સો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવાની આપેલ સુચનાથી એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજાના માર્ગદર્શન હેઠળ પીઆઈ એન.વી.હરીયાણી, પીએસઆઈ વી.વી.ધ્રાંગુ ટીમ સાથે પેટ્રોલીંગમાં હતાં. ત્યારે હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ જાડેજા, યોગરાજસિંહ ગોહિલ અને કોન્સ્ટેબલ અનોપસિંહ ઝાલાને મહાત્મા ગાંધી મ્યુઝીયમ કમ્પાઉન્ડમાં આવેલ ચરખા રેસ્ટોરન્ટ પાસે એક શખ્સ ઉભેલ છે અને તેની પાસે બનાવટી ચલણી નોટ હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે એસઓજીની ટીમે દરોડો પાડી ત્યાં હાજર શખ્સને પકડી લઈ તેનું નામ પૂછતા હિતેષ કનુ દાવડા (ઉ.વ.૬૧, ધંધો-પત્રકાર, રહે, વાડી પ્લોટ શેરી નં.૫ ઉકાભાઈની ઘંટી વાળી શેરી પોરબંદર) હોવાનું જણાવ્યું હતું.એસઓજીની ટીમે પકડાયેલ શખ્સ પાસેથી રૂપિયા ૧૦૦ ના દરની ૧૭ બનાવટી ચલણી નોટ સાથે અલગ અલગ ચલણી નોટ કબ્જે કરી તેની સઘન પૂછતાછ હાથ ધરી હતી.




પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર બનાવટી ચલણી નોટ સાથે પકડાયેલ હિતેષ દાવડા પોતે પત્રકાર હોવાનું અને પોરબંદરમાં ન્યુઝ પેપર એજન્સી ધરાવતો હોવાની કબૂલાત આપી છે. ઉપરાંત પોતે રાણાવાવના વિજય નામના શખ્સ પાસેથી રૂપિયા ૫,૦૦૦ ની બનાવટી ચલણી નોટો મેળવી હતી જેમના તેને વિજય નામના શખ્સને રૂપિયા ૨૫૦૦ ચૂકવ્યા હતા. જે બાદ આરોપી બનાવટી ચલણી નોટો લઈને રાજકોટ આવ્યો હતો અને અહીં તેને અલગ અલગ હોટલો, પાન બીડીની દુકાનો તેમજ રીક્ષા ચાલકોને બનાવટી ચલણી નોટો પધરાવી દિધી હતી. હજું વધું બનાવટી ચલણી નોટો તે શહેરમાં ફેલાવે તે પહેલાં જ એસઓજીની ટીમે દબોચી લીધો હતો.

આરોપીએ કેટલી વાર રાજકોટ સહિતના અન્ય વિસ્તારોમાં પણ બનાવટી ચલણી નોટો આપી રોકડી કરી છે તે અંગેની વિગતો સામે લાવવાં આરોપીને ૧૦ દિવસના રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

બનાવ અંગે એસઓજી પીઆઈ એમ.જાડેજા, એન.વી.હરીયાણી, પીએસઆઈ વી.વી.ધ્રાંગુ, એએસઆઈ વિરેન્દ્રસિંહ ઝાલા, અરૂણ બાંભણીયા, હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ જાડેજા, યોગરાજસિંહ ગોહિલ, મૌલિક સાવલીયા, ઉપેન્દ્રસિંહ ઝાલા, મહાવિરસિંહ ઝાલા અને કોન્સ્ટેબલ અનોપસિંહ ઝાલા, હરદેવસિંહ વાળાએ કામગીરી કરી હતી.

### ઝડપાયેલો પત્રકાર જાગીર વિરાટ અને આદર્શ પરિવાર નામે સાપ્તાહિક અખબાર ચલાવતા હોવાનો ખુલાસો

પોલીસે વિશેષમાં જણાવ્યું હતું કે, જાલીનોટ સાથે ઝડપાયેલ હિતેશ દાવડા પોરબંદરમાં જાગીર વિરાટ અને આદર્શ નામના સાપ્તાહિક ચલાવે છે. આ કથિત પત્રકાર પોરબંદરથી વિજય નામના શખસ પાસેથી રૂપિયા ૫,૦૦૦ ના દરની ૫૦ જાલીનોટ લઈ વટાવવા માટે નીકળ્યો હતો અને તેમાંથી ઘણીખરી નોટો તેણે ટિકિટ ભાડા અને રેસ્ટોરન્ટમાં વટાવી પણ નાખી હતી. આરોપી આ પ્રકારનું કારસ્તાન કેટલા સમયથી આચરતો હતો અને તેમાં વિજય સિવાય અન્ય કોઈ સંડોવાયેલ છે કે કેમ? સહિતની બાબતો અંગે તપાસ કરવા અને વિજય નામના આ શખસને પકડી પાડવા માટે આરોપીને દસ દિવસના રિમાન્ડની માંગણી સાથે કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવશે.

### અઢી હજારમાં પાંચ હજારની નકલી નોટો લીધાની કેફીયત

રૂપિયા ૧૦૦ ના દરની ૧૭ જાલી નોટ સાથે ઝડપાયેલા કથિત પત્રકાર હિતેશ દાવડાની એસોજીએ પૂછતાછ કરતા તે વિજય નામના શખસ પાસેથી આ જાલીનોટ લાવ્યો હોવાની કબુલાત આપી હતી. એટલું જ નહીં તેણે રૂપિયા અઢી હજારમાં પાંચ હજારની જાલીનોટ લીધી હોવાની પણ કબુલાત આપી હતી.

### શહેર પોલીસની એસઓજી શાખાનો સપાટો

### ત્રણ દિવસમાં એનડીપીએસના ત્રણ દરોડા બાદ બોગસ નોટોનું કૌભાંડ ઝડપી લેવાયુ



શહેર પોલીસની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ(એસઓજી) શાખાએ ત્રણ દિવસમાં એનડીપીએસના ત્રણ દરોડા પાડી સપાટો બોલાવ્યો હતો. અગાઉ ભગવતીપરાની ઓરડીમાંથી રૂ. ૧.૬૮ લાખની કિંમતના ૧૬.૮૭૭ કિલોગ્રામ ગાંજા સાથે ઈનુષ ઘેલડ નામના શખ્સની ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં બીજા દિવસે મધુરમ ઈન્ડસ્ટ્રીઝમાંથી મૂળ બિહારના વતની અને હાલ શાપર ખાતે રહેતો અભિજીત પાસવાનને રૂ. ૧.૨૭ લાખની કિંમતના ૧૨.૭૫૧ કિલોગ્રામ ગાંજા સાથે પકડી લેવાયો હતો. ત્યારબાદ ગઈકાલે સોરઠીયાવાડી બગીચા નજીકથી મુંબઈથી રૂ. ૮૦,૪૦૦ કિંમતનો ૮.૦૪ ગ્રાન મેફેડ્રોન ડ્રગ્સ લાવનાર ખોડિયારનગરના મનોજ રામદાસભાઈ દેસાણીને ઝડપી પાડવામાં આવ્યો હતો. હવે સતત ચોથા દિવસે ચોથો દરોડો પાડી એસઓજીએ બનાવટી ચલણી નોટો સાથે પોરબંદરના પત્રકારને દબોચી લેવામાં આવ્યો છે.

## એસઓજી પીઆઈ એસ એમ જાડેજા અને એન વી હરીયાણીના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ જાડેજા, યોગરાજસિંહ ગોહિલ અને કોન્સ્ટેબલ અનોપસિંહ ઝાલાની બાતમીના આધારે દરોડો

# જામનગર ક્રાઈમ ડાયરી

## ખીમરાણા ગામના પાટીયા પાસે કાર અને બાઈક વચ્ચેના અકસ્માત

### વેરાડ ગામનું ખેડૂત દંપતી ગંભીર ઘાયલ

**અબતક, જામનગર**

જામનગર રાજકોટ ધોરી માર્ગ પર ખીમરાણા ગામના પાટીયા પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો, જે અકસ્માતમાં ભાણવડ તાલુકાના વેરાડ ગામના ખેડૂત દંપતિને નાની મોટી ઈજા થઈ છે. પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધ્યો છે.

આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે ભાણવડ તાલુકાના વેરાડ ગામના વતનની અને ખેતી કામ કરતા રમેશભાઈ ભાણજીભાઈ રાઠોડ ગત ૨૬ તારીખે પોતાના બાઈકમાં પત્ની ગીતાબેન ને પાછળ બેસાડીને જામનગર રાજકોટ હાઈવે રોડ પરથી પસાર થઈ રહ્યા હતા.જે દરમિયાન ખીમરાણા ગામના પાટીયા પાસે પૂરપાટ ઝડપે આવી રહી હતી જીજે -૩ બી.ઝેડ. ૦૧૧૩ નંબરની કારના ચાલકે દંપતિના બાઈકને ઠોકરી ચડાવતાં અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં બાઈક સવાર રમેશભાઈ અને તેના પત્ની ગીતાબેન બંનેને નાની મોટી ઈજાઓ થઈ હોવાથી સારવાર માટે જામનગરની સરકારી જી.જી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.આ અકસ્માતના બનાવવા અંગે બાઈક ચાલક રમેશભાઈ રાઠોડ એ કાર નંબર જી.જે. -૩ બી.ઝેડ. ૦૧૧૩ ના ચાલક સામે ફરિયાદ નોંધાવી છે. જેને પોલીસ શોધી રહી છે.

## કનસુમરા રોડ પર ખાનગી કંપનીનું ઓફિસનું તાળુ તોડી રૂ.૬૦ હજારની ચોરી

### કન્ટેનરનો લોક તોડી એર કન્ડિશન મશીન, કલરના સાત ડબલા તથા ઈલેક્ટ્રીક વાયરની તસ્કરી

**અબતક, જામનગર**

જામનગર નજીક કનસુમરા રોડ પર ડાયનામિક ફેક્ટરીની સામે એપલ ઈન્ડસ્ટ્રીઝ -૪ માં ચાલતી સાઈટમાં એક કન્ટેનર મુકાયેલું છે અને કન્ટેનરમાં ખાનગી કંપનીની ઓફિસ પણ આવેલી છે.

જે કન્ટેનરની ઓફિસમાં ગત ૨૮ તારીખે રાત્રિ દરમિયાન કોઈ તસ્કરોએ લોક તોડી નાખ્યું હતું, અને અંદર પ્રવેશ મેળવી લીધો હતો. ઓફિસમાં લગાવેલો એર કન્ડિશન મશીન, ઉપરાંત કલરની સીલબંધ સાત નંગ ડોલ ઉપરાંત ૩૦૦ મીટર વાયર કે જે તમામ ની કિંમત અંદાજે ૬૦,૦૦૦ રૂપિયા જેટલી થાય છે. જેની ચોરી કરી લઈ ગયા હતા.

ચોરીના આ બનાવ અંગે ખાનગી કંપનીમાં નોકરી કરતા બીપીનભાઈ દામજીભાઈ ચૌવટીયાએ પંચકોશી બી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં એ.એસ.આઈ. વાય.વી. જાડેજા પોલીસ ટીમ સાથે બનાવના સ્થળે દોડી ગયા હતા, અને તસ્કરો ને શોધી કાઢવા માટેની કવાયત હાથ ધરી છે. તેમ જ કેટલાક શકમંદોની પૂછપરછ શરૂ કરી છે.

## કાલાવડ: ક્રિકેટના મેદાનમાંથી વિદ્યાર્થીનો મોબાઈલ ફોન ચોરાયો

**અબતક, જામનગર**

કાલાવડ તાલુકાના નાની વાવડી ગામમાં રહેતો અને અભ્યાસ કરતો નયન ગિરધરભાઈ આઠુ નામનો વિદ્યાર્થી યુવાન કે જે ગત ૨૪મી તારીખે સાંજે પાંચેક વાગ્યાના અરસામાં કાલાવડમાં નવા માર્કેટિંગ યાર્ડ પાછળ આવેલા ક્રિકેટના મેદાનમાં અન્ય વિદ્યાર્થીઓ સાથે ક્રિકેટ રમવા માટે ગયો હતો, અને પોતાની ક્રિકેટની ફિલ્ડીંગ સમય દરમિયાન પોતાનો મોબાઈલ ફોન ગ્રાઉન્ડમાં એક સ્થળે અન્ય ખેલાડીઓના મોબાઈલ ફોનની સાથે મૂકી રાખ્યો હતો. જે દરમિયાન કોઈ તસ્કરોએ તેના મોબાઈલ ફોનની ઉઠાંતરી કરી લીધી હતી. આ બનાવ અંગે વિદ્યાર્થી યુવાન નયન ગીરીધરભાઈ એ કાલાવડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં એએસઆઈ વી.ડી. ઝાપડિયા બનાવના સ્થળે દોડી ગયા હતા, અને ચોરીના આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## ખીમલીયા ગામે વીજ આંચકાથી યુવાનનું મોત

**અબતક, જામનગર**

જામનગર તાલુકાના ખીમલીયા ગામમાં રહેતા સંદીપ દેવજીભાઈ મઘોડિયા નામના ૨૫ વર્ષના યુવાનને પોતાના ઘેર વીજ આંચકો લાગતાં બેશુદ્ધ અવસ્થામાં સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા પછી તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કરાયું છે.મૃતક યુવાન ગઈકાલે સાંજે પોતાના ઘેર ટ્યુબલાઈટ રીપેર કરી રહ્યો હતો, જે દરમિયાન તેને એકાએક વિજઆંચકો લાગ્યો હતો, અને બેશુદ્ધ બન્યો હતો. ત્યારબાદ જી.જી. હોસ્પિટલમાં ખસેડાતાં તેનું મૃત્યુ નિપજ્યું હોવાનું જાહેર થયું છે. જે બનાવને લઈને મૃતકના પરિવારમાં ભારે શોકનું મોજુ ફરી વળ્યું હતું. આ બનાવની જાણ થવાથી પંચકોશી એ. ડિવિઝનનો પોલીસ કાફલો ઘટના સ્થળે, તેમજ જી.જી. હોસ્પિટલમાં દોડી ગયો હતો, અને મૃતદેહ નો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે.

## વાલ્મિકીનગર વિસ્તાર પરિણીતાનો ગળાફાંસા ખાઈ આપઘાત

**અબતક, જામનગર**

જામનગરમાં આયુર્વેદ હોસ્પિટલ પાછળ આવેલા વાલ્મિકી નગરમાં રહેતી ભારતીબેન શ્યામભાઈ પરમાર નામની ૨૫ વર્ષની પરણિત યુવતીએ ગઈકાલે મોડી સાંજે પોતાના ઘેર રહસ્યમય સંજોગોમાં છતના હુકમાં દોરી વડે ગળે ફાંસો ખાઈ લઈ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો, જેથી તેણીને નીચે ઉતારી લઈ બેશુદ્ધ અવસ્થામાં સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, જ્યાં ફરજ પરના તબીબે તેણીનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું.

આ બનાવ અંગે મૃતકના સંબંધી દિપકભાઈ બાબુભાઈ પરમારે પોલીસને જાણ કરતાં સીટી બી. ડિવિઝનના પી.એસ.આઈ જે.પી. સોઢા બનાવના સ્થળે તેમજ જી.જી. હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને મૃતદેહ નો કબજો સંભાળી આ બનાવ અંગેની ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

પ્રાથમિક તપાસમાં મૃતક યુવતી પોતે ગર્ભવતી હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. તેણીએ કયા સંજોગોમાં આત્મહત્યાનું પગલું ભરી લીધું છે, તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કરી મૃતક ના પતિ સહિતના પરિવારજનોના નિવેદનો નોંધવાનું શરૂ કર્યું છે.

## નારણપર ગામના યુવાન વ્યાજખોરોની ચુંગાલમાં ફસાયો: પઠાણી ઉઘરાણીથી કંટાળી ઝેરી દવા ગટગટાવી

**અબતક, જામનગર**

જામનગર તાલુકાના નારણપર ગામમાં રહેતા ૨૪ વર્ષ ના એક યુવાને વ્યાજખોરોના ત્રાસથી કંટાળી જઈ ઝેરી દવા પી લીધી હતી. જેથી તેને બેશુદ્ધ અવસ્થામાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયો છે. જે મામલે પોલીસ તપાસ ચલાવી રહી છે. આ બનાવની વિગત એવી છે કે જામનગર નજીક નારણપર ગામમાં રહેતા મિલન પાલાભાઈ ખરા નામના ચોવીસ વર્ષીય યુવાને ગઈકાલે પોતાના ઘેર ઝેરી દવા પી લેતાં બેશુદ્ધ બન્યો હતો. જેને ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડાયો હતો. જે યુવાન હાલ બેશુદ્ધ અવસ્થામાં સારવાર હેઠળ છે. પ્રાથમિક તપાસમાં પોતે વ્યાજખોરોની ચૂંગાલમાં ફસાયો હતો, અને નાણા ચૂકવી શકે તેમ ન હોવાથી કંટાળી જઈ ઝેર પી લીધું હોવાનું જાણવા મળી રહ્યું છે. આ બનાવની જાત થતાં પંચકોશી એ. ડિવિઝન નો પોલીસ કાફલો બનાવના સ્થળે અને ત્યારબાદ જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દોડી ગયો છે, અને ઝેરી દવા પી લેનાર યુવકના પરિવારજનોનું નિવેદન નોંધવાનું શરૂ કર્યું છે.

# પોષ વિસ્તારમાં મહિલા સંચાલિત કુટણખાનું ઝડપાયું

## સંચાલીકા અને બે ગ્રાહક સહિત ત્રણની ધરપકડ

**અબતક,જામનગર**

જામનગરમાં પટેલ કોલોની વિસ્તારમાંથી મહિલા સંચાલિત કુટણખાનું ઝડપાતાં ખળભળાટ મચી ગયો છે. રેડ દરમિયાન પુરુષ ગ્રાહકોને હવસ સંતોષવા માટે રાજ્ય બહારથી કેટલીક મહિલાઓને બોલાવી હોવાનું સામે આવ્યું છે. દરોડા દરમિયાન કૂટણખાના ની સંચાલિકા અને બે પુરુષ ગ્રાહકો ઝડપાયા હતા.જે તમામ સામે ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. આ દરોડા ને લઈને ભારે ચકચાર જાગી છે.

આ અંગેની વિગત અનુસાર જામનગર શહેર વિભાગના ડીવાયએસપી જે.એન. ઝાલાની હાજરીમાં સ્થાનિક પોલીસ દ્વારા પટેલ કોલોની વિસ્તારમાં દરોડો પાડવાં આવ્યો હતો. આ દરમિયાન જામનગરના પટેલ કોલોની વિસ્તારમાં શેરી નંબર- ૯ ના છેડે યાદવ પાનની બાજુ ની શેરીમાં આવેલા ચિરાગ એપાર્ટમેન્ટના ગ્રાઉન્ડ ફ્લોરમાં ૧ નંબરના ફ્લેટમાં ધમધમતું કુટણખાનું ઝડપાયું હતું.



ફ્લેટમાં ભાડાનું મકાન રાખીને રહેતી બેનસોની (ઉં. વ.૫૦) કે જે પુરુષ ગ્રાહકોની હવસ સંતોષવા માટે બહારથી સ્ત્રીઓને મંગાવીને કુટણખાનું ચલાવતી હોવાનો પર્દાફાશ થયો હતો.આ દરમિયાન મહિલા સંચાલક બેન સોની દ્વારા બે પુરુષ ગ્રાહકો, કે જે જામનગરમાં વિકાસગ્રહ રોડ પર રહેતા નિતેશ શાંતિલાલ વસા જૈન વાણીયા (૫૪ વર્ષ ) તેમજ જામનગરના ધરાર નગર વિસ્તારમાં રહેતા ફિરોજ અબ્દુલભાઈ ચૌહાણ (૩૫ વર્ષ) અલગ અલગ રૂમમાં બે સ્ત્રીઓની સાથે શરીર માણી રહેલા મળી આવ્યા હતા.

તપાસમાં બહાર આવ્યું કે પુરુષ ગ્રાહકો પાસેથી ૧,૦૦૦ થી વધુ ની રકમ પ્રત્યેક પાસે ઉઘરાવીને હવસ સંતોષોમાં આવતી હતી. અમુક રકમ સંચાલક મહિલા પોતાની પાસે રાખતી હતી, જ્યારે બાકી ની રકમ બહારથી આયાત થયેલી સ્ત્રીઓને અપાતી હતી. પોલીસે પાડેલા દરોડા દરમિયાન મળી આવેલા બંને પુરુષ ગ્રાહકો તેમજ સંચાલક મહિલા બેન સોની ત્રણેય સામે જામનગરના સીટી બી. ડિવિઝન પોલીસમાં ગુનો નોંધવામાં આવ્યો છે,

# જેતપુરની નામચીન બે મહિલાના ગેરકાયદે મકાનો તોડી પાડતું તંત્ર

## શારદા વેગડા અને રેખા વેગડા ના અનઅધિકૃત બાંધકામ પર બુલડોઝર ફરી વળ્યું

**અબતક જેતપુર કરણ બારોટ**

રાજ્યના પ્રત્યેક પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા અસામાજીક ગુંડા તત્વોની યાદી તૈયાર કરી કડક સૂચના આપવામાં આવેલા ડીજીપી ના આદેશને પગલે જેતપુર ઉદ્યોગ નગર પોલીસ મથક વિસ્તારમાં ગુનાહિત પ્રવૃત્તિ ધરાવતી શારદાબેન હમીર વેગડા અને રેખાબેન લલિત વેગડાના ઘરની બાતમીના આધારે ગેર કાયદે બનાવેલા મકાનો પર તંત્ર દ્વારા દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવતા અસામાજિક પ્રવૃત્તિ કરતા શખ્શોમાં ફફડાટ મચી જવા પામ્યો છે.રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદ્રઢ બનાવવા તેમજ અસામાજીક ગુંડા તત્વો પર કડકમાં કડક કાર્યવાહી કરી તેમની પર સદંતર અંકુશ મેળવવા રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે આદેશ આપ્યો છે. વિકાસ સહાયે તમામ પોલીસ કમિશ્નર, રેન્જ વડા અને પોલીસ અધિક્ષક સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી તાકીદની બેઠક યોજી હતી. આ અસામાજિક તત્વોની યાદીમાં કેવા તત્વોનો સમાવેશ કરવો તે અંગે પણ સ્પષ્ટતા કરવામાં આવી છે. વારંવાર શરીર સંબંધી ગુનાઓમાં સંડોવાયેલા વ્યક્તિઓ, ખંડણી ઉઘરાવવા, ધાક-ધમકી આપવાના ગુનાઓમાં સંડોવાયેલા વ્યક્તિઓ, મિલકત સામેના ગુનાઓ આચરનારા, પ્રોહિબિશન જે અંતર્ગત જેતપુર ઉદ્યોગ નગર પોલીસ મથક વિસ્તારમાં રહેતી શારદાબેન હમીર વેગડા દ્વારા જેતપુર શહેરના પાદરના સામાં કાંઠે નરસંગ ટેકરી વિસ્તારમાં આવેલ અનધિકૃત દબાણ વાળો બંગલો અને ગોડાઉન બનાવવામાં આવ્યો હતો તેમ જ રેખાબેન લલિત વેગડા દ્વારા પણ અન અધિકૃત દબાણ વાળો બંગલો દૂર કરવા માટે મામલતદાર નગરપાલિકા અને પીજીવીસીએલની ટીમ દ્વારા ગેરકાયદે બાંધકામ તોડી પાડી કાયદેસરની કાર્યવાહી ભાગ ધરવામાં આવી હતી. શારદાબેન વેગડા સામે ધમકી મારામારી આપઘાતની ફરજ પાડવાની એટ્રોસિટી સહિત ૧૦ ગુનાઓ અને રેખાબેન વેગડા સામે ચોરી દારૂ સહિતના ૩૬ ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચૂકી છે.



# અમરેલીમાં બેફામ કાર ચાલકનો આતંક: ત્રણ યુવકોને કચડ્યા, બે ગંભીર રીતે ઘાયલ

**અબતક રાજકોટ**

રાજ્યમાં માર્ગ અકસ્માતોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે, ત્યારે અમરેલી શહેરમાંથી વધુ એક બેફામ કાર ચાલકનો ભયાનક કિસ્સો સામે આવ્યો છે. સિવિલ હોસ્પિટલ નજીક એક બેફામ કાર ચાલકે ચાલીને જઈ રહેલા ત્રણ યુવકોને અડફેટે લીધા હતા. આટલું જ નહીં, નીચે પટકાયેલા એક યુવક પર કાર ચાલકે રિવર્સ લઈને ફરીથી કાર ચડાવી દીધી હતી, જેના કારણે યુવકને ગંભીર ઈજાઓ થઈ હતી. સદનસીબે આ ઘટનામાં કોઈનો જીવ ગયો નથી.

રાત્રિના સમયે સિવિલ હોસ્પિટલ પાસે આ ભયાવહ અકસ્માત સર્જાયો હતો. બેફામ કાર ચાલકે ત્રણ યુવકોને ટક્કર માર્યા બાદ, તેમાંથી એક યુવક પર જાણી જોઈને કાર રિવર્સ લઈને ચડાવી દીધી હતી. અકસ્માત બાદ કાર ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. આ અકસ્માતમાં બે યુવકોને ગંભીર ઈજાઓ પહોંચી છે, જેમને વધુ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા છે.

સમગ્ર ઘટના સિવિલ હોસ્પિટલના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. પોલીસે સીસીટીવી ફૂટેજ મેળવી લીધા છે અને ફરાર કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. પ્રત્યક્ષદર્શીઓના મતે, બે યુવકોને અડફેટે લીધા બાદ કાર ચાલકે હોસ્પિટલના મેડિકલ વાહન સાથે પણ અકસ્માત સર્જ્યો હતો, જે તેની બેફામ ડ્રાઈવિંગની હદ દર્શાવે છે. આ ઘટનાએ ફરી એકવાર બેફામ ડ્રાઈવિંગ અને માર્ગ સલામતીના મુદ્દાઓ પર ગંભીર ચિંતા ઊભી કરી છે. આવા બનાવો અટકાવવા માટે કડક કાર્યવાહી અને જનજાગૃતિ અત્યંત આવશ્યક છે.

# સોમનાથ: વેરાવળ યુનિવર્સિટીથી વિદ્યાર્થીઓ માટે બસ સેવાને લીલી ઝંડી આપતા કુલપતિ પંડ્યા

## યુ.સી.ટી.થી. બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન જવા માટે સ્વ. સોની હિરાબેન સતીકુંવર ટ્રસ્ટની સફળ રજુઆત

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, ચોકસી કોલેજ, જે.એમ. સાયન્સ કોલેજ અને રાજેન્દ્ર ભુવન માર્ગની અન્ય શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓને આવવા-જવામાં સુવિધા થાય અને સાથોસાથ અન્ય નાગરિકોને પણ સરળતા થાય તે હેતુથી આજે તા.૨૭-૦૩-૨૦૨૫ના રોજ સ્વ.સોની હીરાબેન પ્રભુદાસ સતીકુંવર સેવા ટ્રસ્ટના પ્રમુખ મીનાબેન આર. જાદવના સત્પ્રયત્નોથી યુનિવર્સિટીથી બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન અને અન્ય સ્થળો માટે સીટી બસની સેવાનો શુભારંભ કરવામાં આવ્યો. આ તકે મીનાબેન જાદવ અને શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ પ્રિ.ડો.નરેન્દ્રકુમાર પંડ્યાના હસ્તે લીલી ઝંડી આપવામાં આવી.

## (પહેલા પાનાનું ચાલું)

### અકસ્માત...

રાખવામાં આવશે તેવું જાણવા મળી રહ્યું છે.

ડિસેમ્બર ૨૦૨૪ માં સંસદમાં રજૂ કરાયેલા કેન્દ્ર સરકારના ડેટા અનુસાર વર્ષ ૨૦૧૩ અને ૨૦૨૨ વચ્ચે જીવલેણ માર્ગ અકસ્માતો મામલે ગુજરાત દેશભરમાં આઠમા ક્રમાંકે રહ્યું હતું. ત્યારે સતત બનતા અકસ્માતો પર કાબુ મેળવવા હવે ગતિ મર્યાદાને સીમિત કરવા તરફ રાજ્ય સરકારે ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

શહેરી માર્ગ સલામતીને પ્રાથમિકતા આપવા માટે વિભાગના અધિકારીઓ જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રૂલ્સ (જીડીસીઆર) માં સુધારો કરી રહ્યા છે. નવું માળખું દિવસ દરમિયાન રસ્તાની પહોળાઈ, ટ્રાફિક ઘનતા અને સમયગાળાના આધારે ગતિ મર્યાદા નક્કી કરશે.

૨૦૨૨ માં રાજ્ય સરકારે વિવિધ પ્રકારના વાહનો માટે ગતિ મર્યાદા જાહેર કરી હતી. ત્યારબાદ એવું કહેવામાં આવ્યું હતું કે, શહેરની મર્યાદામાં કારની ગતિ ૭૦ કિમી પ્રતિ કલાકથી વધુ ન હોઈ શકે. ૧૦૦ સીસીથી વધુની મોટરસાઈકલ માટે વિસ્થાપન મર્યાદા ૬૦ કિમી પ્રતિ કલાક અને ૧૦૦ સીસીથી ઓછી મોટરસાઈકલ માટે ૫૦ કિમી પ્રતિ કલાક હતી. એક્સપ્રેસવે પર કાર માટે ગતિ મર્યાદા ૧૨૦ કિમી પ્રતિ કલાક હતી, ડિવાઈડર અને ચાર કે તેથી વધુ લેનવાળા હાઈવે પર તે ૧૦૦ કિમી પ્રતિ કલાક હતી અને રાજ્ય હાઈવે પર તે ૮૦ કિમી પ્રતિ કલાક હતી.

શહેરોમાં ગતિ મર્યાદા માર્ગ સલામતી સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ઊંચી ગતિ ગંભીર અકસ્માતોનું જોખમ નોંધપાત્ર રીતે વધારે છે તેવું યુડીડી વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. ૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપે અકસ્માતમાં મૃત્યુની સંભાવના ૩૦ કિમી પ્રતિ કલાક કરતા ૨૦ ગણી વધારે છે તેવું પણ તેમણે ઉમેર્યું હતું. ત્યારે આ બાબત એક મોટો સંકેત છે કે, ટૂંક સમયમાં જ શહેરી વિસ્તારના ટ્રાફિકયુક્ત વિસ્તારોમાં ગતિ મર્યાદા ૩૦ કિમી પ્રતિ કલાક પર સીમિત કરી દેવા રાજ્ય સરકાર વિચારણા કરી રહી છે અને ટૂંક સમયમાં જ આ નિર્ણયની જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે.

પ્રસ્તાવિત સિસ્ટમ આંતરરાષ્ટ્રીય મોડેલોને અનુસરે છે જ્યાં રહેણાંક અને ઉચ્ચ-ટ્રાફિક ઝોન રાહદારીઓ અને સાયકલ સવારોને સુરક્ષિત રાખવા માટે ૩૦ કિમી પ્રતિ કલાકની મર્યાદા લાગુ કરે છે. સતત ધમધમતા રસ્તાઓ અને હાઈવે પર સલામતીને ધ્યાને રાખી નવી ગતિ મર્યાદાઓ નક્કી કરવામાં આવી રહી છે.

### જુના વાહનો...

કોર્પોરેશન ઓફ દિલ્હી અને દિલ્હી પોલીસ સહિત અન્ય અમલીકરણ એજન્સીઓની ટીમો દિલ્હીના પેટ્રોલ પંપ પર હાજર રહેશે.

તાજેતરમાં, કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટે તેના વતી સ્પષ્ટતા કરી હતી કે ૧ જુલાઈ, ૨૦૨૫ થી, દિલ્હીમાં જે જૂના વાહનોએ તેમની નિર્ધારિત વય મર્યાદા પૂર્ણ કરી છે તેમને પેટ્રોલ પંપ પર પેટ્રોલ-ડીઝલ ઉપલબ્ધ કરાવવામાં આવશે નહીં. નિયમ અનુસાર, ૧૦ વર્ષથી વધુ જૂના ડીઝલ વાહનો અને ૧૫ વર્ષથી વધુ જૂના પેટ્રોલ વાહનોને એન્ડ-ઓફ-લાઈફ વાહનોની શ્રેણીમાં મૂકવામાં આવ્યા છે. આ નવા નિયમને લાગુ કરવા માટે, દિલ્હીના તમામ પેટ્રોલ પંપ પર ઓટોમેટિક નંબરપ્લેટ રેકગ્નિશન સિસ્ટમ ઈન્સ્ટોલ કરવામાં આવી છે, જેની મદદથી આવા જૂના વાહનોની ઓળખ કરવામાં આવશે. ઓટોમેટિક નંબરપ્લેટ રેકગ્નિશન સિસ્ટમમાં ઉચ્ચ-ગુણવત્તાવાળા કેમેરાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પેટ્રોલ પંપ પર આવતા તમામ વાહનોની વિગતો તેમની નંબર પ્લેટ પરથી કોણ શોધી શકશે. આ સમય દરમિયાન, જો કોઈ જૂનું વાહન અંતિમ તારીખ સુધી ચાલતું ન હોય અને તેની ઓળખ થાય, તો પેટ્રોલ પંપ પર જ જાહેર જાહેરાત કરવામાં આવશે અને વાહન જપ્ત કરવામાં આવશે. જોકે, અધિકારીઓએ જણાવ્યું હતું કે વાહન માલિકોને એક તક આપવામાં આવશે, તેઓ દંડ ભરીને પોતાનું વાહન લઈ શકે છે. પરંતુ જો તેઓ સમયસર નિયમનું પાલન નહીં કરે, તો વાહન આખરે જપ્ત કરવામાં આવશે.

જો જૂના વાહનો ઓળખાઈ જાય, તો પેટ્રોલ પંપ મેનેજમેન્ટને ઉપરોક્ત વાહનને બળતણ આપવાનો ઈનકાર કરવાનો સંપૂર્ણ અધિકાર રહેશે. જોકે, સરકારે આ નિયમ ફક્ત પેટ્રોલ અને ડીઝલ વાહનો માટે જ લાગુ કર્યો છે. હાલમાં સીએનજી વાહનોને આમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. જો પેટ્રોલ પંપ ઓપરેટર અથવા વાહન માલિક કોઈપણ પ્રકારની અનિચ્છા બતાવે છે, તો આ માટે પણ કડક કાર્યવાહી યોજના તૈયાર કરવામાં આવી છે.

### કોમર્શિયલ સિલિન્ડર...

૧૮૮૧ રૂપિયા થઈ ગયો છે. જ્યારે એક તરફ તેલ માર્કેટિંગ કંપનીઓ છેલ્લા કેટલાક મહિનાઓથી ૧૯ કિલોગ્રામ કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં સુધારો અને ઘટાડો કરી રહી છે, ત્યારે બીજી તરફ ઘરેલુ સિલિન્ડરના ભાવ યથાવત રાખવામાં આવ્યા છે.

### ભાજપ...

અને ઉત્તરાખંડમાં મહેન્દ્ર ભટ્ટની પ્રદેશ પ્રમુખ તરીકે બિનહરીફ કરવામાં આવી છે. ભાજપ હવે આંધ્ર પ્રદેશ, ઓડિશા, પશ્ચિમ બંગાળ અને ગુજરાત સહિત અન્ય ઘણા મુખ્ય રાજ્યો માટે નવા પ્રમુખોની જાહેરાત કરવા માટે તૈયાર છે. ઉત્તરાખંડમાં પ્રદેશ પ્રમુખ ભટ્ટે ફરીથી નિમણૂક માટે અરજી કરી છે, જ્યારે રાવ, જે એક વકીલ છે અને લાંબા સમયથી આરએસએસ અને એબીવીપી સાથે સંકળાયેલા ભૂતપૂર્વ એમએલસી છે, તેઓ જી. કિશન રેડ્ડીની જગ્યા લેશે. રેડ્ડી જુલાઈ ૨૦૨૩થી કેન્દ્રીય મંત્રી અને રાજ્ય પ્રમુખ એમ બેવડી ભૂમિકા નિભાવી રહ્યા હતા.ભાજપના બંધારણ મુજબ, ઓછામાં ઓછા અડધા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં રાજ્ય પ્રમુખોની નિમણૂક થયા પછી જ રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગી કરવામાં આવે છે. અત્યાર સુધીમાં, ૧૪ નવા રાજ્ય વડાઓની નિમણૂક કરવામાં આવી છે, અને ૧૯ વધુ પ્રદેશોમાં ચૂંટણી બાકી છે. ચાલુ નિમણૂકો પક્ષને આ શરત પૂરી કરવા નજીક લાવી રહી છે, જેનાથી નવા રાષ્ટ્રીય નેતૃત્વ માટે માર્ગ મોકળો થશે.

### પાકિસ્તાન-અફઘાનિસ્તાન...

અને આવતા માલ માટે. અફઘાન સરકારના સરહદી દળોના પ્રવક્તા આબિદુલ્લાહ ફારૂકીએ બંધની પુષ્ટિ કરતા કહ્યું કે પાકિસ્તાની અધિકારીઓએ આ પગલા માટે કોઈ સ્પષ્ટતા આપી નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, સરહદ ફરીથી ખોલવા માટે કોઈ સમયરેખા આપવામાં આવી નથી. અફઘાન અધિકારીઓએ નાગરિકો, વેપારીઓ અને મુસાફરોને આ માર્ગ ટાળવા અને પરિસ્થિતિ ઉકેલાય ત્યાં સુધી તોરખામ અથવા સ્પિન બોલ્ડક જેવા અન્ય ક્રોસિંગનો ઉપયોગ કરવા વિનંતી કરી છે.

આ વર્ષની શરૂઆતમાં, બંને દેશો વચ્ચેના મુખ્ય સરહદ ક્રોસિંગ પર પાકિસ્તાન અને અફઘાન સુરક્ષા દળો વચ્ચે ગોળીબારમાં ઓછામાં ઓછો એક વ્યક્તિનું મોત થયું હતું. ભૂતકાળમાં, બંને દેશોએ જીવલેણ ગોળીબાર પછી તોરખામ અને દક્ષિણપશ્ચિમ ચમન સરહદ ક્રોસિંગ બંધ કરી દીધા હતા.

### અમેરિકાનો આશાવાદ...

વૈશ્વિક અનાજના ભાવમાં તીવ્ર ઘટાડો થયો હતો, ઘઉંના ભાવ ૧૬૦ ડોલર પ્રતિ ટનથી નીચે આવી ગયા હતા, જેનાથી આફ્રિકન ખેડૂતોને મોટો ફટકો પડયો હતો. ભારતે ખાદ્ય ભંડારનું સંચાલન કરવા, ગ્રામીણ આવકને ટેકો આપવા અને વૈશ્વિક આંચકાઓનો જવાબ આપવા માટે નીતિગત જગ્યા જાળવી રાખવી જોઈએ. ''આજના ભૌગોલિક રાજકીય રીતે અસ્થિર વિશ્વમાં, ખાદ્ય સુરક્ષા સાર્વભૌમ રહેવી જોઈએ,'' જિટીઆરઆઈ ના સ્થાપક અજય શ્રીવાસ્તવે કહ્યું હતું.

વોશિંગ્ટનમાં વાટાઘાટો ચાલુ હોવાથી, ચોખા, ડેરી, મરઘાં, મકાઈ, બદામ, સફરજન અને આનુવંશિક રીતે સુધારેલા સોયા સહિત મુખ્ય યુએસ કૃષિ નિકાસ પર ટેરિફ ઘટાડવા માટે દબાણ વધી રહ્યું છે. ચોખા, ડેરી, મરઘાં અને સોયા સહિત યુએસ ઉત્પાદનોને નોંધપાત્ર સબસિડી મળે છે, જે ભારતીય ખેડૂતો માટે અસમાન રમતનું ક્ષેત્ર બનાવે છે. યુએસ કૃષિ આયાત પર ટેરિફ ઘટાડવાથી નાના પાયે ખેડૂતોને સબસિડીવાળી આયાત અને બજારની અસ્થિરતાનો સામનો કરવો પડી શકે છે. ભારતે ૭૦ કરોડથી વધુ ગ્રામીણ આજીવિકાનું રક્ષણ કરવા અને અગાઉના વેપાર કરારોની ભૂલોને ટાળવા માટે ટેરિફ લવચીકતા જાળવવાની જરૂર છે.

અજય શ્રીવાસ્તવે ભાર મૂક્યો કે ભારતના ડેરી આયાત પ્રોટોકોલ, ખાસ કરીને પ્રાણીઓને માંસ, લોહી અને અન્ય પ્રાણીઓના આંતરિક અવયવો ખવડાવવા સામેની શરત, અસરકારક રીતે યુએસ ડેરી ઉત્પાદનોને બજારમાં પ્રવેશતા અટકાવે છે.

ભારત ક્યારેય આને મંજૂરી નહીં આપે. ભારતનું ડેરી ક્ષેત્ર લાખો નાના ખેડૂતો પર આધારિત છે જેમની પાસે એક કે બે ગાય કે ભેંસ છે. તેને સબસિડીવાળી યુએસ આયાત માટે ખુલ્લું મૂકવાથી આજીવિકાનો નાશ થઈ શકે છે, શ્રીવાસ્તવે કહ્યું.મરઘાં આયાત નિયમો હળવા કરવાથી સ્થાનિક ઉત્પાદકોને ગંભીર અસર પડશે, કારણ કે ભારતમાં કોલ્ડ સ્ટોરેજનું માળખું ખરાબ રીતે કાર્યરત છે.યુએસ આનુવંશિક રીતે સુધારેલા ખોરાક પરના ભારતના નિયમોથી અસંતુષ્ટ છે, તેમને અસ્પષ્ટ અને વૈજ્ઞાનિક આધાર વિનાના ગણાવે છે, જે યુએસ બાયોટેકનોલોજી નિકાસને અવરોધે છે.

### વાઈટ હાઉસ...

આવી છે કારણ કે ટ્રમ્પે ઘણી વખત યુદ્ધ અટકાવવાનો શ્રેય લીધો છે જ્યારે પીએમ મોદીએ કહ્યું છે કે આ અંગે કોઈ ત્રીજા દેશની મધ્યસ્થી થઈ નથી. કેરોલિન લેવિટને ભારત-અમેરિકા વેપાર કરાર વિશે પણ પ્રશ્ન કરવામાં આવ્યો હતો. તેમને પૂછવામાં આવ્યું હતું કે શું આ કરાર નજીક છે અને ટૂંક સમયમાં થવાની અપેક્ષા છે, તો કેરોલિનએ કહ્યું કે આ બિલકુલ સાચું છે. બંને દેશો વેપાર કરારની ખૂબ નજીક છે. ટ્રમ્પે ગયા અઠવાડિયે પણ આ જાહેરાત કરી હતી. લેવિટે કહ્યું, 'મેં હમણાં જ અમારા વાણિજ્ય સચિવ સાથે આ વિશે વાત કરી છે. તેઓ રાષ્ટ્રપતિ સાથે ઓવલ ઓફિસમાં હતા. તેઓ આ કરારોને અંતિમ સ્વરૂપ આપી રહ્યા છે અને જ્યારે ભારતની વાત આવશે, ત્યારે તમે રાષ્ટ્રપતિ અને તેમની વેપાર ટીમ પાસેથી ખૂબ જ ટૂંક સમયમાં સાંભળશો.

## (છેલ્લા પાનાનું ચાલુ)

### આર્થિક સહાય...

મંત્રીએ ઉમેર્યું હતું કે, પુષ્કળ ઉત્પાદનના પરિણામે માર્કેટીંગ યાર્ડમાંમાં ડુંગળીની આવક વધુ થતા લાલ અને સફેદ ડુંગળીના ભાવ રાજ્યની મુખ્ય યાર્ડમાં ઉત્પાદન ખર્ચ કરતાં પણ ઓછા જોવા મળ્યા હતા. આવા સમયે રાજ્યના ખેડૂતોને સહાયરૂપ થવા માટે ભારત સરકારની માર્કેટ ઈન્ટરવેન્સન સ્કીમ હેઠળ પ્રાઈઝ ડેફિશિયન્સી પેમેન્ટ યોજના અંતર્ગત આર્થિક સહાય આપવામાં આવશે.

ગત તા. ૦૧ એપ્રિલથી તા. ૩૧ મે દરમિયાન ડુંગળીનું યાર્ડમાં વેચાણ કર્યું હોય, તેવા ખેડૂતોને રૂ. ૨૦૦ પ્રતિ કિવન્ટલ સહાય આપવામાં આવશે. આ ખેડૂતોને મહત્તમ ૨૫,૦૦૦ કિલો (૨૫૦ ક્વિન્ટલ) ડુંગળીના વેચાણ સુધી એટલે કે મહત્તમ રૂ. ૫૦,૦૦૦ સુધીની સહાય મળવાપાત્ર રહેશે. આ આર્થિક સહાય માટે રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૧૨૪.૩૬ કરોડ જેટલી માતબર રકમની જોગવાઈ કરવા આવી છે. જેનો રાજ્યના આશરે ૯૦,૦૦૦ જેટલા ખેડૂતોને લાભ મળશે, તેમ કૃષિ મંત્રીએ ઉમેર્યું હતું.

કૃષિ મંત્રીએ કહ્યું હતું કે, ડુંગળીના બજારમાં પોષણક્ષમ ભાવ ન મળતા રાજ્યના ખેડૂતો અને ખેડૂત સંગઠનો દ્વારા આર્થિક સહાય પૂરી પાડવા માટે રાજ્ય સરકારને રજૂઆતો કરવામાં આવી હતી. ખેડૂતોની આ રજૂઆતોને હકારાત્મક પ્રતિસાદ આપીને રાજ્ય સરકારે ડુંગળી પકવતા ખેડૂતોને આર્થિક સહાય પુરી પાડવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.

રાજ્યના ડુંગળી પકવતા ખેડૂતોએ આ યોજના હેઠળ લાભ મેળવવા માટે આઈ-ખેડૂત ૨.૦ પોર્ટલ પર આજથી આગામી તા. ૧૫ જુલાઈ સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે. ખેડૂતોને સહાયરૂપ થવા માટેની આ યોજનાનો અમલ કૃષિ વિભાગ હેઠળની બાગાયત નિયામકની કચેરી દ્વારા કરવામાં આવશે,

### અષાઢમાં અનરાધાર...

સરેરાશ ૧૧૦.૮ મિમી (૪.૪૩ ઈંચ) વરસાદની જરૂરિયાત હોય છે. તેની સામે ૨૮૮.૭ મિમી (૧૧.૫૫ ઈંચ) વરસાદ મળ્યો છે. જરૂરિયાત કરતાં ૧૬૧% વધુ વરસાદે ૪૪ વર્ષનો રેકોર્ડ તોડ્યો છે. ૧૨૫ વર્ષના ઈતિહાસમાં જૂન મહિનામાં સૌથી વધુ ૨૯૮.૩ મિમી (૧૧.૯૩ ઈંચ) વરસાદ ૧૯૮૦ માં નોંધાયો હતો. એટલે કે, આ વખતે ૪૪ વર્ષ બાદ સૌથી વધુ વરસાદ સાથે ૧૨૫ વર્ષનો બીજો સૌથી વધુ વરસાદનો રેકોર્ડ બન્યો છે. ૨૦૨૪ માં જૂનમાં રાજ્યમાં મેઘરાજાની ૯ દિવસની હાજરી સામે ચાલુ સિઝનમાં જૂનના ૧૬ દિવસની હાજરી આપી છે. રાજ્યના ૫ ઝોનમાં દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૧૯ દિવસ અને કચ્છમાં સૌથી ઓછા ૮ દિવસ મેઘરાજા વરસ્યા છે. ઉલ્લેખનિય છે કે, સામાન્ય રીતે જે દિવસે ૨.૫ મિમી કે તેથી વધુ વરસાદ વરસે તેને વરસાદનો ૧ દિવસ ગણવામાં આવે છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# પ્રવર્તમાન સમયમાં સાયકલ બની "સ્વાસ્થ્ય રક્ષક": કેન્દ્રીય મંત્રી ડો.મનસુખ માંડવિયા

## પાલીતાણાની સ્વચ્છતા સેનાની 'સંડે ઓન સાયકલ'માં બહોળી સંખ્યામાં સાઈકલીસ્ટો જોડાયા

**અબતક, આનંદ રાણા, સિહોર**

કેન્દ્રીય મંત્રી ડો.મનસુખ માંડવિયાએ ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકાની મુલાકાત લીધી હતી. પાલિતાણામાં સ્વચ્છતા કર્મચારીઓ, એનએસએસ (નેશનલ સર્વિસ સ્કીમ) અને માય ભારતના યુવાનો સાથે મળીને 'ફાઈટ ઓબેસીટી' (સ્થૂળતા સામે લડત)નાં સંદેશ સાથે ૨૭મા 'સંડે ઓન સાયકલ' કાર્યક્રમમાં જોડાયા હતા. આ સાયકલ યાત્રા પાલિતાણા



શહેરમાં બજરંગદાસ બાપા ચોકથી શરૂ થઈને સરવૈયા ફાર્મ ખાતે પૂર્ણ થઈ હતી. જેમાં મોટી સંખ્યામાં સ્વચ્છતા કર્મચારીઓ, એનએસએસ અને માય ભારતનાં સ્વયંસેવકોએ ભાગ લીધો હતો.

સંડે ઓન સાયકલ અંતર્ગત આજે સમગ્ર દેશમાં ૬૦૦૦થી વધુ સ્થળોએ સ્વચ્છતા સેનાનીઓ સાથે સનડે ઓન સાયકલનો કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે સંબોધન કરતા કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયાએ જણાવ્યું કે, સંડે ઓન સાયકલ સ્વચ્છતા સેનાનીઓ સાથે યોજી અમે સંદેશ આપવા માગીએ છીએ કે, સાયકલ એ નાના માણસનું વ્હીકલ ન રહેતા આપણા સ્વાસ્થ્યના રક્ષક તરીકે તેને જોવી જોઈએ.

સાયકલ યાત્રા બાદ, ડો.માંડવિયાએ પાલિતાણાના નોંઘણવદર, નેસડી, હણોલ, આંકોલાળી, લોઈચડા અને સેંજળીયા ગામોમાં વૃક્ષારોપણ કર્યું હતું. નોંઘણવદર ગામે વૃક્ષારોપણ પહેલા ગામનાં સૈનિક જવાનોનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય મંત્રીએ સ્થાનિક યુવાનોને વાવેલા વૃક્ષોની જાળવણી કરવા માટે પ્રેરણા આપી હતી.

# સોમનાથ: સતિકુંવર ટ્રસ્ટના પ્રયાસથી વિદ્યાર્થીઓ માટે સિટી બસ સેવા શરૂ

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**



સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, ચોકસી કોલેજ, જે.એમ. સાયન્સ કોલેજ અને રાજેન્દ્ર ભુવન માર્ગની અન્ય શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓને આવવા-જવામાં સુવિધા થાય અને સાથોસાથ અન્ય નાગરિકોને પણ સરળતા થાય તે હેતુથી સ્વ.સોની હીરાબેન પ્રભુદાસ સતીકુંવર સેવા ટ્રસ્ટના પ્રમુખ મીનાબેન આર. જાદવના પ્રયત્નોથી યુનિવર્સિટીથી બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન અને અન્ય સ્થળો માટે સીટી બસની સેવાનો શુભારંભ કરવામાં આવ્યો. આ તકે મીનાબેન જાદવ અને સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ પ્રિ.ડો.નરેન્દ્રકુમાર પંડ્યાના હસ્તે લીલી ઝંડી આપવામાં આવી. આ સેવાકીય પ્રવૃત્તિ માટે મીનાબેન જાદવને યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિએ અભિનંદન પાઠવ્યા.

# ઉનાના ગ્રામ્ય વિસ્તારોમાં સિંહ-દીપડાના કાયમી વસવાટથી સ્થાનિકો ભયગ્રસ્ત

## માનવ અને વન્ય જીવોના સહઅસ્તિત્વનો પડકાર આમોદ્રા ગામે ઘરમાં ઘુસી દીપડાનો હુમલો તથા ડમાસા ગામે સિંહ કુવામાં ખાબકતા વનવિભાગ દ્વારા રેસ્કયુ

**અબતક, ઉના**

ઊના તાલુકા ના ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારોમાં સિંહ અને દીપડા એ કાયમી રહેણાક બનાવી લીધું છે. અવાર નવાર શિકાર અને હુમલા ના બનાવો બને છે. આજે વહેલી સવારે ઊના તાલુકાના આમોદ્રા ગામે રહેણાંક વિસ્તાર મા રમેશ ભાઈ બાબુ ભાઈ ઝાલાવડીયા ના ડેલા બંધ મકાન ના ફળિયા મા એક દીપડો શિકાર ની લાલચ મા બેઠો હતો ત્યારે સવારે દક્ષાબેન રમેશ ભાઈ ઊઠી વરંડા નો દરવાજો ખોલતા ફળિયા મા દીપડો બેઠો હોય જોઈ જતા ઓસરી તરફ ભાગવા જતા દીપડો તેમની પાછળ આવેલ અને દક્ષાબેન બચાવ કરેલ દીપડો મકાન ના રસોડા માં ઘૂસી ગયો હતો બેને રાડા રાડી કરતા રમેશ ભાઈ જાગી ને લાકડી લઈ દીપડા ને બહાર કાઢવા કોશિષ કરતા દીપડા એ ઉશ્કેરાઈ જઈ રમેશ ભાઈ ના હાથ ઉપર ન્હોર ભરાવી ઈજાઓ કરી રસોડા માં છુપાઈ ગયો હતો.



ઊના તાલુકા ના ડમાસા ગામ માં આવેલ શિવ મંદિર ના પરિસર માં એક સિંહ એ વાછરડી નો શિકાર કરી વંડી ઠેકવા જતા મંદિર ના પરિસર માં આવેલ કુઈ માં પડી ગયો હતો સવારે મંદિર ના પૂજારી મનસુખ ગીરી આરતી કરવા આવતા કુવા માં સિંહ નો અવાજ આવતા જોતા સિંહ પડી ગયેલ હતો આર.એફ.ઓ.એલ. બી. ભરવાડ,ફોરેસ્ટર વીરા ભાઈ ચાવડા, પ્રતાપ ભાઈ ખુમાણ ની રેસ્કયુ ટીમ આવી દોરડું કુઈ માં નાખી સિંહ ને સલામત રીતે બહાર કાઢી પાંજરે પૂરી જસાધાર ની એનિમલ કેર સેન્ટર ખાતે લઈ જવામાં આવ્યો હતો. લોકો ના કહેવા મુજબ આ વિસ્તાર બે સિંહ અને એક સિંહણ કાયમી આટા ફેરા મારે છે.

# આણંદપુર (ભા)ના શીલુ પરિવારનું ગૌરવ

**અબતક, રાજકોટ**

શ્રી રાજગોર (કાઠી) જ્ઞાતિ સેવા ટ્રસ્ટ આયોજીત આઠમા સરસ્વતિ સન્માન સમારોહમાં ચોટીલા તાલુકાના આણંદપુર (ભાડલા)ના શીલુ પરિવારનું ગૌરવ ખુશ્બુબેને વધાર્યુ છે. મોરના ઈંડા ચિતરવા ન પડે તે કહેવતને તેઓ ચરિતાર્થ કરી બતાવી છે. દાદા ભીમજીભાઈ શીલુ અને પિતા ગિરીશભાઈ શીલુંની માફક અતિ તેજસ્વી ખુશ્બુબેન શીલુએ બીએસઈ સેમેસ્ટર-૩ ની પરીક્ષામાં ૬૯-૬૦ ટકા માર્ક મેળવી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. તેઓને જાણીતા



શિક્ષણવિદ ગિજુભાઈ બધેકાના હસ્તે શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનીત કરાયા હતા.


# સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ બેન્કની સામાન્ય સભા મળી



**અબતક, સંજય દિક્ષીત, સાબરકાંઠા**

સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની હિંમતનગર સ્થિત વડી કચેરી દ્વારા સ્વામિનારાયણ મંદિર કાંકરોલ ખાતે ૬૭મી વાર્ષિક સાધારણ સભા બેંકના અધ્યક્ષા હંસાબેન પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી જેની શરૂઆતમાં પહેલગામ આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા નિર્દોષ પ્રવાસીઓ તથા વિમાન દુર્ઘટનામાં અવસાન પામેલ આત્માને શાંતિ મળે તે શ્રદ્ધાંજલિ પાઠવી હતી ત્યારબાદ બેંકના વાઈસ ચેરમેન ભીખાજી ડામોર,અરવલ્લી જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે નિમણૂક થવા બદલ તેમનું સન્માન કરાયું હતું. અટલ પેન્શન યોજનામાં બેંકની પ્રશંશનીય કામગીરી બદલ બેન્કના ચેરમેનને સન્માન આપી શ્રેષ્ઠતા પુરસ્કાર એવોર્ડ અપાયો હતો. આ પ્રસંગે પૂર્વ ચેરમેન મહેશ પટેલ, ખરીદ વેચાણ સંઘના ચેરમેન જેઠા પટેલ, બેંકનું નિયામક મંડળ, સહકારી સંસ્થાના આગેવાનો અને બેંકના સભાસદો ઉપસ્થિત રહ્યા હતા સાથે ગ્રામ પંચાયતની ચૂંટણીમાં વિજયી બનેલા બેંકના ડિરેક્ટર પંકજ પટેલ, બેંકના પૂર્વ ડિરેક્ટર ગોપાળ પટેલનું સન્માન કરાયું હતું. બેંકની વાર્ષિક સાધારણ સભાના એજન્ડા મુજબની કામગીરી બેંકના ચીફ એક્ઝિક્યુટીવ હિતેશ નાયકે રજુ કરેલ કામગીરીને ગ્રાહ્ય રાખી મંજુર કરવામાં આવી હતી.

# સાબરકાંઠા: તલોદ જીઆઈડીસીમાં રબ્બરની ફેક્ટરીમાં આગ લાગી: જાનહાની ટળી



**અબતક, સંજય દિક્ષીત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લાના તલોદ જી.આઈ.ડી.સી ખાતે એક રબરની ફેક્ટરીમાં કોઈ અગમ્ય કારણોસર આગ લાગતા અફડાતફડીનો માહોલ સર્જાયો હતો.

આ અંગે મળતી માહિતી મુજબ તલોદ જી.આઈ.ડી.સી ખાતે પુષ્પક ઈન્ડિયા લિમિટેડ નામની ફેક્ટરીમાં ટાયરની ટ્યુબનુ ઉત્પાદન કરે છે. દરમ્યાન રવિવારે સવારે કોઈ અગમ્ય કારણોસર આગ લાગી હતી જેના કારણે ધુમાડાના ગોટેગોટા નીકળતા ફેક્ટરીમાં કામ કરતા કામદારો સહિત આસપાસના લોકોમાં નાસભાગ મચી જવા પામી હતી. જેના કારણે ભયનો માહોલ સર્જાયો હતો આ અંગેની જાણ તલોદ નગરપાલિકાને કરતા પાલિકા દ્વારા ફાયર ફાઈટર મોકલી આગ પર કાબુ મેળવ્યો હતો. જો કે આગ લાગવાનુ કારણ જાણી શકાયું નથી. જો કે આગના કારણે કોઈ જાનહાની ન થઈ હોવાનું જાણવા મળે છે. ફેક્ટરીમાં આગના કારણે મોટું નુકશાન થયું હોવાનું જાણવા મળે છે.

# કુરન ચેકડેમ કાર્યાન્વિત થવાથી ઘર આંગણે જ પીવાના પાણી સહિતની સુવિધા ઉપલબ્ધ થશે: મુખ્યમંત્રી

## મુખ્યમંત્રીએ કુરન ચેકડેમની મુલાકાત કરી કામગીરીનું નિરીક્ષણ કર્યું

**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભૂજ**

કચ્છના બે દિવસીય પ્રવાસે પધારેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે દ્વિતીય દિવસે કુરન ખાતે નિર્માણાધિન કુરન ચેકડેમની મુલાકાત લીધી હતી અને કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. ગુજરાત સરકારે રૂ.૮ કરોડથી વધુની રકમ આ ચેકડેમનો વિસ્તાર વધારીને મહત્તમ જળસંગ્રહ હેતુથી ફાળવી છે. કાળા ડુંગર સહિત આજુબાજુના પહાડોમાંથી એકત્રિત થતા તેમજ રણમાં વહી જતાં મીઠા પાણીના સંગ્રહ કરવા માટે આ ચેકડેમ મહત્વપૂર્ણ બની રહેશે.



કુરન ચેકડેમના કાર્યાન્વિત થવાથી આ વિસ્તારના લોકોને ઘરઆંગણે જ પેયજળ સહિતની સુવિધાઓ પ્રાપ્ત થશે અને અન્ય જળસ્રોત ઉપરની નિર્ભરતા ઘટશે. આ પ્રસંગે કચ્છ જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, આગેવાન દેવજીભાઈ વરચંદ, ભુજ ધારાસભ્ય કેશુભાઈ પટેલ, કચ્છ સિંચાઈ વર્તુળના સુપ્રિટેન્ડેન્ટ ઈજનેર એસ.ટી. ચૌધરી, નાયબ વન સંરક્ષક સામાજિક વનીકરણ જયંત પટેલ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઉના: સેવા અને સુરક્ષા કાજે વડલા પોલીસ ચોકીનું લોકાર્પણ



## સાંસદ રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ સહિતના ઉપસ્થિત રહ્યા

**અબતક, ઉના**

ઉના શહેરના નાગરીકોની લોક ભાગીદારીથી નવનિર્મિત થયેલ ઉના પોલીસ સ્ટેશનની વડલા પોલીસ ચોકીનું લોકાર્પણ જુનાગઢ લોકસભાના સાંસદ સભ્ય રાજેશભાઈ ચુડાસમા તેમજ ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ (કે.સી.રાઠોડ)ના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ ઉદઘાટન પ્રસંગે ગીર સોમનાથ જીલ્લા કલેકટર એન.વી. ઉપાધ્યાય, ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા, ઉના વિભાગ નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ.ચૌધરી, ઉના મામલતદાર ડી.કે.ભીમાણી , ઉના પી.આઈ એમ.એન.રાણા જીલ્લા ભાજપ ઉપાધ્યક્ષ રાજુભાઈ ડાભી, નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, નગરપાલિકાના ઉપપ્રમુખના પ્રતિનિધી મયંકભાઈ જોશી, તાલુકા પંચાયતના પ્રમુખ એભાભાઈ મકવાણા, શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ કારીયા, તાલુકા ભાજપ પ્રમુખ હિરેનભાઈ બાંભણીયા, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ અને ચેમ્બર ઓફ કોમર્સના મહામંત્રી મિતેશભાઈ શાહ, શહેર ભાજપ મહામંત્રી કાંતિભાઈ છગ, તાલુકા ભાજપ મહામંત્રી ગંભીરસિંહ ગોહિલ નગરપાલિકાના સદસ્યઓ ભારતીય જનતા પાર્ટીના સંગઠનના હોદેદારો તેમજ પોલીસ કર્મચારીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબી: બુટલેગર મહેશ ખીંટ પાસા તળે જેલ હવાલે

**અબતક, મોરબી**



મોરબી એલસીબી પોલીસ ટીમ દ્વારા પ્રોહીબીશન ગુનામાં સંડોવાયેલ આરોપીની પાસા દરખાસ્ત મંજુર થતા, આરોપીને પાસા એક્ટ હેઠળ ડિટેઈન કરી મધ્યસ્થ જેલ વડોદરા હવાલે કરવામાં આવ્યો છે. મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીની સૂચના મુજબ એલસીબી પીઆઈ એમ.પી.પંડ્યાએ માળીયા(મી) પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનના ગુન્હામાં સંડોવાયેલ ઈસમ સામે પાસા દરખાસ્ત તૈયાર કરી મોરબી જીલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલતા, કે.બી.ઝવેરીએ આરોપી મહેશભાઈ દેવાભાઈ ખીંટ કચ્છ વાળાનું પાસા વોરંટ ઈશ્યુ કરેલ હોય, જે ઈસમની સત્વરે અટકાયત કરવા એલસીબી પીઆઈના માર્ગદર્શન હેઠળ મોરબી એલ.સી.બી. પોલીસની ટીમ બનાવી સામાવાળા મહેશભાઈ દેવાભાઈ ખીંટ ઉવ.૩૦ રહે.હાલ જશોદાનગર તા.ભચાઉ જી.કચ્છ મુળ રહે.માણાબા તા.રાપર જી.કચ્છ વાળાને પાસા એકટ તળે ડીટેઈન કરી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે મોકલી આપેલ છે.

# ભાવનગરના દિવ્યાંગ ખેલાડી અલ્પેશ સુતરીયા આંતરરાષ્ટ્રીય સ્તરે ઝળકયાં

## તાઈવાન ખાતે ત્રીજી વખત દેશનું પ્રતિનિધિત્વ કરી પેરા ટેબલ ટેનિસમાં બ્રોન્ઝ મેડળ મેળવ્યો

**અબતક, આનંદ રાણા, સિહોર**

ભાવનગર શહેરમાં ડિપાર્ટમેન્ટ ઓફ પોસ્ટમાં પોસ્ટલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા દિવ્યાંગ ખેલાડી અલ્પેશ સુતરીયાએ પેરા ટેબલ ટેનિસ ઈન્ટરનેશનલ સ્તરે તાઈવાનમાં ત્રીજી વખત દેશનું પ્રતિનિધિત્વ કરીને પેરા ટેબલ ટેનિસમાં બ્રોન્ઝ વિજેતા થયા છે.

૧૪ દેશના ખેલાડીઓએ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો. જેમાં ક્લાસ વન કેટેગરીમાં ઈન્ડિયાનું



પ્રતિનિધિત્વ કરી રહેલા અલ્પેશ સુતરીયાએ ઈન્ટરનેશનલ પેરા ટેબલ ટેનિસ વર્લ્ડ પેરા ફ્યુચર તાઈપાઈ ૨૦૨૫ માં ભાગ લઈને તાઈપાઈ શહેરમાં યોજાયેલ આ ટુર્નામેન્ટમાં સિંગલ ઈવેન્ટમાં બ્રાન્ઝ મેડલ પ્રાપ્ત કરીને દેશ અને ગુજરાતનું નામ રોશન કર્યુ છે.

અલ્પેશ સુતરીયાને પોલિયો હોવા છતાં હિંમત ન હાર્યા અને પેરા ટેબલ ટેનિસ ઈન્ટરનેશનલ સ્તરે તાઈવાનમા ત્રીજી વખત દેશનું પ્રતિનિધિત્વ કરીને આ સિદ્ધિ હાંસલ કરી છે.

# ધ્રાંગધ્રા એસ.એસ.પી. જૈન કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન

## કોલેજના નવનિર્માણ પામનાર બિલ્ડીંગ માટે સૌએ યોગદાન: ૩૩ વર્ષ પછી જીવંત થઈ યાદો



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રાની એસ.એસ.પી. જૈન આર્ટસ અને કોમર્સ કોલેજના વર્ષ ૧૯૯૨ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું ૩૩ વર્ષ બાદ એક ભાવપૂર્ણ પુનર્મિલન ધ્રાંગધ્રાના ત્રી મંદિર ખાતે યોજાયું હતું. જીતેન્દ્રભાઈ કોટક અને હર્ષદબા ચૌહાણ દ્વારા આયોજિત આ "ગેટ-ટુ-ગેધર" કાર્યક્રમમાં જૂના મિત્રોએ એકબીજાને આવકારી, જૂના સંસ્મરણોને તાજા કર્યા હતા.

હાલ દરેક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ બાદ સમાજમાં સન્માનિત સ્થાનો પર કાર્યરત છે. સૌએ કોલેજ અને તેના પ્રશિક્ષણ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. તેમણે ધ્રાંગધ્રાની એકમાત્ર કોલેજમાં નિર્માણાધીન નવા બિલ્ડીંગ અને જિલ્લા કક્ષાના શિક્ષણની મંજૂરી મળવાથી આનંદ અને ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે, સૌએ નવા બિલ્ડીંગના નિર્માણમાં પોતાનો ફાળો આપીને ધ્રાંગધ્રાના ભવિષ્ય માટે શ્રેષ્ઠ કાર્ય કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. ત્રી મંદિર ખાતે આ કાર્યક્રમમાં સૌએ ભોજનનો આનંદ માણ્યો હતો. આ અવસરે, ધ્રાંગધ્રાના જાણીતા સામાજિક કાર્યકર અને પત્રકાર જયેશભાઈ ઝાલાએ ઉપસ્થિત સૌને શાલ અને શિલ્ડ અર્પણ કરીને સન્માનિત કર્યા હતા. આ પ્રેરણાદાયક કાર્યક્રમ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના અતુટ બંધન અને કોલેજ પ્રત્યેના તેમના સ્નેહનું પ્રતીક બની રહ્યો હતો.

# જામજોધપુર સગર સમાજ દ્વારા તેજસ્વી તારલાને સન્માનિત કરાયા



**અબતક, ભરત ગોહિલ, જામ જોધપુર**

સગર સમાજના સંત શિરોમણી દાસારામ બાપાની પુણ્યતિથિ એટલે કે અષાઢી બીજ જે નિમિત્તે સગર સમાજ જામજોધપુર ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની સાથે જામજોધપુર સગર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન સમારંભનું પણ આયોજન કરવામાં આવેલ જેમાં ૧૭ જેટલા તેજસ્વી વિદ્યાર્થીનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં સગર સમાજ ટ્રસ્ટી મોહનભાઈ નકુમ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવેલ સગર સમાજ જામજોધપુર સંસ્થાના પ્રમુખ અરવિંદભાઈ સોલંકી દ્વારા પ્રસંગને અનુરૂપ પ્રાસંગીક પ્રવચનમાં સમાજના વિકાસ માટે ધર્મની સાથે સાથે શિક્ષણ પણ કેટલું જરૂરી છે અને શિક્ષણમાં સમાજને આગળ લઈ જવા માટે ભવિષ્યના પોતાના વિઝન અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

# મેટોડા: અભ્યાસ કીટ આપી ભુલકાઓને શાળા પ્રવેશ કરાવતા પૂર્વ ધારાસભ્ય સાગઠીયા

## સરદાર પટેલ પ્રા.શાળા અને વાગુદડ પ્રા.શાળામાં બાળકોનું ઉમળકાભેર સ્વાગત કરાયું



**અબતક, બી.એમ.ગોસાઈ, મેટોડા**

સૌરાષ્ટ્ર - ગુજરાત તેમજ કચ્છમાં સરકારી પ્રાથમિક શાળાઓ તેમજ આંગણવાડી કેન્દ્રોમાં બાળકો નો શાળા પ્રવેશોત્સવ ચાલી રહેલ છે જેમા મેટોડા સરદાર પટેલ પ્રાથમિક શાળા તેમજ પીએમ મેટોડા પ્રાથમિક શાળા વાગુદડ પ્રાથમિક શાળા મા કન્યા કેળવણી મહોત્સવ શાળા પ્રવેશોત્સવ ની ઉજવણી કરવામાં આવેલ જેમાં જીલ્લા ના અધિકારી ઓ તેમજ લોધીકા તાલુકા વિકાસ અધિકારી પી.આર. સિંધવ રાજકોટ જીલ્લા પંચાયત સદસ્ય મોહનભાઈ દાફડા પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા રાજકોટ જીલ્લા ભાજપ અગ્રણી મનહરભાઈ બાબરીયા તાલુકા પંચાયત પ્રમુખ વિપુલભાઈ મોરડ તાલુકા ભાજપ પ્રમુખ ડો પ્રકાશભાઈ વિરડા મહામંત્રી મયુર સિંહ જાડેજા સુરેશભાઈ વસોયા પૂર્વ મહામંત્રી દિલીપભાઈ કુગશીયા મોહનભાઈ ખુટ અનુસુચિત જાતિ મોરચા મહામંત્રી પ્રકાશભાઈ પરમાર શાળામાં નવા પ્રવેશ મેળવતા બાળકોને શાળા અભ્યાસ કિટ આપી શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.

# ફિલ્ડીંગ પોઝિશન અને પરંપરાગત ''સ્પિન શસ્ત્ર'' દ્વારા બીજા ટેસ્ટમાં ભારતનું કમબેક?

## એજબેસ્ટન ક્રિકેટ સ્ટેડિયમની પિચ સૂકી રહી શકે છે અને અહીં સ્પિનરો માટે મદદ મળે તેવી શક્યતા: કુલદીપ યાદવ અને વોશિંગ્ટનને પ્લેઈંગ ઈલેવનમાં જગ્યા મળે તેવી પુરી સંભાવના

**અબતક, નવી દિલ્હી**

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ટેસ્ટ શ્રેણીની બીજી મેચ બર્મિંગહામમાં રમાશે. લીડ્સ ટેસ્ટમાં ૫ વિકેટે મળેલી હાર બાદ, ભારતીય ટીમની બોલિંગ પર,



ખાસ કરીને ચોથી ઈનિંગમાં ૩૭૧ રનના વિશાળ લક્ષ્યનો બચાવ ન કરી શકવા બદલ, ભારે ટીકા થઈ હતી. પહેલી ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાની નબળી ફિલ્ડિંગ, બોલિંગ અને નીચલા ક્રમના બેટ્સમેનોનું પતન હારના મુખ્ય કારણો હતા. ઈતિહાસમાં આ પહેલી વાર હતું જ્યારે ૫ સદી ફટકારનાર ટીમ હાર્યું હતું. યશસ્વી જયસ્વાલ, શુભમન ગીલ અને ઋષભ પંતે પહેલી ઈનિંગમાં સદી ફટકારી હતી. બીજી ઈનિંગમાં ઋષભ પંત અને કેએલ રાહુલે સદી ફટકારી હતી.પહેલી ઈનિંગમાં ભારતે પોતાની છેલ્લી ૭ વિકેટ ૪૧ રનમાં ગુમાવી દીધી હતી અને બીજી ઈનિંગમાં તેણે છેલ્લી ૬ વિકેટ ૩૧ રનમાં ગુમાવી દીધી હતી. ફિલ્ડિંગનું સ્તર ખરાબ હતું, એકલા જયસ્વાલે ૪ કેચ છોડ્યા હતા. જસપ્રીત બુમરાહ સિવાય, કોઈ બોલર પહેલી ઈનિંગમાં દબાણ બનાવી શક્યો ન હતો. ૫ વિકેટ લેનાર બુમરાહ પણ બીજી ઈનિંગમાં કોઈ વિકેટ લઈ શક્યો ન હતો. ઈંગ્લેન્ડે તે મેચ ૫ વિકેટથી જીતી હતી. ત્યારે હવે ફિલ્ડિગ પોઝિશન અને પરંપરાગત ''સ્પિન શસ્ત્ર'' દ્વારા બીજા ટેસ્ટમાં ભારતનું કમબેક થશે? બર્મિંગહામ ટેસ્ટમાં ભારતીય બોલિંગ લાઈન-અપમાં ત્રણ મોટા ફેરફારો જોવા મળી શકે છે.કેમ કે હવે પીચના રિપોર્ટ મુજબ ભારતીય ટિમ બે સ્પિનરોને રમાડશે તેમ લાગી રહ્યું છે. જેમાં કુલદીપ યાદવ અને ઓલરાઉન્ડર વોશિંગટન સુંદરને જગ્યા મળી શકે તેમ છે.શાર્દુલ ઠાકુરને પણ પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર કરી શકાય છે. શાર્દુલે પ્રથમ ટેસ્ટમાં બંને ઈનિંગમાં માત્ર ૫ રન બનાવ્યા હતા અને ફક્ત ૨ વિકેટ લીધી હતી. તેની જગ્યાએ સ્પિનર કુલદીપ યાદવને રમાડવામાં આવી શકે છે, જે ભારતીય બોલિંગ આક્રમણને વધુ વિવિધતા પ્રદાન કરશે.સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ બીજી ટેસ્ટમાં નહીં રમે. તેના સ્થાને યુવા ડાબોડી સીમર અર્શદીપ સિંહને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરી શકાય છે. અર્શદીપે ભલે હજુ સુધી ટેસ્ટ ડેબ્યૂ ન કર્યું હોય, પરંતુ કાઉન્ટી ચેમ્પિયનશિપમાં રમવાના કારણે તેને ઈંગ્લેન્ડની પરિસ્થિતિઓમાં રમવાનો સારો અનુભવ મળ્યો છે. અર્શદીપને નેટમાં નવા અને જૂના બંને બોલ સાથે પ્રેક્ટિસ કરતા પણ જોવામાં આવ્યા છે. બંને બાજુ સ્વિંગ કરવાની તેની ક્ષમતાને કારણે ઈંગ્લેન્ડની પિચો પર તે અસરકારક સાબિત થઈ શકે છે.અહેવાલો અનુસાર, ઝડપી બોલર પ્રખ્યાત કૃષ્ણા પણ નાની ઈજાથી પીડાઈ રહ્યો છે. જો તે સમયસર ફિટ ન થઈ શકે, તો યુવા ફાસ્ટ બોલર આકાશદીપને પણ પ્લેઈંગ ઈલેવનમાં તક મળી શકે છે.પહેલી ટેસ્ટમાં, કરુણ નાયર અને સાઈ સુદર્શન બંને ઈનિંગમાં કંઈ ખાસ પ્રદર્શન કરી શક્યા ન હતા. નાયરે બંને ઈનિંગ્સમાં ૨૦ રન બનાવ્યા હતા જ્યારે સુદર્શને ફક્ત ૩૦ રન બનાવ્યા હતા. તેમ છતાં, એવું માનવામાં આવે છે કે આ બંનેને બીજી ટેસ્ટમાંથી બહાર રાખવામાં આવશે નહીં અને તેમને વધુ એક તક આપવામાં આવશે. આ ફેરફારો સાથે, ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટમાં વધુ મજબૂત દેખાવ કરવાનો પ્રયાસ કરશે.

### ત્રણ-ત્રણ કેચ છોડનાર યશસ્વી જયસ્વાલ હવે સ્લિપમાં જોવા નહિ મળે

ભારતીય ટીમે બુધવારથી એજબેસ્ટનમાં રમાનારી ટેસ્ટ મેચ માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે અને તાલીમ સત્રમાં ફિલ્ડિંગ, ખાસ કરીને કેચિંગ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. લીડ્સ ટેસ્ટમાં ભારતની ફિલ્ડિંગ નબળી રહી હતી જે તેની હારનું એક કારણ હતું. સોમવારે ભારતે સખત પ્રેક્ટિસ કરી હતી, પરંતુ યશસ્વી જયસ્વાલની ફિલ્ડિંગ પોઝિશને બધાનું ધ્યાન ખેંચ્યું હતું.યશસ્વી સ્લિપ કોર્ડનમાંથી ગેરહાજર હતો. યશસ્વી સામાન્ય રીતે સ્લિપ ફિલ્ડિંગનો મહત્વપૂર્ણ ભાગ રહ્યો છે. તેણે લીડ્સ ટેસ્ટમાં ચાર કેચ ડ્રોપ કર્યા હતા, જેમાં બેન ડકેટનો કેચ પણ સામેલ હતો. ડકેટ ૯૭ રન પર રમી રહ્યો હતો ત્યારે યશસ્વીએ તેનો કેચ ડ્રોપ કર્યો હતો. ડકેટે ૧૪૯ રનની ઈનિંગ રમી હતી જેનાથી મેચનો રસ્તો બદલાઈ ગયો અને ઈંગ્લેન્ડ મેચ જીતવામાં સફળ રહ્યું.સોમવારે, ફિલ્ડિંગ કોચ ટી દિલીપે સ્લિપ ડ્રિલ હાથ ધરી હતી જેમાં કરુણ નાયર પહેલી સ્લિપ પર, રાહુલ બીજી સ્લિપ પર અને શુભમન ગિલ ત્રીજી સ્લિપ પર ઉભા હતા. યશસ્વીને લેગ સ્લિપ પર રાખવામાં આવ્યો હતો, જ્યારે ધ્રુવ જુરેલ શોર્ટ લેગ પર ઉભા હતા. ભારતીય ટીમના ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ પણ કેચિંગ ડ્રીલમાં સામેલ હતા. સહાયક કોચ રાયન ટેન ડોશેટે ફિલ્ડિંગ તૈયારીઓનું અવલોકન કર્યું, જ્યારે બોલિંગ કોચ મોર્ને મોર્કેલે બીજી બેચ સાથે કેચિંગ પ્રેક્ટિસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

### બુમરાહ માટે ''અંતિમ ઘડી''માં નિર્ણય લેવાશે

જસપ્રીત બુમરાહ ફિટ છે અને ઈંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટ માટે ઉપલબ્ધ છે, પરંતુ ભારત એજબેસ્ટનમાં રમશે કે નહીં તે અંગે કોઈ શંકા વ્યકત કરી રહ્યું નથી, કારણ કે તે શ્રેણીના પાંચ મેચોમાંથી ફક્ત ત્રણ મેચમાં જ રમી શકે છે.

ભારત એજબેસ્ટનમાં બે સ્પિનરોને પણ રમશે તે લગભગ નિશ્ચિત છે, કારણ કે મેદાન પર પીચ પર ઘાસ ઓછું છે, જે નીચે સૂકી છે. જોકે, બીજો સ્પિનર ઓફ સ્પિન ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદર હોઈ શકે છે કારણ કે ભારત બેટિંગ ડેપ્થ વિશે ચિંતિત લાગે છે.

''બુમરાહ રમવા માટે તૈયાર છે,'' ભારતના સહાયક કોચ રાયન ટેન ડોઈશેટે એજબેસ્ટન ટેસ્ટના બે દિવસ પહેલા કહ્યું હતું. ''આ ચાર ટેસ્ટ મેચોનું સંચાલન આપણે આ રીતે કરીએ છીએ. તેથી જો આપણને લાગે કે આ ટેસ્ટમાં તેને રમવાનું મૂલ્ય છે, તો આપણે છેલ્લી ઘડીએ તે નિર્ણય લઈશું. હું હવામાન વિશે વાત કરી રહ્યો છું, પિચ કેવી રીતે રમશે, શું આપણે તેને લોર્ડ્સ અને કદાચ માન્ચેસ્ટર અથવા ધ ઓવલ માટે પાછળ રાખવાનું વધુ સારું છે? તો તે બધા પરિબળો છે, પરંતુ તમે ગઈકાલે તેને તાલીમ આપતા જોયો છે, તેણે આજે થોડી તાલીમ લીધી. એવું નથી કે તે રમવા માટે યોગ્ય નથી. તે ફક્ત તે પઝલ ટુકડાઓને ફિટ કરવાનો પ્રયાસ કરી રહ્યો છે જેથી આપણે જાણીએ છીએ કે તેની પાસેથી અમારી પાસે જે છે તેનો મહત્તમ લાભ લઈ શકાય.''

# કેપ્ટન ''કૂલ''નો ટ્રેડમાર્ક ધોનીને !!!

**અબતક, નવી દિલ્હી**

મહેન્દ્રસિંહ ધોનીને સૌપ્રથમ વખત 'કેપ્ટન કૂલ'નું બિરુદ કોણે આપ્યું તે અંગે કોઈ સ્પષ્ટ અને અધિકૃત માહિતી ઉપલબ્ધ નથી. જોકે, ધોનીના શાંત સ્વભાવ, દબાણ હેઠળ સંયમિત નિર્ણયો લેવાની ક્ષમતા અને મેદાન પર તેની નેતૃત્વ શૈલીને કારણે આ ઉપનામ ધીમે-ધીમે ચાહકો અને મીડિયામાં લોકપ્રિય બન્યું. આ નામ ક્યારે મળ્યું અને કોણે આપ્યું તે અંગેની કોઈ સ્પષ્ટ માહિતી નથી પરંતુ એવું કહેવાય છે કે ૨૦૦૭ના ટી-૨૦ વર્લ્ડ કપ દરમિયાન અથવા પછી આ ઉપનામ લોકપ્રિય બન્યું હોય, જ્યારે ધોનીએ ભારતીય ટીમને તેમની પહેલી વર્લ્ડ કપ જીત અપાવી હતી. આ મુદ્દો એટલા માટે ચર્ચામાં છે કારણ કે ધોનીએ 'કેપ્ટન કૂલ' નામ માટે જે ટ્રેડમાર્ક પ્રોસેસ કરાવી છે તેનું પહેલું પગથિયું તેણે પાર કરી લીધું છે.કેટલાક રિપોર્ટ્સ અનુસાર, ક્રિકેટ ચાહકો અને કોમેન્ટેટર્સે ધોનીની શાંત અને વ્યૂહાત્મક કેપ્ટનશીપ જોઈને



આ નામનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું. ખાસ કરીને, ૨૦૦૭ના ટી-૨૦ વર્લ્ડ કપ ફાઈનલમાં પાકિસ્તાન સામે જોગિન્દર શર્માને છેલ્લી ઓવર આપવાનો તેનો જોખમી નિર્ણય માનવામાં આવે છે, જે અંતમાં સફળ સાબિત થયો હતો, આ ઘટના પછી આ ઉપનામને વધુ પ્રોત્સાહન મળવાનું શરૂ થયું હતું.ધોનીની કેપ્ટનશીપ માત્ર ભારત જ નહીં પરંતુ દુનિયાભરમાં કે જ્યાં ક્રિકેટ રસિયાઓ છે તેમના રસનો વિષય બન્યો છે. ધોનીની પિચ પાછળ ચપળતા, વિરાધી ટીમના બેટ્સમેનને ઓળખવાની ક્ષમતા વગેરે બાબતો તેની કેપ્ટન તરીકેની ભૂમિકાને વધારે સારો આકાર આપવાની ભૂમિકા ભજવતા હતા. જેમાં ટી-૨૦ વર્લ્ડ કપ-૨૦૦૭ સૌથી મહત્વનો માનવામાં આવે છે. બેટ્સમેન કઈક નવું કરવાની ઈચ્છા કરે ત્યારે ધોની તરફ જ પોતાની ટીમના બોલર્સને કેટલીક ટીપ્સ આપતો ક્યાં તો એવા બોલરને કમાન સોંપતો કે જે પછી ટીમના પક્ષમાં પરિણામો મળતા ધોનીના નિર્ણય છવાઈ જતા હતા. કપરી પરિસ્થિતિમાં પણ ધોની શાંત ચિત્તે નિર્ણય લેવાની ક્ષમતાએ તેના પર 'કેપ્ટન કૂલ' લેબલ બંધ બેસતું હતું ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૦૭માં ધોનીએ લીધેલા નિર્ણયોમાં એક ઈરફાન પઠાણ અંગેનો પણ નિર્ણય હતો કે જેમાં પાકિસ્તાનની બેટિંગ દરમિયાન ૧૧ ઓવર પતી ત્યાં સુધી ઈરફાન પઠાણને બોલિંગમાં ઉતારવામાં નહોતો આવ્યો, આ અંગે સૌ કોઈને સવાલ થતાં હતા પરંતુ ધોનીએ ઈરફાનને બોલિંગમાં ઉતારતાની સાથે જ તે ઝળકયો હતો અને ૪ ઓવરમાં સૌથી ઓછી ૪ની રનરેટથી રન આપીને મહત્વની ૩ વિકેટ લીધી હતી.

# અમેરિકામાં વધુ એક પ્લેન ક્રેશ: ૬ના મોત

## વેકેશન માટે જઈ રહેલા એક જ પરિવારના ૪ સભ્યો અને ૨ પાયલોટના મોત

**અબતક, રાજકોટ**

અમેરિકાના ઓહિયોમાં એક દુ:ખદ વિમાન દુર્ઘટનામાં યંગસ્ટાઉન-વોરેન પ્રાદેશિક એરપોર્ટ પરથી ટેકઓફ કર્યા પછી તરત જ વેલર પરિવારના ચાર સભ્યો અને બે પાઈલટ સહિત છ લોકોના કરુણ મોત થયા છે. આ દુર્ઘટનામાં મોન્ટાનાના બોઝેમેન જઈ રહેલું સેસ્ના ૪૪૧ વિમાન જંગલવાળા વિસ્તારમાં ક્રેશ થયું હતું, જેમાં કોઈ બચ્યું નહોતું. પીડિતોમાં ભૂતપૂર્વ ફરિયાદી અને બંદર સત્તાવાળા અધિકારી જોસેફ મેક્સિનનો પણ સમાવેશ થાય છે.




રવિવારે સવારે ઓહિયોના યંગસ્ટાઉન-વોરેન પ્રાદેશિક એરપોર્ટ પરથી ઉડાન ભર્યાની થોડી જ વારમાં એક નાનું વિમાન તૂટી પડતાં એક જ પરિવારના ચાર સભ્યો અને બે પાઈલટ સહિત કુલ છ લોકોના મોત થયા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. ફેડરલ એવિએશન ઓથોરિટી (એફએએ) અનુસાર, સેસ્ના ૪૪૧ ટ્વીન-એન્જિન ટર્બોપ્રોપ વિમાન એરપોર્ટ નજીક આવેલા ગાઢ જંગલવાળા વિસ્તારમાં ક્રેશ થયું હતું. વેસ્ટર્ન રિઝર્વ પોર્ટ ઓથોરિટીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર એન્થોની ટ્રેવેનાએ પુષ્ટિ કરી કે આ દુર્ઘટનામાં કોઈ બચ્યું નથી. ન્યૂઝ એજન્સી એપીના અહેવાલ મુજબ, આ વિમાન વોરેન, ઓહિયોની મીન્ડર એર એલએલસીમાં નોંધાયેલું હતું.

ટ્રમ્બુલ કાઉન્ટી કોરોનર લોરેન્સ ડી'અમિકોએ સોમવારે મૃતકોની ઓળખ જાહેર કરી હતી. તેમાં કેનફિલ્ડના પાઈલટ જોસેફ મેક્સિન (૬૩) અને કો-પાઈલટ ટીમોથી બ્લેક (૫૫) નો સમાવેશ થાય છે. મુસાફરોમાં હબાર્ડના વેરોનિકા વેલર (૬૮), તેમના પતિ જેમ્સ વેલર (૬૭), તેમનો પુત્ર જોન વેલર (૩૬), અને તેમની પત્ની મારિયા વેલર (૩૪) નો સમાવેશ થાય છે. અહેવાલો અનુસાર, વેલર પરિવાર વેકેશન માટે મોન્ટાનાના બોઝેમેન જઈ રહ્યો હતો અને તેઓ યંગસ્ટાઉન-વોરેન વિસ્તારમાં સ્ટીલ ઉત્પાદન વ્યવસાયો ધરાવતા હોવા માટે જાણીતા હતા.

માહોનિંગ કાઉન્ટીના ભૂતપૂર્વ સહાયક ફરિયાદી અને બંદર સત્તાવાળાના પાલન નિર્દેશક તરીકે સેવા આપનાર મેક્સિનને એક સમર્પિત જાહેર સેવક તરીકે યાદ કરવામાં આવી રહ્યા છે. હોવલેન્ડ ટાઉનશીપ ફાયર ચીફ રેમન્ડ પેસે જણાવ્યું હતું કે, વિમાન ત્રણ ઘરો નજીક ગાઢ જંગલોમાં ક્રેશ થયું હતું, પરંતુ સદનસીબે જમીન પર કોઈને ઈજા થઈ ન હતી. તેમણે નોંધ્યું કે ક્રેશ સ્થળ સુધી પહોંચવું મુશ્કેલ હતું. હાલ એફએએ અને નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ ક્રેશના કારણની તપાસ કરી રહ્યા છે અને જાહેર જનતા પાસેથી કોઈપણ ઉપલબ્ધ સર્વેલન્સ ફૂટેજ અથવા પ્રત્યક્ષદર્શીઓના અહેવાલોની વિનંતી કરી છે.



# કૂતરૂં કરડ્યું છે તો શું કરશો???



## કૂતરા કરડ્યા બાદ સમયસરની સારવાર ગંભીર ચેપ અને લાંબા ગાળાની અસરો ટાળવામાં મદદરૂપ

**અબતક, રાજકોટ**

આજ કાલ આપણે કૂતરું કરડીયાના બનાવો અવારનવાર સાંભળતા હોઈએ છીએ. શ્વાન કરડવો એ એક ગંભીર બાબત છે જે શારીરિક અને માનસિક બંને રીતે અસર કરી શકે છે. તે માત્ર દુખાવો અને ઈજા જ નથી પહોંચાડતું, પરંતુ રેબીઝ જેવા જીવલેણ રોગોનું જોખમ પણ ઊભું કરે છે. ક્યારેક પાલતુ શ્વાન પણ કરડી શકે છે, અને અજાણ્યા શ્વાનનો ડર પણ સ્વાભાવિક છે. કૂતરા કરડવાની ઘટના, ખાસ કરીને બાળકો માટે, ભયાવહ અને આઘાતજનક હોઈ શકે છે. આવા સમયે ગભરાવાને બદલે, યોગ્ય અને તાત્કાલિક પગલાં લેવા અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ભારતમાં, જ્યાં રખડતા કૂતરાઓની સંખ્યા વધુ છે, ત્યાં આવી ઘટનાઓ સામાન્ય છે. પરંતુ સચોટ માહિતી અને સમયસરની સારવાર ગંભીર ચેપ અને લાંબા ગાળાની અસરો ટાળવામાં મદદ કરી શકે છે. આ લેખમાં કૂતરા કરડ્યા પછી શું કરવું, કયા સંભવિત જોખમો છે અને ક્યારે તબીબી મદદ લેવી તે અંગે વિગતવાર માહિતી આપવામાં આવી છે.

કૂતરો કરડ્યા પછી સૌથી પહેલું પગલું એ છે કે તમારી સલામતી સુનિશ્ચિત કરો અને કૂતરાથી સુરક્ષિત અંતર બનાવો. આ પછી, જો કૂતરાનો માલિક હાજર હોય, તો તરત જ તેમનો સંપર્ક કરો અને કૂતરાના રસીકરણ, ખાસ કરીને હડકવાની રસી વિશેની માહિતી મેળવો. પશુચિકિત્સકની વિગતો સહિત તેમની સંપર્ક માહિતી લેવાનું ભૂલશો નહીં. જો કૂતરો રખડતો હોય, તો આસપાસના લોકોને પૂછપરછ કરીને કૂતરાની સંભાળ રાખનાર અથવા રસીકરણની સ્થિતિ વિશે જાણવાનો પ્રયાસ કરો. જો તે તમારો પોતાનો કૂતરો હોય, તો પણ ખાતરી કરો કે તેને હડકવાની રસી અપડેટ કરવામાં આવી છે. શક્ય તેટલી વધુ માહિતી એકત્રિત કરવી ભવિષ્યની સારવાર માટે અત્યંત ઉપયોગી થશે.

ચેપ અટકાવવા માટે ઘાની તાત્કાલિક સફાઈ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. કરડેલા ભાગને તરત જ સાબુ અને પુષ્કળ પાણીથી ઓછામાં ઓછા ૫-૧૦ મિનિટ સુધી સારી રીતે ધોઈ લો. આ પ્રક્રિયા ઘામાંથી બેક્ટેરિયાને બહાર કાઢવામાં મદદ કરે છે. ઘા ધોયા પછી, પોવિડોન આયોડિન જેવી સ્થાનિક એન્ટિબાયોટિક ક્રીમ લગાવો. ત્યારબાદ, ઘાને સ્વચ્છ પાટો અથવા કપડાથી ઢાંકી દો અને દરરોજ પાટો બદલતા રહો. ઘાની નિયમિત દેખરેખ રાખો અને ચેપના કોઈ પણ ચિહ્નો જેમ કે લાલાશ, સોજો, ગરમી અથવા દુખાવામાં વધારો જણાય તો તરત જ તબીબી સલાહ લો.

કૂતરા કરડવાથી અનેક સ્વાસ્થ્ય જોખમો ઊભા થઈ શકે છે, જેની તીવ્રતા કરડવાની ઊંડાઈ અને સ્થાન પર આધાર રાખે છે. નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો અથવા ડાયાબિટીસના દર્દીઓ વધુ સંવેદનશીલ હોય છે. સામાન્ય રીતે જોવા મળતી ગૂંચવણોમાં બેક્ટેરિયલ ચેપ જેમ કે સ્ટેફાયલોકોક્સનો સમાવેશ થાય છે. ઊંડા કરડવાથી ચેતા, સ્નાયુઓ અથવા રક્તવાહિનીઓને નુકસાન થઈ શકે છે, જ્યારે મોટા કૂતરાના કરડવાથી હાડકાંમાં ફ્રેક્ચર પણ થઈ શકે છે, ખાસ કરીને હાથ, પગ અથવા પગની ઘૂંટીમાં.

સૌથી ગંભીર જોખમ હડકવાનું છે, જો કૂતરાના રસીકરણનો ઈતિહાસ અજાણ હોય અથવા કૂતરો બીમાર દેખાતો હોય. હડકવા એ જીવલેણ રોગ છે, તેથી જો સહેજ પણ શંકા હોય તો તાત્કાલિક હડકવા વિરોધી રસી લેવી જરૂરી છે. આ ઉપરાંત, કરડવાના કારણે કાયમી ડાઘ પણ રહી શકે છે, જોકે આધુનિક તબીબી તકનીકો તેના દેખાવને ઘટાડવામાં મદદ કરી શકે છે. મૃત્યુ ખૂબ જ દુર્લભ છે, પરંતુ ૧૦ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં તેનું જોખમ વધુ હોય છે.ઘામાં ચેપ લાગવાના ચિહ્નો કરડ્યા પછી ૨૪ કલાકથી ૧૪ દિવસની અંદર દેખાઈ શકે છે. જો તમને નીચેનામાંથી કોઈ પણ લક્ષણો દેખાય તો તાત્કાલિક તબીબી સહાય મેળવો: ઘામાં લાલાશ, સોજો, પરુ અથવા પ્રવાહીનો સ્રાવ, તાવ, ઠંડી લાગવી, નબળાઈ, ચક્કર આવવા, અથવા મૂંઝવણ. જો રક્તસ્રાવ બંધ ન થતો હોય, ઘા ખૂબ ઊંડો હોય, હાડકાં, રજ્જૂ કે સ્નાયુ ખુલ્લા દેખાતા હોય, અથવા કરડ્યા પછી હાથ-પગની ગતિશીલતામાં ઘટાડો થયો હોય, તો વિલંબ કર્યા વિના ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ.

યોગ્ય તબીબી સારવાર બેક્ટેરિયલ ચેપ અને ગંભીર ગૂંચવણોને અટકાવવા માટે નિર્ણાયક છે. ડોક્ટર ઘાની ગંભીરતાનું મૂલ્યાંકન કરશે અને જરૂરિયાત મુજબ ટિટાનસ શોટ, એન્ટિબાયોટિક્સ અને જો જરૂરી હોય તો હડકવા વિરોધી રસીનો કોર્સ સૂચવશે. જો એન્ટિબાયોટિક્સ સૂચવવામાં આવે, તો લક્ષણો ઓછા થાય તો પણ તેનો સંપૂર્ણ કોર્સ પૂર્ણ કરવો અનિવાર્ય છે, જે સામાન્ય રીતે ૧-૨ અઠવાડિયાનો હોય છે. કૂતરા કરડવાથી બચવા માટે નિવારણના પગલાં પણ એટલા જ મહત્ત્વપૂર્ણ છે. બાળકોને કૂતરાઓ સાથે સુરક્ષિત રીતે કેવી રીતે વર્તવું તે શીખવવું જોઈએ. પાલતુ કૂતરાઓને સમયસર રસીકરણ કરાવવું અને તેમનું વર્તન નિહાળવું પણ જરૂરી છે.

### તાજમહેલ ખરીદવો છે? તો આજે પણ વેચવાવાળા લાઈનમાં !!

# ત્રણ યુદ્ધમાં ઉપયોગમાં લેવાયેલ ભારતીય હવાઈ સેનાનો બીજા વિશ્વયુદ્ધમાં તૈયાર થયેલા રનવે બોગસ કાગળિયા દ્વારા ૨૮ વર્ષ પહેલા વેચી દેવાયો

## માતા-પુત્રની જોડીએ મહેસૂલ અધિકારીઓ સાથે મળીને બીજા વિશ્વયુદ્ધના સમયની ભારતીય વાયુસેનાની હવાઈ પટ્ટી વેચી દીધી

**અબતક, રાજકોટ**

ટૂંકી રીતે પૈસા કમાવવાવાળા એટલી હદે વધ્યા છે કે જો કોઈને તાજમહેલ ખરીદવો હોય તો પણ માલિકી ન હોવા છતાં વેચવાવાળા લાઈનમાં લાગી જાય છે. આવા કૌભાંડોના કિસ્સાઓ છાશવારે સામે આવતા હોય છે. ત્યારે પંજાબના ફિરોઝપુરમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં ૧૯૯૭માં એક માતા-પુત્રની જોડીએ મહેસૂલ અધિકારીઓ સાથે મળીને બીજા વિશ્વયુદ્ધના સમયની ભારતીય વાયુસેનાની હવાઈ પટ્ટી વેચી દીધી હોવાનો આરોપ છે. આ મામલો ૨૮ વર્ષ પછી પ્રકાશમાં આવ્યો છે જ્યારે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના હસ્તક્ષેપ બાદ પંજાબ વિજિલન્સ બ્યુરોની તપાસમાં જમીન ભારતીય વાયુસેનાની હોવાનું પુષ્ટિ થઈ. આ કૌભાંડમાં ઉષા અંસલ અને તેમના પુત્ર નવીન ચંદ વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે.આ હવાઈ પટ્ટી ફત્તુવાલા ગામમાં પાકિસ્તાન સરહદની ખૂબ નજીક આવેલી છે અને ૧૯૬૨, ૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધો દરમિયાન ભારતીય વાયુસેના દ્વારા અદ્યતન ઉતરાણ સ્થળ તરીકે ઉપયોગમાં લેવાઈ હતી. વિજિલન્સ બ્યુરોની તપાસમાં બહાર આવ્યું છે કે આ જમીન ૧૨ માર્ચ, ૧૯૪૫ના રોજ બ્રિટિશ વહીવટીતંત્ર દ્વારા બીજા વિશ્વયુદ્ધ માટે હસ્તગત કરવામાં આવી હતી અને ત્યારથી ભારતીય વાયુસેનાના કબજામાં હતી. આરોપી ઉષા અને નવીને કથિત રીતે કપટપૂર્વક જમીનની માલિકીનો દાવો કર્યો અને મહેસૂલ અધિકારીઓ સાથે મળીને બનાવટી મહેસૂલ રેકોર્ડ બનાવીને તેને વેચી દીધી.આ મામલામાં નિવૃત્ત મહેસૂલ અધિકારી અને વ્હિસલબ્લોઅર નિશાન સિંહ દ્વારા મૂળ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી, પરંતુ વર્ષો સુધી કોઈ કાર્યવાહી થઈ ન હતી. ૨૦૨૧માં હલવારા એરફોર્સ સ્ટેશનના કમાન્ડન્ટે પણ તપાસની માંગણી કરી હતી, છતાં કોઈ પ્રગતિ થઈ ન હતી. આખરે, નિશાન સિંહે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી, જેના પગલે ન્યાયાધીશ હરજીત સિંહ બ્રારે પંજાબ વિજિલન્સ બ્યુરોના મુખ્ય નિર્દેશકને વ્યક્તિગત રીતે આરોપોની સત્યતા ચકાસવાનો અને જરૂરી કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો. હાઈકોર્ટે ફિરોઝપુરના ડેપ્યુટી કમિશનરને તેમની નિષ્ક્રિયતા બદલ ઠપકો આપ્યો અને રાષ્ટ્રીય સુરક્ષા માટેના સંભવિત ખતરા અંગે ચિંતા વ્યક્ત કરી.હાઈકોર્ટના હસ્તક્ષેપ બાદ, મે ૨૦૨૫માં જ આ જમીન આખરે સંરક્ષણ મંત્રાલયને પરત કરવામાં આવી છે. આ કેસ ભારતમાં જમીન કૌભાંડોની ગંભીરતા અને રાષ્ટ્રીય સુરક્ષા માટેના તેના સંભવિત પરિણામોને ઉજાગર કરે છે.

# પુલ પરથી કાર ખાબકતા કેદારનાથ જઈ રહેલા ગાંધીનગરના ૪ લોકોના મોત: ૧ વ્યકિત ઘાયલ

## પાણીપત-ખાતિમા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ઓવરબ્રિજ પરથી કાર લગભગ ૨૦ ફૂટ નીચે ખેતરમાં ખાબકતા સર્જાયો અકસ્માત

**અબતક, રાજકોટ**

કેદારનાથ જઈ રહેલા ગાંધીનગરના પરિવારને અકસ્માત નળી જતા ચાર લોકોના મોત થયા હતા. તેમજ કાર ચાલક બચી જતા તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત હોવાથી તેને સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો હતો. ગઈકાલે સાંજે મુઝફ્ફરનગર જિલ્લાના છાપર પોલીસ સ્ટેશન હેઠળ પાણીપત-ખાતિમા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર એક ઓવરબ્રિજ પરથી એક કાર લગભગ ૨૦ ફૂટ નીચે ખેતરમાં ખાબકતા એક દર્દનાક અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ઉત્તરાખંડના કેદારનાથ મંદિરમાં દર્શનાર્થે જઈ રહેલા ગુજરાતના ગાંધીનગરના ચાર શ્રદ્ધાળુઓના કરૂણ મોત નિપજ્યા હતા. કાર ચાલકને ગંભીર ઈજાઓ થતાં તેને તાત્કાલિક જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.પોલીસ અધિક્ષક સંજય કુમાર વર્માના જણાવ્યા અનુસાર, ઘટનાની જાણ થતાં જ પોલીસની એક ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને ઈજાગ્રસ્તોને જિલ્લા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં પહોંચતા જ ચાર મુસાફરોને મૃત જાહેર કરવામાં આવ્યા હતા, જ્યારે એકની સારવાર ચાલી રહી છે. પોલીસે જણાવ્યું હતું કે તેઓ મૃતકો વિશે વધુ માહિતી એકત્રિત કરી રહ્યા છે. મૃતકોની ઓળખ વિપુલ, ભરત, કરણ અને અમિત (પોલીસને ફક્ત તેમના પ્રથમ નામ જ મળી શક્યા છે) તરીકે થઈ છે, જ્યારે ઘાયલ ડ્રાઈવરનું નામ જીગર છે. આ તમામ ૩૦-૩૫ વર્ષની વય જૂથના હતા અને ગુજરાતના ગાંધીનગરના રહેવાસી હતા. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે અને તેમના પરિવારોને જાણ કરવામાં આવી છે.પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, કાર ઓવરબ્રિજ પર હતી ત્યારે ડ્રાઈવરે કોઈક કારણોસર કાબુ ગુમાવ્યો હતો. જેના કારણે વાહન બેકાબૂ બનીને રેલિંગ તોડીને લગભગ ૨૦ ફૂટ નીચે ખેતરમાં પટકાયું હતું. આ અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

દરમિયાન, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ ગમખ્વાર અકસ્માતની નોંધ લીધી છે અને શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે. તેમણે જિલ્લા વહીવટીતંત્રને ઘાયલોને શ્રેષ્ઠ અને યોગ્ય સારવાર મળે તે સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો છે. આ દુર્ઘટનાએ કેદારનાથ યાત્રા પર નીકળેલા શ્રદ્ધાળુઓમાં શોક અને ચિંતાની લાગણી પ્રસરાવી દીધી છે.

# સી સી રોડના કામ પર સ્ટે.ચેરમેનની નજર:ગુણવત્તા જાળવવા કરી ટકોર

## વોર્ડ નંબર ૯મા મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશભાઈ કાગથરાએ ભૂગર્ભ ગટરના કામમાં લોટ પાણીને લાકડા થતા હોવાથી કામગીરી બંધ કરાવી

જામનગરના જુદાજુદા વિસ્તારોમાં હાલ વિકાસ કામો ચાલી રહ્યા છે. પરંતુ આ કામો દરમિયાન ગેરરિતી આચરવામાં આવતી હોવાની લોકોમા સમયાંતરે રાવ ઉઠતી હોય છે. આવી સ્થિતિ વચ્ચે તાજેતરમાં સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દ્વારા ભૂગર્ભ ગટરના કામની મુલાકાત લઈ કામગીરીમાં લોટ પાણીને લાકડા થતા હોવાથી કામગીરી બંધ કરાવી હતી. ત્યારબાદ ગઈકાલે રાત્રે વોર્ડ નંબર ૯ ના વિસ્તારમાં ફરી એક વખત મુલાકાત લઈ સીસી રોડના કામની ઓચિંતી મુલાકાત કરી હતી.

જામનગરના વોર્ડ નંબર ૯મા આવેલ આણંદાબાવા ચકલા વિસ્તારમાં જામનગર મહાનગર પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશભાઈ કાગથરા દ્વારા સરપ્રાઈઝ વિઝીટ કરાઈ હતી. મોડી રાત્રે સીસી રોડનું કામ ચાલુ હોય જેની મુલાકાત કરવામાં આવી હતી. આ દરમિયાન રેતી, કાકરી, સિમેન્ટનું પણ કયા





પ્રકારનું મટીરીયલ વાપરવાં આવે છે તે પણ ચકાસવામાં આવ્યું હતું.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશભાઈ કગથરા વિસ્તારમાં ચાલતા સીસી રોડના કામનું નિરીક્ષણ કરી જવાબદાર કોન્ટ્રાકટર અને અધિકારીઓને સૂચના આપી કામગીરીમાં ગુણવત્તા જાળવવા માટે ટકોર કરી હતી આ ઉપરાંત વહેલી તકે સમય મર્યાદામાં કામ પૂર્ણ થાય તેવી પણ સૂચના આપી હતી.

# સાત રસ્તા સર્કલ પાસે સ્કૂલ બસમાંથી વ્હીલનો જોટો છૂટો પડતાં વિદ્યાર્થીઓના જીવ તાળવે ચોંટ્યો

## કોઈ વિદ્યાર્થીને ઈજા થઈ ન હોવાથી હાશકારો અનુભવાયો :દિલ્હી પબ્લિક સ્કૂલની બેદરકારી

જામનગરના સાત રસ્તા સર્કલ વિસ્તારમાં ગઈકાલે બપોરે વરસાદી વાતાવરણની વચ્ચે પસાર થઈ રહેલી એક સ્કૂલ બસ, કે જેનો પાછલા વ્હીલ નો જોટો એકાએક નીકળી ગયો હતો, અને બસ માર્ગ પર થોડે દૂર સુધી ખાંગી થઈને ઢસડાઈ હતી.

જેથી બસની અંદર બેઠેલા વિદ્યાર્થીઓમાં ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. બસના પાછલા વ્હીલના જોટામાં કોઈ તકલીફ ઊભી થવાના કારણે એકાએક જોટો બસમાંથી જુદો પડીને નીકળી ગયો હતો, અને બસ માર્ગ પર ખાંગી થઈ હતી. આ બનાવને લઈને સાત રસ્તા સર્કલ વિસ્તારના ટ્રાફિક જામ થયો હતો. જેથી પોલીસ તંત્રને પણ કવાયત કરવી પડી હતી. દિલ્હી પબ્લિક સ્કૂલ નામની શાળા ની સ્કૂલ બસ કે જે વિદ્યાર્થીઓને જામનગર શહેરમાં મૂકવા આવી રહી હતી, જે દરમિયાન સાત રસ્તા સર્કલ પાસે આ અકસ્માત નડ્યો હતો. પરંતુ કોઈ વિદ્યાર્થીને ઈજા થઈ ન હોવાથી હાશકારો અનુભવાયો છે, અને સ્થળ પર જ બસમાં રીપેરીંગ કામ શરૂ કરી દેવામાં આવ્યું હતું.



# ૧૮ કલાક અંધારપટ: દિગ્વિજય પ્લોટમાં વીજ વિક્ષેપથી સ્થાનિકોનો રોષ ભભૂક્યો

## વિજ તંત્રની પ્રિ-મોન્સૂન કામગીરી પર સવાલ ઉઠાવીને વિરોધ પ્રકટ કર્યો

જામનગરમાં દિગ્વિજય પ્લોટ શેરી નંબર ૫૦ માં પરમદિને રાત્રે ૨.૦૦ વાગ્યા બાદ ચાલુ વરસાદે શોર્ટ સર્કિટ થયું હતું, અને આસપાસના સમગ્ર વિસ્તારનો વીજ પુરવઠો ખોરવાયો હતો.

વિજ તંત્રની ટુકડી મોડી રાત્રે દોડી આવી હતી, પરંતુ સમારકામ પૂર્ણ થયું ન હતું અને અંધારપટ રહ્યો હતો. ત્યારબાદ ગઈકાલે સવારથી વિજ તંત્રની ટુકડી કામે લાગી હતી, પરંતુ વિજફોલ્ટ દૂર થયો ન હતો, અને ગઈકાલે સમગ્ર દિવસ દરમિયાન વારંવાર પડી રહેલા વરસાદી ઝાપટાં ની વચ્ચે ૧૮ કલાક સુધી વિજ પુરવઠો ખોરવાયેલો રહ્યો હતો, અને સ્થાનિકો રોડ- રસ્તા પર આવી ગયા હતા, અને વિજ તંત્રની પ્રિ-મોન્સૂન કામગીરી પર સવાલ ઉઠાવીને વિરોધ પ્રકટ કર્યો હતો. જોકે મોડી સાંજે વિજ પૂરવઠો પૂર્વવત બની જતાં સ્થાનિકોએ હાશકારો અનુભવ્યો હતો.



# 'છોટી કાશી'માં નગરચર્યાએ નીકળ્યા નાથ: ભક્તોએ જગન્નાથ પરિવારના કર્યા દિવ્ય દર્શન

જામનગર શહેરમાં ઈસ્કોન દ્વારા સોમવારે ભગવાન જગન્નાથજી ની ભવ્ય ૧૮ મી રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જામનગર-રાજકોટ હાઈવે ધુંવાવ રોડ પહેલા ઈસ્કોન મંદિરમાં સવારે મંગળા આરતી, પ્રવચન, છપ્પન ભોગ વિગેરે ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. જામનગર-રાજકોટ હાઈવે, ધુંવાવ રોડ, ઈસ્કોન મંદિરમાં સવારે ૪-૩૦ વાગ્યે મંગલા આરતીના દર્શન સાથે કાર્યક્રમનું મંગલાચરણ થયુ હતું. એ પછી સવારના સાડાસાત વાગ્યે શ્રૃંગાર દર્શન, આઠ વાગ્યે તથા અગિયાર વાગ્યે ધાર્મિક પ્રવચન, બપોરે સાડાબાર વાગ્યે વિશેષ આરતી-છપ્પનભોગ દર્શન રાખવામાં આવ્યાં હતા. ભગવાન જગન્નાથજી (જગન્નાથજી-શુભદ્રા-બલરામના વિગ્રહ) ની રથયાત્રાનો આરંભ હરે હરે-જય જગન્નાથજીના નાદ સાથે બપોરે ૩:૩૦ વાગ્યે નગરના મહાનુભાવોની અને કૃષ્ણભક્તોની ઉપસ્થિતિમાં પહિંદ વિધિ પછી સુમેર ક્લબ પાસે, સાત રસ્તા પાસે થી પ્રારંભ થયો હતો.જેમાં મેયર વિનોદ ખીમસૂર્યા, ધારાસભ્ય રિવાબા જાડેજા, જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ રમેશભાઈ મુંગરા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશભાઈ કગથરા, ચેતનભાઈ માધવાણી, શહેર ભાજપ ના મીડીયા સેલના દીપાબેન સોની, લોહાણા અગ્રણી રમેશભાઈ રૂપારેલ સહિત ના અગ્રણીઓ જોડાયા હતા.





## ઈસ્કોન મંદિરમાં સવારે મંગળા આરતી, પ્રવચન, છપ્પન ભોગ વિગેરે ધાર્મિક કાર્યક્રમો

આ રથયાત્રા ત્યાંથી ઓશવાળ હોસ્પિટલ રોડ, ખંભાળીયા ગેઈટ, હવાઈ ચોક, સેન્ટ્રલ બેંક, ચાંદીબજાર, સજુબા હાઈસ્કૂલ, બેડીગેઈટ, કે.વી. રોડ, ત્રણ દરવાજા, સુભાષબ્રીજ, રાજપાર્ક, ગુલાબનગર, કાર શો-રૂમ રોડ થઈ ઈસ્કોન મંદિરમાં રથયાત્રાની પૂર્ણાહુતિ થવા.પામી હતી

રથયાત્રા દરમ્યાન વિવિધ મંડળો દ્વારા દરેક રૂટ પર સ્વાગત થશે તેમજ પ્રસાદ વિતરણ થયું હતું. અને કૃષ્ણ ભક્તો એ, હરે કૃષ્ણ ના મંત્રોનો નાદ કરી રમઝટ બોલાવી હતી. રાત્રે ૭-૩૦ વાગ્યે પૂર્ણાહુતિ પછી રાત્રે ૮ વાગ્યે દરેક કૃષ્ણ ભક્તો માટે ઈસ્કોન મંદિર પાસેના મેદાનમાં પ્રસાદમ્‌ની વ્યવસ્થા રાખવામાં આવી હતી.

# લાલપુર કન્યાશાળાના નવા ઓરડાઓ તથા લાઈબ્રેરીનું લોકાર્પણ કરતા મંત્રી મુળુભાઈ બેરા

## રૂ.૬૭.૫૦ લાખના ખર્ચે નિર્માણ :લાઈબ્રેરીમાં ૩૦૦૦ જેટલા પુસ્તકો સહિત ઓટોમેશન લાઈબ્રેરીની પણ સગવડ

રાજ્યના પ્રવાસન મંત્રી તથા જામનગર જિલ્લાના પ્રભારી મંત્રી મુળુભાઈ બેરાએ જામનગર જિલ્લાના લાલપુર તાલુકામાં આવેલ પી.એમ. લાલપુર કન્યા શાળાના ચાર નવીન ઓરડા તથા શાળા અપગ્રેડેશનનું તથા લાલપૂર તાલુકા સરકારી લાઈબ્રેરીનું લોકાર્પણ કર્યું હતું.

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ જામનગર સંચાલિત પીએમ લાલપુર કન્યા શાળામાં રૂ.૬૭.૫૦ લાખના ખર્ચે ચાર નવીન ઓરડાઓનું અને શાળા અપગ્રેડેશનનું કામ કરવામાં આવ્યું છે. આ શાળામાં સ્માર્ટ ક્લાસરૂમની સુવિધા પણ ઉપલબ્ધ છે. મંત્રી એ ક્લાસરૂમની મુલાકાત લઈ શિક્ષકો દ્વારા વિદ્યાર્થીનીઓને પ્રોજેક્ટરના માધ્યમથી અભ્યાસ કરાવવામાં આવે છે તેનું પણ નિરીક્ષણ કરી, શાળાના સાયન્સ રૂમની તથા કોમ્પ્યુટર લેબની મુલાકાત લઈ વિદ્યાર્થિનીઓ સાથે સંવાદ કર્યો હતો.



આ ઉપરાંત શાળાના પટાંગણમાં રૂ. ૨૫ લાખના ખર્ચે ગ્રામ પંચાયતના મકાનમાં ચાર ઓરડા વાળી ગ્રંથાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેનું મંત્રી એ લોકાર્પણ કર્યું હતું. લાઈબ્રેરીમાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાની વિવિધ ૩૦૦૦ બુક ઉપરાંત ઓટોમેશન લાઈબ્રેરીની પણ સુવિધા છે. લાઈબ્રેરી ખાતે મહિલાઓ અને પુરુષો માટે અલગ રૂમમાં વાંચન વ્યવસ્થા, બાળકો માટે વિવિધ બુકો, સામાયિકોની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. એકી સાથે ૧૫૦ લોકો બેસીને વાંચન કરી શકે તેવી સુવિધા પણ લાઈબ્રેરીમાં ઉપલબ્ધ છે. સરકારી તાલુકા ગ્રંથાલય લાલપુર મંગળવાર થી શનિવાર દરમિયાન સવારે ૧૦:૩૦ થી સાંજે ૬:૧૦ તથા રવિવારના રોજ સવારે ૮:૦૦ થી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી ખુલ્લી રહેશે. સોમવાર તથા જાહેર રજાના દિવસે ગ્રંથાલય સંપૂર્ણ બંધ રહેશે.

# હાલાર પર મેઘરાજા મહેરબાન: સર્વત્ર એક થી સવા બે ઈંચ વરસાદ

જામનગર શહેરમાં રવિવારે સમગ્ર દિવસ દરમિયાન ધૂપ- છાવ જેવી પરિસ્થિતિ હતી, અને વાદળોના આંટાફેરા જોવા મળ્યા હતા. સાથો સાથ પ્રતિ કલાકના ૩૫ થી ૪૦ કિ.મી ની ઝડપે પવન પણ ફુંકાયો હતો. આખરે મોડી રાત્રે ફરી મેઘો મંડાયો હતો. રાત્રે બે વાગ્યાથી ચાર વાગ્યા સુધીના બે કલાકના સમયગાળા દરમિયાન વધુ અડધો ઈંચ વરસાદ પડી ગયો હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે. ઉપરાંત આજે સોમવારે પણ વધુ ૨૯ મી. મી. એટલે કે એક ઈંચ થી વધુ વરસાદ વરસ્યો છે. જામનગર શહેર ઉપરાંત જામજોધપુરમાં પણ ગઈકાલે દિવસ દરમિયાન છુટા છવાયા વરસાદી ઝાપટાં ચાલુ રહ્યા હતા, તેમજ આજે જોડીયામાં ૩૭ મીમી , ધ્રોલ માં ૩૩ મીમી , કાલાવડ માં ૫૯ મીમી , લાલપુર માં ૪૪ મીમી અને જામજોધપુરમાં ૩૯ મીમી વરસાદ થયો છે . કાલાવડ તાલુકાના મોટા પાંચ દેવડામાં ગઈકાલે રવિવારે ૨૮ મી.મી. વરસાદ પડી ગયો હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે. ઉપરાંત જામજોધપુર તાલુકાના ધૂંનડા,પરડવા અને વાંસજાળીયામાં અડધો ઈંચ વરસાદ નોંધાયો છે. જામનગર તાલુકાના મોટા ખડબા ગામમાં પણ અડધો ઈંચ વરસાદ થયાના અહેવાલો પ્રાપ્ત થયા છે.

## વરતારા માટે ૩૦૦ વર્ષ જૂની પરંપરા જીવંત

# આમરા ગામે કૂવામાં રોટલો પધરાવી ગ્રામજનોએ મેળવ્યો ચોમાસાનો 'સોળ આની' સંકેત

## વાણંદ જ્ઞાતિના યુવાન રોટલો ઘરેથી લઈ જાય છે બાદમાં વાજતે ગાજતે કુવા કાંઠે આવેલા સતી માતાજીના મંદિરે માતાજીની વિધિ વિધાન અનુસાર પૂજા કરવામાં આવે છે

જામનગરમાં આજે પણ વર્ષો જૂની ઘણી પરંપરાઓ જીવંત છે. નવી પેઢીએ પરંપરાના મહત્વને સમજી તેને સવાઈ કરી છે. આવી જ એક અંદાજે ૩૦૦ થી ૪૦૦ વર્ષ જૂની ઉજળી પરંપરા એટલે આમરાં ગામે રોટલો પધરાવવાની પરંપરા. જામનગર નજીકના આમરા ગામમાં રોટલાથી વરસાદનો વરતારો કરવાની દાયકા પુરાણી પરંપરા છે અને દર વર્ષે માન્યતા સાચી પડતી હોવાની ગ્રામજનો શ્રદ્ધા ધરાવે છે. આ વખતે સોળ આની વરસાદ પડે તેવો વરતારો આવ્યો હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું.



ઈતિહાસની વાત કરવામાં આવે તો લોકમાન્યતા એવી છે કે વર્ષ અગાઉ એક દીકરી પોતાના ખેતરે ભાત દેવા માટે જતી હતી આ દરમિયાન કોઈએ તેનું ભાત ઝુંટવી લીધું હતું. જેને લઈને ગામ ઉપર આફત આવી હતી. આ દરમિયાન માતાજી એ એવી માંગ કરી હતી કે અષાઢ માસના પ્રથમ સોમવારે રોટલો કુવામાં પધરાવી દેજો જે મારા નિવેધ બરાબર ગણાશે. ત્યારથી માંડી આજ સુધી આ અંખડ પરંપરા યથાવત છે.

### વડીલોની માન્યતા અનુસાર આ વર્ષે પણ ખૂબ સારો વરસાદ થશે: કિશોરસિંહ જાડેજા



રોટલો પધરાવનાર યુવાન જાડેજા કિશોરસિંહે જણાવ્યું કે અષાઢ મહિનાના પ્રથમ સોમવારે રીત એવી છે કે અમારા ગામમાં આવેલા બધા મંદિરોમાં ધજા ચડાવવામાં આવે છે

નારીયલ વધારવામાં આવે છે ત્યારબાદ કૂવામાં સ્નાન કરી વેરાઈ માતાજીના મંદિર પાસે કુવામાં રોટલો પધરાવવામાં આવે છે. મેં આ રોટલો પધરાવ્યો હતો અને વડીલોની માન્યતા અનુસાર આ વર્ષે પણ ખૂબ સારો વરસાદ થશે.

### ઉગમણી તરફ રોટલો જાય તો વરસાદ ખૂબ સારો પડે છે: રમણીક ધારવીયા

ધારવીયા રમણીક દેવરાજભાઈ એ જણાવ્યું કે જામનગરના આમરાં ગામે દર વર્ષે અષાઢ મહિનાના પ્રથમ સોમવારે ભમરિયા કૂવામાં રોટલા પધરાવવામાં આવે છે.

આજે સવારે ગામના લોકો ભેગા થયા હતા અને અબીલ ગુલાલ તથા ઢોલ શરણાઈના સુરે ભમરિયા કૂવા સુધી પહોંચ્યા હતા. જ્યાં કૂવામાં રોટલો પધરાવવામાં આવ્યો હતો ઉગમણી તરફ રોટલો જાય તો વરસાદ ખૂબ સારો પડે છે જ્યારે આથમણી તરફ રોટલો જાય તો વરસાદ પ્રમાણ માં ઓછો રહે છે. પરંપરા એવી છે કે આમરાં ગામમાં સતવારા પરિવારના ઘરે બાજરીનો રોટલો બનાવવામાં આવે છે.



આ રોટલો, વાણંદ જ્ઞાતિના યુવાન ઘરેથી લેવા જાય છે. પ્રથમ કુવા કાંઠે આવેલા સતી માતાજીના મંદિરે માતાજીની વિધિ વિધાન અનુસાર પૂજા કરવામાં આવે છે. મંદિરે ધજા પણ ચડાવવામાં આવે છે. બાદમાં રાજપૂત સમાજના યુવાંન દ્વારા રોટલો કુવામાં પધરાવવામાં આવે છે.

# પ્રકૃત્તિ અને પરમ તત્વના સંગમ સાથેનો અલૌકિક અનુભવ એટલે 'કૈલાશ માન સરોવર યાત્રા'

## એક પરિક્રમા, અનંત ઊર્જા: અહીંનું વાતાવરણ, મનમોહક પર્વતો અને શાંત સરોવર યાત્રીઓને એક અનોખી ઊર્જાથી ભરી દે છે

**અબતક, રાજકોટ**

કૈલાશ માનસરોવર યાત્રા હિંદુઓ, બૌદ્ધો અને જૈનો માટે અત્યંત પવિત્ર યાત્રા છે. હિમાલયની ગોદમાં તિબેટમાં સ્થિત આ સ્થળ ભગવાન શિવનું નિવાસસ્થાન મનાય છે. આ યાત્રા માત્ર ધાર્મિક મહત્વ જ નથી ધરાવતી પરંતુ તે અદભુત કુદરતી સૌંદર્ય અને આધ્યાત્મિક શાંતિનો પણ અનુભવ કરાવે છે. અહીંનું વાતાવરણ, મનમોહક પર્વતો અને શાંત સરોવર યાત્રીઓને એક અનોખી ઊર્જાથી ભરી દે છે. યાત્રીઓ કૈલાશ પર્વતની પરિક્રમા કરે છે. જેને ''કોરા'' પણ કહેવાય છે અને માનસરોવરના પવિત્ર જળમાં સ્નાન કરી લોકો પોતાને ધન્ય અનુભવે છે. અબતકના સુપ્રસિદ્ધ કાર્યક્રમ ચાય પે ચર્ચામાં શિવાય ચેરિટેબલ ટ્રસ્ટના ડો. યશવંત ગોસ્વામીએ કૈલાશ માન સરોવર વિશેની સંપૂર્ણ માહિતી આપી હતી.




આ યાત્રા અત્યંત કઠિન અને સાહસિક હોય છે કારણ કે તે ઊંચાઈવાળા પ્રદેશોમાંથી પસાર થાય છે જ્યાં ઓક્સિજન ઓછો હોય છે અને હવામાન પણ અણધારી હોય છે. યાત્રીઓને શારીરિક અને માનસિક રીતે મજબૂત હોવું જરૂરી છે.

યાત્રા સામાન્ય રીતે મે થી ઓક્ટોબર મહિનાઓ દરમિયાન હતો. પરંતુ હવે જુલાઈ થી આ યાત્રા શરૂ થાય છે. જ્યારે હવામાન થોડું અનુકૂળ હોય છે. આ યાત્રા માટે યોગ્ય આરોગ્ય તપાસ અને તાલીમ અત્યંત મહત્વપૂર્ણ છે. જેથી ઊંચાઈને કારણે થતી સમસ્યાઓ ટાળી શકાય છે.

ભારત સરકાર દ્વારા પણ આ યાત્રાનું આયોજન કરવામાં આવે છે, જેના માટે વિદેશ મંત્રાલય દ્વારા દર વર્ષે અરજીઓ મંગાવવામાં આવે છે. આ સરકારી યાત્રા માટે લોટરી સિસ્ટમ દ્વારા યાત્રીઓની પસંદગી થાય છે. આ ઉપરાંત, ઘણી ખાનગી ટૂર ઓપરેટરો પણ આ યાત્રાનું આયોજન કરે છે. જે અલગ-અલગ રૂટ અને સુવિધાઓ પ્રદાન કરે છે. આ ખાનગી યાત્રાઓ નેપાળ અથવા ચીન થઈને જઈ શકે છે અને તેમાં ડોલી, પોર્ટર અને મેડિકલ સહાય જેવી સુવિધાઓ શામેલ હોય છે.

કૈલાશ માનસરોવર યાત્રા જીવનમાં એકવાર કરવા જેવો અનુભવ છે. તે આત્માને શુદ્ધ કરે છે, મનને શાંતિ આપે છે અને પ્રકૃતિની ભવ્યતાનો સાક્ષાત્કાર કરાવે છે.

આ યાત્રા દરમિયાન યાત્રીઓને આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થાય છે અને જીવન પ્રત્યેનો તેમનો દૃષ્ટિકોણ બદલાઈ જાય છે. ઘણા લોકો માને છે કે આ યાત્રા મોક્ષ તરફ દોરી જાય છે અને પાપોમાંથી મુક્તિ અપાવે છે.

કૈલાશ માનસરોવર યાત્રા માટે મુખ્યત્વે પાંચ અલગ-અલગ રૂટ ઉપલબ્ધ છે. જે દરેકનો સમયગાળો અને ખર્ચ જુદો જુદો હોય છે. લિપુલેખ પાસ (ઉત્તરાખંડ, ભારત) રૂટ જે ભારત સરકાર દ્વારા આયોજિત સૌથી જૂનો અને લાંબો (લગભગ ૨૨ દિવસ) પગપાળા રૂટ છે. તેનો ખર્ચ આશરે રૂ. ૧.૭૪ લાખથી રૂ. ૨ લાખ જેટલો થાય છે. નાથુલા પાસ (સિક્કિમ, ભારત) રૂટ, જે પણ ભારત સરકાર દ્વારા આયોજિત છે અને બસ દ્વારા થતો હોવાથી ઓછું ટ્રેકિંગ ધરાવે છે, તેનો ખર્ચ આશરે રૂ. ૨.૮૩ લાખથી રૂ. ૩ લાખ જેટલો હોય છે. કાઠમંડુ (નેપાળ) થી બસ દ્વારા યાત્રા જે ઘણી ખાનગી ટૂર ઓપરેટરો દ્વારા ઓફર કરવામાં આવે છે અને ઓછું ટ્રેકિંગ ધરાવે છે, તેનો ખર્ચ આશરે રૂ. ૨ લાખથી ૩ લાખની વચ્ચે હોય છે. કાઠમંડુ (નેપાળ) થી હેલિકોપ્ટર દ્વારા યાત્રા જે સૌથી ઝડપી અને ઓછા ટ્રેકિંગવાળો વિકલ્પ છે, તેનો ખર્ચ આશરે રૂ. ૨.૮ લાખથી રૂ. ૪.૫ લાખ અથવા તેનાથી પણ વધુ હોઈ શકે છે.

લ્હાસા (તિબેટ) દ્વારા યાત્રા જે સામાન્ય રીતે લક્ઝરી અને આરામદાયક વિકલ્પ છે, તેનો ખર્ચ આશરે રૂ. ૩.૫ લાખથી રૂ. ૫ લાખ કે તેથી પણ વધુ થઈ શકે છે. આ ખર્ચ ટૂર ઓપરેટરની સુવિધાઓ, સમાવિષ્ટ સેવાઓ અને પ્રવાસના સમયગાળા પર આધાર રાખે છે.

જોકે આ યાત્રા પડકારજનક છે, પરંતુ તેની પૂર્ણાહુતિ પછી મળતો સંતોષ અને આધ્યાત્મિક અનુભવ અમૂલ્ય હોય છે. કૈલાશ પર્વતની દિવ્યતા અને માનસરોવરની પવિત્રતાનો અનુભવ કોઈપણ યાત્રીના જીવનમાં અમીટ છાપ છોડી જાય છે.

આ યાત્રા એક માત્ર ભૌતિક પ્રવાસ નથી, પરંતુ તે એક ગહન આધ્યાત્મિક યાત્રા છે જે આંતરિક શાંતિ અને સ્વ-શોધ તરફ દોરી જાય છે.

## કૈલાશ માન સરોવરની યાત્રાઓનું વર્ણન કરતાં મારા પુસ્તકમાં રમણીયતા સાથે આધ્યાત્મિકતાના દર્શન: ડો. યશવંત ગોસ્વામી

અબતકના સુપ્રસિદ્ધ કાર્યક્રમ ચાય પે ચર્ચામાં કણસાગરા કોલેજના પ્રોફેસર અને શિવાય ચેરિટેબલ ટ્રસ્ટના ચેરમેન ડોમ યશવંત ગોસ્વામીએ જણાવ્યું હતું કે, કૈલાશ માન સરોવર યાત્રા દરેક હિંદુસ્તાનીઓનું સપનું હોય છે. છેલ્લા પાંચ વર્ષથી ભારતીય યાત્રાળુઓ માટે બંધ રહેલી કૈલાશ માન સરોવર યાત્રા આ વર્ષે જુલાઈ મહિનામાં ફરીથી ધામધૂમેથી શરૂ થવા જઈ રહી છે. ૨૦૧૯થી આ યાત્રા બંધ હતી અને ૨૦૨૨, ૨૦૨૩, તેમજ ૨૦૨૪માં ફરી શરૂ થવાની લોકોની અપેક્ષાઓ અધૂરી રહી હતી. આ સમયગાળા દરમિયાન ભારત સિવાયના અન્ય તમામ દેશોના યાત્રીઓ માટે યાત્રા ચાલુ જ હતી. પરંતુ ફક્ત ભારતીયો માટે જ તે સ્થગિત કરવામાં આવી હતી. પાંચ વર્ષના લાંબા વિરામ બાદ હવે યાત્રાના નિયમો અને વ્યવસ્થામાં ઘણા ફેરફારો સાથે તે ફરીથી શરૂ થઈ રહી છે. જેમાં વિદેશ મંત્રાલયે યાત્રા માટેની અરજી પ્રક્રિયાને સંપૂર્ણપણે ઓનલાઈન અને કોમ્પ્યુટરાઈઝ્ડ કરી દીધી છે. જેથી પસંદગી પ્રક્રિયા વધુ સરળ બની છે. યાત્રાળુઓ માટે એક્લાઈમેટાઈઝેશન સેન્ટર્સ પણ બનાવવામાં આવ્યા છે.

જ્યાં રહેઠાણ, આરોગ્ય સેવાઓ અને ઊંચાઈ પર થતી તકલીફો ટાળવા માટેની સુવિધાઓ મળે છે. આ ઉપરાંત રસ્તાઓની જાળવણી અને સુરક્ષા વ્યવસ્થા પણ મજબૂત કરવામાં આવી છે. આમ તો કૈલાશ માન સરોવર જવા માટેના અનેક રૂટ ઉપલબ્ધ છે. પરંતુ ૯૯% યાત્રીઓ નેપાળના રૂટને જ પસંદ કરે છે.

આ યાત્રાના આધ્યાત્મિક અને ભૌતિક પાસાઓને ઊંડાણપૂર્વક સમજાવતા મેં ૩૦ વખત કરેલા માન સરોવરના અદ્બુત અનુભવોને ૧૦૦૦ થી વધુ પાનાના પુસ્તકમાં સમાવી લીધા છે. જે આ યાત્રાનું એક અદ્બુત ચિત્રણ પૂરું પાડે છે.

## અનોખા સૌંદર્ય સાથે કૈલાશ માન સરોવરની યાત્રાનું આધ્યાત્મિક મહત્વ

કૈલાશ માનસરોવર યાત્રાનું મહત્વ અનોખું છે. કારણ કે તે માત્ર ભૌગોલિક પ્રવાસ નથી,પરંતુ એક ગહન આધ્યાત્મિક અને ધાર્મિક અનુભવ છે.

હિન્દુ ધર્મમાં, કૈલાશ પર્વતને ભગવાન શિવનું નિવાસસ્થાન માનવામાં આવે છે અને માનસરોવરને દિવ્ય અને પવિત્ર જળથી ભરેલું સરોવર ગણવામાં આવે છે જે પાપોને ધોઈ નાખે છે. આ યાત્રા મોક્ષની પ્રાપ્તિ અને આધ્યાત્મિક શુદ્ધિકરણ સાથે સંકળાયેલી છે. બૌદ્ધ ધર્મમાં પણ કૈલાશને પવિત્ર સ્થળ માનવામાં આવે છે જ્યાં ભગવાન બુદ્ધે ધ્યાન કર્યું હતું જ્યારે જૈન ધર્મમાં પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવને અહીં જ નિર્વાણ પ્રાપ્ત થયું હોવાનું મનાય છે. આ ધાર્મિક મહત્વ ઉપરાંત કૈલાશ માનસરોવરનું અલૌકિક સૌંદર્ય યાત્રીઓને મંત્રમુગ્ધ કરી દે છે. હિમાલયની ભવ્ય પર્વતમાળાઓ ચારેબાજુથી બરફથી ઢંકાયેલા શિખરો અને શાંત, નિર્મળ માનસરોવરનું વાદળી પાણી એક દિવ્ય અને અવાસ્તવિક દૃશ્ય રજૂ કરે છે. અહીંની શાંતિ અને પ્રકૃતિની ભવ્યતા મન અને આત્માને અત્યંત શાંતિ આપે છે. જાણે કે આખી સૃષ્ટિ અહીં એકરૂપ થઈ ગઈ હોય. આ શાંત અને પ્રેરણાદાયક વાતાવરણ યાત્રીઓને આત્મ નિરીક્ષણ અને આધ્યાત્મિક જાગૃતિનો અનુભવ કરાવે છે જે તેમને જીવનભર યાદ રહે છે.

## કૈલાશ માન સરોવરની યાત્રાનો પવિત્ર પ્રવાસ કોણ કરી શકે ?

કૈલાશ માનસરોવર યાત્રા એક કઠિન અને ઉચ્ચ ઊંચાઈવાળો પ્રવાસ હોવાથી તે બધા માટે યોગ્ય નથી. સામાન્ય રીતે આ યાત્રા ફક્ત તે લોકો જ કરી શકે છે જેઓ શારીરિક અને માનસિક રીતે સંપૂર્ણ સ્વસ્થ હોય છે.

ભારત સરકાર દ્વારા આયોજિત યાત્રા માટે અરજદાર ભારતીય નાગરિક હોવો જોઈએ તેમજ માન્ય ભારતીય પાસપોર્ટ ધરાવતો હોવો જોઈએ. જેની અવધિ યાત્રા પૂર્ણ થયા પછી ઓછામાં ઓછા ૬ મહિના બાકી હોય. અરજદારની ઉંમર સામાન્ય રીતે ૧૮ થી ૭૦ વર્ષની વચ્ચે હોવી જોઈએ. આ ઉપરાંત અરજદારનો બોડી માસ ઈન્ડેક્સ (બીએમાઈ) ૨૫ અથવા તેનાથી ઓછો હોવો જોઈએ અને તેમને હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, અસ્થમા, હૃદય રોગ, વાઈ (એપિલેપ્સી) જેવી ગંભીર તબીબી પરિસ્થિતિઓ ન હોવી જોઈએ. યાત્રા પર જતા પહેલા દિલ્હી હાર્ટ એન્ડ લંગ ઈન્સ્ટિટ્યૂટ અને આઈટીબીપી દ્વારા ફરજિયાત તબીબી તપાસ કરાવવી પડે છે.

જેમાં વ્યક્તિની ઊંચાઈવાળા પ્રદેશોમાં પ્રવાસ કરવાની ક્ષમતા ચકાસવામાં આવે છે.


ખાનગી ટૂર ઓપરેટરો દ્વારા યાત્રા કરનારાઓ માટે પણ આવી જ સ્વાસ્થ્ય અને ઉંમરની શરતો લાગુ પડે છે. જોકે કેટલીક એજન્સીઓ ૧૦ થી ૭૦ વર્ષ સુધીના યાત્રીઓ માટેના વિકલ્પો પ્રદાન કરે છે.

જેમાં હેલિકોપ્ટર દ્વારા અથવા એરિયલ દર્શન જેવા ઓછા શારીરિક પડકારરૂપ વિકલ્પો શામેલ હોઈ શકે છે. આ યાત્રા માટે ઉત્તમ શારીરિક તંદુરસ્તી અને તબીબી મંજૂરી અનિવાર્ય છે.

# કેસર અને કેશરી જેમ ''ગિરનારની મગફળી'' પણ અમૂલ્ય

## ગિરનાર ૪ અને ૫ મગફળીની નવી જાત હેક્ટર દીઠ ૩૨.૧૮ ક્વિન્ટલ (૩૨૧૮ કિલોગ્રામ) થી વધુ ઉત્પાદન આપે છે સરેરાશ હેક્ટર દીઠ થતા ૨૦-૨૧ ક્વિન્ટલ (૨૦૦૦-૨૧૦૦ કિલોગ્રામ) મગફળીના ઉત્પાદન કરતા ૫૦-૫૨% વધારો નોંધાયો

ગિરનારી મગફળી, ખાસ કરીને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવવામાં આવેલી 'ગિરનાર-૪' અને 'ગિરનાર-૫' જાતો, ભારતમાં, અને વિશેષરૂપે ગુજરાતમાં, ખેડૂતો અને ગ્રાહકો બંને માટે એક ક્રાંતિકારી પાક સાબિત થઈ છે. તેના ઉચ્ચ ઓલિક એસિડ ના પ્રમાણ અને અન્ય વિશિષ્ટતાઓ તેને વૈશ્વિક સ્તરે આગવી ઓળખ અપાવી રહી છે.ગિરનારી મગફળી તેની અજોડ ગુણવત્તા માટે જાણીતી છે, આ ઉચ્ચ ઓલિક એસિડ હૃદયરોગનું જોખમ ઘટાડવામાં અને શરીરમાં કોલેસ્ટ્રોલનું સ્તર જાળવવામાં મદદ કરે છે, જે તેને સ્વાસ્થ્ય માટે અત્યંત ફાયદાકારક બનાવે છે. ઉચ્ચ ઓલિક એસિડને



કારણે, ગિરનારી મગફળી અને તેમાંથી બનતા ઉત્પાદનોની સંગ્રહશક્તિ (શેલ્ફ-લાઈફ) સામાન્ય મગફળી કરતાં ૫ થી ૧૦ ગણી વધારે હોય છે. ગિરનાર ૪ અને ગિરનાર ૫ મગફળી ગુજરાતમાં અને ભારતના અન્ય રાજ્યોમાં ખેડૂતોમાં લોકપ્રિય નવી જાતો છે, જેની ઉત્પાદન ક્ષમતા ઘણી સારી માનવામાં આવે છે. આ જાતો ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચર રિસર્ચ દ્વારા વિકસાવવામાં આવી છે.સંશોધન મુજબ, ગિરનાર ૪ અને ગિરનાર ૫ મગફળીની નવી જાત હેક્ટર દીઠ ૩૨.૧૮ કિવન્ટલ (૩૨૧૮ કિલોગ્રામ) થી વધુ ઉત્પાદન આપી શકે છે.આ આંકડો હાલમાં ગુજરાતમાં સરેરાશ હેક્ટર દીઠ થતા ૨૦-૨૧ કિવન્ટલ (૨૦૦૦-૨૧૦૦ કિલોગ્રામ) મગફળીના ઉત્પાદન કરતા ૫૦-૫૨% જેટલો વધારે છે. જો વધુ ખેડૂતો આ બે જાતનું વાવેતર કરે, તો ગુજરાતમાં મગફળીનું કુલ ઉત્પાદન નોંધપાત્ર રીતે વધી શકે છે. ગિરનાર ૪ અને ગિરનાર ૫ મગફળીની જાતો તેમની ઊંચી ઉત્પાદન ક્ષમતા અને ગુણવત્તાને કારણે ખેડૂતો માટે ખૂબ જ સુંદર વિકલ્પ છે. આનાથી બગાડ ઓછો થાય છે અને લાંબા સમય સુધી ઉત્પાદનો તાજા રહે છે.આ જાતો સારી ઉપજ આપતી હોવાથી ખેડૂતો માટે આર્થિક રીતે ફાયદાકારક છે. હેક્ટર દીઠ ૩-૪ ટન સુધીનું ઉત્પાદન મળતું હોવાનું નોંધાયું છે

મગફળીમાં પ્રોટીન, ફાઈબર, વિટામિન ઈ, બી જૂથના વિટામિન્સ (થાયમિન, નિયાસિન, રાયબોફ્લેવિન, પેન્ટોથેનિક એસિડ), પોટેશિયમ, મેગ્નેશિયમ, ફોસ્ફરસ, કેલ્શિયમ અને લોહતત્વ જેવા અનેક પોષક તત્વો ભરપૂર માત્રામાં હોય છે. ગિરનારી મગફળીનો ઉપયોગ સીધો ખાવા ઉપરાંત, તેલ કાઢવા, બટર બનાવવા, ચોકલેટ અને અન્ય ખાદ્ય પદાર્થો બનાવવામાં પણ થાય છે. ઉ તે ગુજરાતના ખેડૂતો માટે સમૃદ્ધિનો માર્ગ મોકળો કરે છે અને ભારતના કૃષિ ક્ષેત્રમાં એક નવું સીમાચિહ્ન સ્થાપિત કરે છે.

## ઉચ્ચ ઓલિક એસિડ મગફળી થકી ચોકલેટ ઉદ્યોગમાં ક્રાંતિ

ઉચ્ચ ઓલિક એસિડ ધરાવતી મગફળી આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતની મગફળીની માંગમાં નોંધપાત્ર વધારો કરી રહી છે, ખાસ ચોકલેટ ઉદ્યોગમાં. ગિરનાર ૪ અને ગિરનાર ૫ જેવી ભારતમાં વિકસાવવામાં આવેલી જાતોમાં લગભગ ૮૦% ઓલિક એસિડ છે, ઉચ્ચ ઓલિક એસિડ મગફળી ઓક્સિડેશન પ્રત્યે ઓછી સંવેદનશીલ હોય છે, જેના કારણે તેમાંથી બનતા ઉત્પાદનોની શેલ્ફ-લાઈફ સામાન્ય મગફળીના ઉત્પાદનો કરતાં ૫ થી ૧૦ ગણી વધુ હોય છે.

ચોકલેટ અને અન્ય ખાદ્ય ઉત્પાદનો માટે અત્યંત મહત્ત્વનું છે, કારણ કે તે લાંબા સમય સુધી તાજા રહે છે અને બગડવાની શક્યતા ઓછી થાય છે. મગફળી શેકીને ઉપયોગમાં લેવાય ત્યારે તેનો સ્વાદ અને સુગંધ વધુ સારી રીતે જાળવી રાખે છે. ચોકલેટમાં મગફળીનો ઉપયોગ કરવાથી તેનો ખાસ ''નટી'' સ્વાદ વધુ ઉભરી આવે છે.

ઉચ્ચ ઓલિક એસિડ મગફળી ચોકલેટ કન્ફેક્શનરી ઉત્પાદનોમાં સામાન્ય મગફળીન ી જગ્યાએ વાપરવામાં આવે છે. ડાર્ક ચોકલેટમાં ઉચ્ચ ઓલિક મગફળીના તેલના સૂક્ષ્મ કેપ્સ્યુલ્સ ઉમેરવામાં આવે છે.

## પીનટ બટર ઉત્પાદકો માટે ગિરનાર ૪ અને ૫ જેવી મગફળી એક આદર્શ પસંદગી

પીનટ બટર એ ઉચ્ચ ઓલિક મગફળીનો મુખ્ય ઉપયોગ છે. સામાન્ય મગફળીમાં ૪૦-૫૦% ઓલિક એસિડ હોય છે, જ્યારે ગિરનાર ૪ અને ગિરનાર ૫ જેવી ભારતમાં વિકસાવવામાં આવેલીજાતોમાં લગભગ ૮૦% ઓલિક એસિડ હોય છે. આ ઊંચા પ્રમાણને કારણે પીનટ બટર ઉત્પાદકો માટે મગફળી એક આદર્શ પસંદગી બની રહે છે. મગફળીમાંથી બનેલું પીનટ બટર સામાન્ય મગફળીના બટર કરતાં લાંબા સમય સુધી તાજું રહે છે અને બગડતું નથી. આનાથી ઉત્પાદકો અને ગ્રાહકો બંનેને ફાયદો થાય છે, કારણ કે ઉત્પાદનનો બગાડ ઘટે છે. ઉદ્યોગોમાં ઉચ્ચ ગુણવત્તાવાળા ઘટકોની વધતી માંગને કારણે મગફળી આધારિત પીનટ બટરની વૈશ્વિક બજારમાં ખૂબ માંગ છે. મગફળીની જાતો વિકસાવવાથી ભારતીય ખેડૂતોને પણ આંતરરાષ્ટ્રીય બજારમાં સ્પર્ધાત્મક બનવાની તક મળે છે અને દેશના પીનટ બટર ઉદ્યોગને વધુ મજબૂત બનાવે છે.

## ગિરનાર-૪' અને ૫' મગફળીનું ''સ્વાસ્થ્યવર્ધક તેલ'' શરીર માટે ઉતમ


'ગિરનાર-૪' અને 'ગિરનાર-૫' જેવી ઉચ્ચ ઓલિક મગફળીની જાતો ભારતીય કૃષિ અને ખાદ્ય ઉદ્યોગ માટે એક ક્રાંતિકારી પરિવર્તન લાવી રહી છે. આ જાતોના તેલમાં રહેલા વિશિષ્ટ ગુણધર્મો તેમને ''હેલ્ધી ઓઈલ'' શ્રેણીમાં મૂકે છે અને 'ગિરનાર-૪' અને 'ગિરનાર-૫' જાતોના તેલમાં લગભગ ૭૫% થી ૮૦% જેટલું ઊંચું ઓલિક એસિડ હોય છે, જે સામાન્ય મગફળીના તેલ (૪૦-૫૦%) કરતાં ઘણું વધારે છે. આ તેને ઓલિવ ઓઈલ જેવી ઉચ્ચ ગુણવત્તાવાળા તેલની સમકક્ષ બનાવે છે. શરીરમાં ''ખરાબ'' કોલેસ્ટ્રોલ ઘટાડવામાં અને ''સારા'' કોલેસ્ટ્રોલ વધારવામાં મદદ કરે છે. આનાથી હૃદય રોગનું જોખમ નોંધપાત્ર રીતે ઘટે છે. આ તેલમાં કુદરતી એન્ટીઑક્સિડન્ટ્સ પણ હોય છે, જે શરીરમાં મુક્ત કણો લડવામાં મદદ કરે છે. આનાથી કોષોને થતું નુકસાન અટકે છે અને શરીરની રોગપ્રતિકારક શક્તિ સુધરે, આના કારણે તેલની શેલ્ફ-લાઈફ (સંગ્રહ ક્ષમતા) ૧૦ થી ૧૫ ગણી વધી જાય છે (સામાન્ય તેલ કરતાં). આનો અર્થ એ છે કે તે લાંબા સમય સુધી તાજું રહે છે અને વાસ મારતું નથી. આ ઉદ્યોગોમાં ગુણવત્તા અને તાજગી જાળવવા માટે આ તેલ એક આદર્શ ઘટક સાબિત થાય છે.આંતરરાષ્ટ્રીય બજારમાં ઉચ્ચ ઓલિક મગફળી અને તેના તેલની ભારે માંગ છે, ખાસ કરીને આરોગ્ય-સભાન ગ્રાહકો અને ખાદ્ય ઉત્પાદકો તરફથી. આનાથી ભારતીય ખેડૂતોને તેમના ઉત્પાદન માટે વધુ સારો ભાવ તેમજ દેશને વિદેશી હૂંડિયામણનો પણ લાભ થશે, જે ''આત્મનિર્ભર ભારત'' ના લક્ષ્યને મજબૂત બનાવશે.

# ધ્રાંગધ્રા: ખનીજચોરી પર લગામ લગાવવા મામલતદારને આવેદન

## રાવળીયાવદર ગામના સરપંચ રતનસિંહ ઠાકોરે ખોડીયાર માતાજીના મંદિર તરફ થતી ખનીજ ચોરી અટકાવવા કરી માંગ

**અબતક, સલીમ ઘાંચી,ધ્રાંગધ્રા**

સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રા તાલુકાના રાવળીયાવદર ગામના સરપંચ રતનસિંહ ઠાકોર દ્વારા મામલતદાર કચેરીએ ખનીજ ચોરી અટકાવવા માટે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. જ્યારે રાવડીયાવદર ગામના સરપંચે ધાંગધ્રા મામલતદાર ને લેખિત જણાવ્યું હતું કે ઘણા લાંબા સમય થી રાવળીયાવદર ગામ માં ખોડીયાર માતાજીના મંદિર તરફ જવાના રસ્તા ખનીજ ચોરી થતી હોય આથી



ગેરકાયદેસર રેતીના વોચ પ્લાન્ટ બંધ કરાવવા માટે ગામ જેનો દ્વારા માંગ ઉઠવા પામી હતી રાવડીયાવદર ગામના સરપંચ રતનસિંહ ઠાકોર એ ખનીજ ચોરી બંધ કરાવવા માટે લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી હવે સ્થાનિક તંત્ર દ્વારા ગેરકાયદેસર રેતીના વોશ પ્લાન્ટ બંધ થાય છે કે નહીં એ જોવાનું રહ્યું....? જ્યારે કહી શકાય કે ખનીજ માફિયાઓ દ્વારા ખનીજ ચોરીમાં માલામાલ બન્યા અને સ્થાનિક તંત્ર ને લેખિતમાં જાણ કરવા થી ગેરકાયદેસર રેતીના વોશ પ્લાન્ટ બંધ કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે કે નહીં.......?

# સુરેન્દ્રનગર-વઢવાણ રોડ પર પ્રાથમિક સુવિધા મુદે રહીશોનો ચક્કાજામ

## અનેક રજૂઆતો છતા રસ્તા, પાણી સહિતની સુવિધા મનપા તંત્ર દ્વારા પુરી પાડવામાં ન આવતા રોષ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર મનપા તંત્ર દ્વારા તમામ વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં આવે છે પરંતુ અમુક છેવાડાના વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓ ન મળતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે ત્યારે સુરેન્દ્રનગર વઢવાણ રોડ પર સ્થાનીક મહિલાઓ અને રહિશોએ પ્રાથમિક સુવિધા મુદ્દે રસ્તા પર બેસી ચક્કાજામ કર્યો હતો અને મનપા તંત્ર સામે રોષ દાખાવ્યો હતો.

આ અંગે મળતી માહિતી મુજબ વઢવાણ મુળચંદ રોડ પર આવેલ ચાર થી પાંચ





સોસાયટીઓમાં મનપા તંત્ર દ્વારા છેલ્લા ઘણા સમયથી પ્રાથમીક સુવિધાઓ પુરી પાડવામાં આવતી નથી જેમાં રસ્તા, ગટર, સફાઈ તેમજ પીવાનું પાણી પુરૂ પાડવામાં ન આવતા સ્થાનીક મહિલાઓ અને રહિશોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. આ સોસાયટીઓમાં અંદાજે ૩૦૦ થી વધુ પરિવારો વસવાટ કરે છે પરંતુ મનપા તંત્ર દ્વારા આ વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં આવતી નથી જેના કારણે સ્થાનીક રહીશોને રહેવું મુશ્કેલ બન્યું છે જે અંગે અનેક વખત રજુઆતો કરવા છતાં કોઈ જ ઉકેલ ન આવતા રોષે ભરાયેલ મહિલાઓ અને રહિશોએ સુરેન્દ્રનગર વઢવાણ રોડ પર એક હોટલ સામે રસ્તા પર બેસી ચક્કાજામ કર્યો હતો આ ચક્કાજામને પગલે રસ્તા પર બન્ને સાઈડ વાહનોની લાંબી ક્તારો લાગી ગઈ હતી અને લોકોને ટ્રાફિકમાં ફસાવવાનો વારો આવ્યો હતો. જ્યારે આ અંગેની જાણ થતાં વઢવાણ પોલીસ કાફલો ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો અને ચક્કાજામ કરી રહેલા લોકોને સમજાવવાના પ્રયાસો હાથ ધર્યા હતા.

# ગોંડલના બેંક એકાઉન્ટન્ટે આઠ લાખની સામે ૭.૬૮ લાખ ચૂકવ્યા છતાં વધુ નાણાંની પઠાણી ઉઘરાણી

## અમારા પૈસા વ્યાજ સહિત આપી જજો નહીંતર જોવા જેવી થશે : વ્યાજખોર પિતા-પુત્રની ઘરે ધસી જઈ ધમકી

## પુત્રીને અભ્યાસ અર્થે લંડન મોકલવાની હોય પૈસાની જરૂર પડતા કટકે કટકે આઠ લાખ રૂપિયા ચાર ટકા વ્યાજે લીધા'તા

**અબતક, રાજકોટ**

ગોંડલના બેંક એકાઉન્ટન્ટે દીકરીને અભ્યાસ અર્થે લંડન મોકલવા વ્યાજખોર પિતા-પુત્ર પાસેથી આઠ લાખ રૂપિયા ચાર ટકા વ્યાજે લીધા હતા. જે આઠ લાખની સામે રૂ. ૭.૬૮ લાખ ચૂકવી દીધા છતાં વધુ વ્યાજ અને નાણાંની પઠાણી ઉઘરાણી કરી ધમકી આપતાં પિતા-પુત્ર વિરુદ્ધ ગોંડલ બી ડિવિઝન પોલીસમાં ગુનો નોંધાયો છે.

ગોંડલના જેતપુર રોડ પર સંજય સોસાયટીમાં રહેતા ૫૩ વર્ષીય પ્રૌઢ કેતનભાઈ બાબુભાઈ સોરઠીયાએ ગોંડલ બી ડિવિઝન પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં વ્યાજખોર તરીકે અજિત સોલંકી અને મિલન અજિત સોલંકી નામના પિતા-પુત્રનું નામ આપતાં જણાવ્યું હતું કે, હું સુલતાનપુર આર.ડી.સી.બેંકમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરૂ છુ. આશરે બે વર્ષ પહેલા મારે મારી દીકરી દ્રષ્ટીને અભ્યાસ માટે લંડન મોકલવાની હોય જેથી મારે નાણાની જરૂરીયાત ઉભી થતા મે અજીત સોલંકી (રહે.ગોંડલ ભવનાથ મામાદેવના મંદીર પાસે)થી રૂ.૪ લાખ માસીક ૪% વ્યાજે લીધેલ હતા અને ફરી વખત મારે પૈસાની જરૂર પડતા અજીતના દીકરા મીલન પાસેથી મે તા.૨૦/૦૧/૨૦૨૪ ના રોજ રૂ.૪ લાખ માસીક ૪% વ્યાજે લીધેલ હતા. મીલન પાસેથી વ્યાજે લીધેલ તે બાબતે તા.૨૦/૦૧/૨૦૨૪ ના રોજ હાથ ઉછીના પૈસા લીધેલ હોવાનુ મારી પાસેથી નોટરી લખાણ કરાવી લીધેલ હતું. જે પૈસા મારે મીલનને પાંચ મહીનાની અંદર ચુકવી આપવાના રહેશે તેવુ લખાણ કરાવેલ હતું. તેમજ મારી પાસેથી સહી કરેલ બે કોરા ચેક પણ મિલને લીધેલ હતા.

આજદીન સુધી મે પિતા-પુત્રોને રૂ.૭.૬૮ લાખ વ્યાજ પેટે ચુકવી આપેલ હોય છતા હજી મારી પાસેથી પૈસાની માગણી કરતા હોય તેમજ ગત ફેબ્રુઆરી માસમાં બન્ને બાપ દીકરો મારા ઘરે આવેલ હતા અને મારી પત્નીની હાજરીમા વ્યાજના પૈસાની માગણી કરેલ હતી. ત્યાર બાદ એકવાર મારી ગેરહાજરીમા બંન્ને બાપ દીકરો મારી ઘરે આવેલ હોય અને મારા પત્નીને કહેલ કે, તમારા પતીને કહેજો અમે આવેલ હતા અને અમારા પૈસા વ્યાજ સહીત દુકાને આવી આપી જાય નહીતર જોયા જેવી થશે તેવી ધમકી પણ આપેલ હતી. અજીત સોલંકી મને ફોનમા પણ અવાર નવાર વ્યાજ સહીતના પૈસાની માગણી કરી ગાળો આપી માનસીક ત્રાસ આપતા હતો. અંતે પ્રૌઢે ફરિયાદ નોંધાવતા ગોંડલ બી ડિવિઝન પોલીસે ગુજરાત મની લેન્ડિંગ એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી વ્યાજખોર પિતા-પુત્રની શોધખોળ શરૂ કરી હતી.

## વ્યાજખોરોના ત્રાસથી કંટાળેલા પ્રૌઢની ફરિયાદ પરથી ગોંડલ બી ડિવિઝન પોલીસે વ્યાજંકવાદીઓ વિરુદ્ધ મની લેન્ડિંગ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો

# જૂનાગઢ જેલમાંથી નાસી છુટવાનો પ્રયાસ કરનાર ચાર કેદી ઝડપાયા

## મોડી રાત્રે બેરેકના સળીયા પહોળા કરી બહાર નીકળ્યા: એસઆરપી જવાનની સમય સુચકતાથી ઘટના ટળી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**



જૂનાગઢની જિલ્લા જેલમાં રાત્રિના દોઢ વાગ્યાના અરસામાં ૨૫ કેદીઓ સુતા હતા ત્યારે પોસ્કોના ચાર કેદીઓ એ કપડાથી બેરેકના સળિયા પહોળા કરી, ભાગવાનો પ્રયત્ન કર્યો હતો. જો કે જેલ કર્મીઓની ૩ ટીમોએ જેલને કોર્ડન કરી, સર્ચ ઓપરેશન હાથ ધરતા, ચારેય આરોપીઓ પકડાઈ ગયા હતા અને આ તમામ સામે જુનાગઢ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, જુનાગઢ જેલની સર્કલ-૧ ની બેરેક-૨ માં રહેતા વિરેન્દ્ર ભનુભાઈ મકવાણા, ભુપતભાઈ દેવજીભાઈ સાવડીયા, ડાયા ચનાભાઈ ગરસડીયા અને અશ્વીન ઉર્ફે કાળુ મકવાણા પોસકો સહીતાના ગંભીર ગુનામાં કાચા કામના કેદી તરીકે જેલ હવાલે હતા. એ દરમિયાન રાત્રિના બે વાગ્યાના અરસામાં પૂર્વ પ્લાનિંગ અનુસાર ચારેય કેદીઓ ઊભા થયા હતા, અને કપડાં વડે જેલના સળિયા પહોળા કરી ચારેય નાસી જેલરના બ્લોક ઉપર પહોંચ્યા હતા. જે દરમિયાન એસઆરપી નજર ચાર ખાલી પથારી ઉપર પડતા તેમણે સાયરન વગાડી, તમામ જેલ સ્ટાફને એલર્ટ કર્યા હતા, આ બાબતની જાણ થતા તેઓ પણ તાત્કાલિક દોડી ગયા હતા અને સમગ્ર જેલ સ્ટાફ, હેડ ક્વાર્ટરમાં રહેલ સ્ટાફની અલગ અલગ ત્રણ ટીમ બનાવી, આખી જેલને કોર્ડન કરી ચર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. જે દરમિયાન જેલની વહીવટી બિલ્ડીંગ પર સર્ચ કરતા ધાબા પર છુપાયેલા ચારેય કેદી મળી આવતા, ચારેય કેદીઓનો ભાગી જવાનો પ્લાન નિષ્ફળ બનાવી, તેને પકડી પાડી, કડક પહેરા હેઠળ ફરી બેરકમાં મોકલી આપયા હતા, બાદમાં ચારેય આરોપીઓ સામે જુનાગઢ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવવામાં આવેલ છે.

# જૂનાગઢ: ચેક રિટર્ન કેસમાં કૈલાશ ટ્રેડિંગના પ્રફુલ પાડલીયાને એક વર્ષની સજા

## એક માસમાં વળતર ચૂકવવામાં નિષ્ફળ જાય તો વધુ છ માસની સજા

**અબતક રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી સ્થિત યુવાને મિત્રતાના દાવે આપેલી છ લાખ પરત કરવા આપેલા ચેક વગર વસૂલાતે પરત ફરવાનો કેસ ચાલી જતા અદાલતે જુનાગઢ સ્થિત કૈલાશ ટ્રેડિંગ કંપનીના પ્રફુલભાઈ પાડલીયા ને એક વર્ષની સજા અને ચેક મુજબ વળતર ચૂકવવા હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ ધોરાજી ખાતે રહેતા રાકેશભાઈ છગનભાઈ બાલધાએ મિત્રતાના દાવે ધોરાજી ખાતે રહેતા અને જુનાગઢ ખાતે કૈલાશ ટ્રેડિંગ કંપનીના નામ વ્યવસાય કરતા પ્રફુલભાઈ મગનભાઈ પાડલીયા ને ૬ લાખ આપ્યા હતા જે રકમ ચૂકવવા આપેલો ચેક બેંકમાંથી વગર વસૂલાતે પરત ફરતા કાયદાકીય જોગવાઈ મુજબ નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અંતે અદાલતમાં ફોજદારી ફરિયાદ કરી હતી જે કેસ ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ ફરિયાદીના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવા અને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓ ધ્યાને લઈ અદાલતે કૈલાશ ટ્રેડિંગ કંપનીના પ્રોપરાઈટર પ્રફુલભાઈ પાડલીયા ને એક વર્ષની સજા અને ચેક મુજબ ની રકમ એક માસની અંદર ફરિયાદીને ચૂકવી આપવા હુકમ કર્યો છે તો સમય મર્યાદામાં રકમ ન ચૂકવે તો વધુ છ માસની સજાનો હુંકમ કર્યો છે. આ કેસમાં ફરિયાદી તરફે એડવોકેટ તરીકે દીપકકુમાર આર વૈષ્ણવ અને ઉમેશ કુમાર એમ કાકડીયા રોકાયા હતા.

# અંજાર: ગુમ થયેલા સોના-ચાંદીના ઘરેણા શોધી મુળ માલીક પરત સોંપતી પોલીસ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



અંજાર પોલીસે ગણતરીના કલાકોમાં બાર મીટર બજારમાં ગુમ થયેલ સોના-ચાંદીના ઘરેણા ભરેલ પર્સ શોધી મુળ માલીકને પરત સોંપી સુરક્ષા સાથે સેવાનું ઉતરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાની મિત્ર છે. એ સુત્રને સાર્થક કર્યું છે.

અરજદાર અસલમભાઈ હારૂનભાઈ મથડા રહે.કીડાણા પો.સ્ટે. આવી પી.આઈ એ.આર.ગોહીલને રૂબરૂ મળી હકીકત જણાવી કે આજરોજ બપોરના સમયે તેઓ તેમની માતા સાથે અંજાર બાર મીટર બજારમાં ખરીદી અર્થે આવ્યા હતા અને તેઓની માતા પાસે રહેલ સોના-ચાંદીના ઘરેણા ભરેલ પર્સ ક્યાય ગુમ થઈ ગયેલ હોવાની હકીકત જણાવતા પો.ઈન્સએ જાતેથી રસ દાખવી પોલીસની એક ટીમ મોકલી આપી ગુમ થયેલ સોના-ચાંદીના ધરેણા ભરેલ પર્સ શોધી કાઢી મુળ માલીક/અરજદારને પોલીસ સ્ટેશન ખાતે બોલાવી સોના- ચાંદીના ધરેણા (સોનાની વીટી નંગ-૦૧, સોનાની કાનની બુટી નંગ-૦૭, સોનાની નાકની નથડી નંગ-૦૨, ચાંદીની વીટી નંગ-૦૧, ચાંદીની પગની પાયલ નંગ-૦૧) ભરેલ પર્સ સુપ્રત કરવામાં આવેલ છે. આ સફળ કામગીરી અંજાર પીઆઈ એ.આર.ગોહીલ, પોલીસ સબ ઈન્સપેક્ટર એસ.જી.વાળા તથા પોલીસ સ્ટાફના માણસો દ્વારા કરવામાં આવેલ છે.

# સામખીયાળી: ટેન્કરમાંથી ૭૮.૨૫ લાખના શરાબ સાથે ચાલક ઝડપાયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



પૂર્વ કચ્છ એલસીબીએ સામખિયાળી બ્રિજ પાસેથી મોરબી તરફ જઈ રહેલા ટેન્કર નંબર જીજે ૦૬ અણ ૯૨૨૩ ને અટકાવી તલાશી લીધી હતી. તેમાંથી ૭૫૦ મિલીની ૩૫૨૮ બોટલ (કિંમતઃ રૂ. ૪૬,૮૧,૨૦૦) અને ૧૮૦ મિલીની ૧૧૨૮૦ બોટલ (કિંમતઃ . ૩૧,૪૪,૦૦૦) મળી, કુલ . ૭૮,૨૫,૨૦૦ નો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે ટેન્કર સહિત કુલ ૧,૦૮,૫૦,૭૦૦ ના મુદ્દામાલ સાથે જગદીશ દેવારામદાસ બિશ્નોઈ (રહે. ઝાલોર, રાજસ્થાન) ને ઝડપી પાડ્યો છે. આ કેસમાં સંડોવાયેલા કાળુબિશ્નોઈ (રહે. સાંચોર), સંજયસિંહ વિજેન્દ્રસિંહ (રહે. સિકર, રાજસ્થાન), અને ધીરસિંહ સુભાષ રેવાડ (રહે. ઝુઝનુ, રાજસ્થાન) ને ઝડપી પાડવા માટે વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.આ કામગીરી લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં પોલીસ ઈન્સપેક્ટર એન.એન. ચુડાસમા,પોલીસ સબ ઈન્સપેક્ટર ડી.જી. પટેલ તથા એલ.સી.બી. સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

# મુળી: આસુન્દ્રાળી ગામે કાર્બોસેલનું ખનન કરતા ભવાનીગઢ ગામના ઉપસરપંચ ઝડપાયા

## ટ્રેક્ટર, બે-કમ્પ્રેસર, ૪૦ મેટ્રીક ટન ગેરકાયદે કાર્બોસેલ સહિત કુલ રૂા.૧૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

### સરકારી જમીનમાં ગેરકાયદેસર કરેલ મકાનને પણ તોડી પાડવામાં આવ્યું: ચોટીલા પ્રાંત અધિકારી અને ટીમની રેઈડથી ખનન માફીયામાં ફફડાટ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



મુળી તાલુકાના આસુન્દ્રાળી ગામની સરકારી જમીનમાંથી ગેરકાયદેસર કાર્બોસેલનું ખનન કરતા ભવાનીગઢ ગામના ઉપસરપંચને ઝડપી પાડતા ચકચાર મચી જવા પામી છે અને આ મામલે સ્થાનીક રાજકારણમાં પણ ગરમાવો વ્યાપી ગયો છે.

આ અંગે મળતી માહિતી મુજબ ચોટીલા પ્રાંત અધિકારી એચ.ટી.મકવાણા અને તેમની ટીમે બાતમીના આધારે મુળી તાલુકાના આસુન્દ્રાળી ગામની સરકારી સર્વે નં. ૨૪૬ અને ખાનગી માલીકીના સર્વે નં.૨૪૯ વાળી જમીનમાં ગેરકાયદે કાર્બોસેલનું ખનન અંગે રેઈડ કરી હતી. જેમાં સ્થળ પરથી એક ટ્રેક્ટર, બે કમ્પ્રેસર, ૪૦ મેટ્રીક ટન ગેરકાયદે કાર્બોસેલ સહિત રૂા. ૧૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. જ્યારે સરકારી સર્વે નં. ૨૪૬ વાળી જમીનમાં ગેરકાયદેસર ખનની પ્રવૃત્તિ માટે એક પાકુ મકાન પણ બનાવવામાં આવ્યું હોવાનું ધ્યાને આવતા જેસીબીની મદદથી સરકારી ત્રણ એકર જમીન અંદાજે રૂા. ૩૬ લાખની ખુલ્લી કરાવવામાં આવી હતી. જ્યારે ગેરકાયદેસર કાર્બોસેલનું ખનન કરતા મુળી તાલુકાના ભવાનીગઢ ગામના ઉપસરપંચ રતાભાઈ વિરાભાઈ જોગરાણા સામે કાર્યવાહી હાથધરી હતી. ઉપસરપંચના હોદા પરથી નિયમો મુજબ હટાવવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે. જ્યારે સ્થળ પરથી ઝડપાયેલ ટ્રેક્ટર અને કંમ્પ્રેસરના માલીક અરજણભાઈ જીવણભાઈ રબારી રહે. રાણીપાટવાળા સામે પણ કાયદેસરની કાર્યવાહી હાથધરવામાં આવી હતી. રાજકીય આગેવાનો દ્વારા ભલામણની તજવીજ હાથ ધરી હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. ચોટીલા પ્રાંત અધિકારી દ્વારા ગેરકાયદે કાર્બોસેલનું ખનન કરતા ઉપસરપંચે સામે કાર્યવાહી કરતા અન્ય ભુમાફીયાઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

# લખતર: તલાટી સહિત બે શખ્સો લાંચ લેતા ઝડપાયા

## વઢવાણના વડોદ ગામના બે પ્લોટના ગામ નમુના નં.૨ ના ઉતારા માટે રૂા.૩૦૦૦ની લાંચ માંગી હતી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર જીલ્લામાં આવેલ સરકારી કચેરીઓમાં અરજદારોને નાનામોટા દરેક કામ માટેલાંચ આપવી પડતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે ત્યારે સુરેન્દ્રનગર એસીબી પોલીસે શહેરી વિસ્તારમાં આવેલ એક હોટલ પાસે છટકુ ગોઠવી નજીવી રકમની લાંચ લેતા લખતર ગ્રામ પંચાયતના તલાટી સહિત બે વ્યક્તિને ઝડપી પાડતા ચકચાર મચી જવા પામી છે .

આ અંગે એસીબી સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ વઢવાણ તાલુકાના વડોદ ગામે આવેલ બે પ્લોટના ગામ નમુના નં. ૨ ના ઉતારા માટે લખતર ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રી ધર્મેશકુમાર તળશીભાઈ પેઢડીયાએ ફરિયાદી પાસે રૂા. ૩૦૦૦ની લાંચ આપવી પડશે તેમ જણાવ્યું હતું અને લાંચની આ રકમ રાજુભાઈ રામજીભાઈ વસોયા (પ્રજાજન)ને આપી દેવાનું જણાવ્યું હતું પરંતુ ફરિયાદી ગેરકાયદેસર લાંચ આપવા માંગતા નહોતા આથી સુરેન્દ્રનગર એસીબી ટીમનો આ અંગે સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી જેને આધારે સુરેન્દ્રનગર એસીબી પીઆઈ એમ.ડી.પટેલ સહિતની ટીમે સુરેન્દ્રનગર શહેરની મધ્યમાં આવેલ રાજ હોટલ પાસે પેટ્રોલપંપ સામે છટકુ ગોઠવ્યું હતું અને છટકા દરમ્યાન રાજુભાઈ વસોયા અને તલાટી ધર્મેશકુમાર પેઢડીયાને રૂા. ૩૦૦૦ની લાંચ લેતા રંગે હાથે ઝડપી પાડ્યા હતા અને બન્નેને સુરેન્દ્રનગર એસીસી પોલીસ મથકે લાવી ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી જ્યારે જીલ્લામાં નજીવી રકમની લાંચ લેતા તલાટી ઝડપાતા અન્યસરકારી અધિકારીઓ અને કર્મચારીઓમાં પણ ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

# પાટડી: જૈનાબાદ પાસેથી કારમાં ચોરખાનામાંથી રૂ.૧.૪૪ લાખનો દારૂ પકડાયો

## મોરબી ડિલીવરી કરવાની રાજસ્થાની શખ્સની કબુલાત: રૂ.૩.૫૪ લાખનો મુદામાલ કબ્જે

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

પાટડી પોલીસે શહેરી વિસ્તારમાં પેટ્રોલીંગ હાથધર્યું હતું જેદરમ્યાન પાટડીથી જૈનાબાદ તરફ જતા રસ્તા પર બાતમીના આધારે દસાડાથી પાટડી તરફ એક કાર ઈંગ્લીશ દારૂ ભરી આવવાની હોવાની બાતમીના આધારે વોચ ગોઠવી હતી જે દરમ્યાન બાતમીવાળી કાર આવતા તેને રોકી તલાસી લેતા કારચાલકે પોતાનું નામ સંજય માલારામ સારણ રહે. રાજસ્થાનવાળો હોવાનું જણાવ્યું હતું અને કારની તલાસી લેતા કારમાં બોનેટ તેમજ પાછળના બન્ને દરવાજા અને નીચેના તેમજ પાછળના ભાગે ચોરખાના બનાવી ઈંગ્લીશ દારૂની બોટલો સંતાડી હોવાનું જણાઈ આવ્યું હતું આથી તમામ ચોરખાનામાંથી ઈંગ્લીશ દારૂની નાની-મોટી બોટલો નંગ-૧૧૬ કિંમત રૂા. ૧,૪૪,૭૦૦ તેમજ કાર કિંમત રૂા. ૨ લાખ અને મોબાઈલ ફોન નંગ-૨ કિંમત રૂા.૧૦,૦૦૦ મળી કુલ રૂા. ૩,૫૪,૭૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે ઝડપાયેલ આરોપીની પુછપરછ કરતા તેના કૌટુંમ્બીક મામા જગદીશ બોદારા રહે. રાજસ્થાનવાળાએ ઈંગ્લીશ દારૂ ભરેલ ગાડી આપી હોવાનો અને મોરબી જીલ્લામાં પહોંચાડવાનો હોવાની કબુલાત કરી હતી આથી પોલીસે બન્ને વિરૂધ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



# દસાડાના ફતેપુર ગામે સગીરાની જાતિય સતામણી

## ગામ શખ્સ સામે પોક્સો એક્ટ હેઠળ ફરિયાદી નોંધી કાર્યવાહી હાથ ધરાઈ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

દસાડા તાલુકાના ફતેપુર ગામની સગીરાનો પીછો કરી તેની જાતિય સતામણી કરવાના ઈરાદેઘરમાં પ્રવેશ કર્યા અંગેની ફરિયાદ ભોગ બનનાર સગીરાના પરિવારજને ગામમાં જ રહેતા એક શખ્સ સામે નોંધાવતા પોલીસે પોક્સો એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ દસાડાના ફતેપુર ગામમાં રહેતા ફરિયાદી ઈશ્વરભાઈના નાના ભાઈની ૧૫ વર્ષની સગીર દિકરી ઘરની બહાર જાય ત્યારે અવાર-નવાર ગામમાં જ રહેતો શખ્સ આકાશભાઈ સોમાભાઈ મકવાણા તેનો પીછો કરતો હતો તેમજ રાત્રીના સમયે જાતીય સતામણી કરવાના ઈરાદે ઘરમાં પ્રવેશ કરતા પરિવારજનો જાગી જતા આરોપી નાસી છુટ્યો હતો જે અંગે ભોગ બનનાર સગીરાના પરિવારજને ઝીંઝુવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સો એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધ્રાંગધ્રા: ભરાડા ગામે દુષ્કર્મના ગુનામાં સાધુને ૨૦ વર્ષની સજા

## બાળકીને ચોકલેટની લાલચ આપી હવસનો શિકાર બનાવી'તી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

ધ્રાંગધ્રા એડીસનલ સેસન્સ કોર્ટે દ્વારા ધ્રાંગધ્રા ના ભરાડા ગામે મંદિર ના આસામમાં બાળકીઓને ચોકલેટ આપવાના બહાને અડપલા કરી દુષ્કર્મ કરવાનો કેસ ચાલી જતા આરોપી ૨૦ વર્ષની કેદની સજા દસ હજારનો દંડ અને જેલ હવાલે કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો. ધ્રાંગધ્રાના ભરાડા ગામે આવેલ શીવ મંદિરમાં સાધુ તરીકે રહીને સેવાપૂજા કરતા ત્યારે મંદિર દર્શન કરવા આવતી બાળાઓને પોતાના આશ્રમના રૂમમાં ચોકલેટ આપવા ના બહાને બોલાવી સારીક અડપલા કરી દુષ્કર્મ કર્યાની ૨૦ એપ્રીલ ૨૦૨૦ના રોજ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ ફરીયાદ નોધાવી હતી. પોલીસ દ્વારા આરોપી સાધુ રામદેવગી શીવગીરીને જડપી પાડવામાં આવ્યા હતા અને, જેલ હવાલે કરેલ ત્યારે આરોપીનો કેસ દ્વારા ધ્રાંગધ્રા એડીસનલ સેસન્સ કોર્ટે મા ચાલી જતા તપાસ અધીકારી દ્વારા રજુ કરવામાં આવેલ એફઆરઆઈની નકલ તપાસના કાગળો ૨૮ સાહેદોની જુબાની ૨૧ દસ્તાવેજીક પુરાવા ફરીયાદી ની જુબાની સરકારી વકીલ વી એચ ભટ્ટ ની દલીલ અને જુદાં જુદાં કેસના રજુ કરેલ ચુકાદાઓને ધ્યાનમા લઈને ધ્રાંગધ્રા એડીસનલ સેસન્સ કોર્ટેના જજ એમ પી ચૌધરી દ્વારા આરોપી રામદેવગી શીવગીરીને કેસમાં કસુરવાર ઠેરવી ૨૦ વર્ષ ની કેદની સજા અને દસ હજારનો દંડ ફટકારી ન્યાયધીશ દ્વારા સાધુના વેશમાં મંદિર ની પ્રવીત્ર જગ્યા અધમ કુત્ય કરનાર ને કાયદા મુજબ સજા કરી સમાજ સંદેશો આપવા મા જેથી અન્ય કોઈ આવુ કુત્ય કરતા વિચારે જેલ હવાલે કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો.

# રહેણાંક વિસ્તારોમાં કોમર્શિયલ પ્રવૃતિ અટકાવો, રોડ પરના દબાણો હટાવો: સીએમના આદેશ

## જિલ્લા કક્ષાએ જે પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે તેવા પ્રશ્નો સરકાર સુધી કેમ પહોંચે છે? અધિકારીઓને પણ કડક સવાલો: ૩૩૪૯ રજુઆત પૈકી ૧૭૫૭નો નિકાલ

**અબતક, રાજકોટ**

રહેણાંક વિસ્તારોમાં ધમધમતી કોમર્શિયલ પ્રવૃતિ અટકાવવા અને રોડ પરના દબાણો હટાવવા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલે આદેશ આપ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોકોની રજૂઆતો સમસ્યાઓના સુચારૂ નિવારણ માટે ટેક્નોલોજીયુક્ત અભિગમ સ્વાગતમાં જિલ્લા કક્ષાના સ્વાગતમાં લોકોની રજૂઆતોની જિલ્લા કલેક્ટર કક્ષાએ નિવારણ માટેની જે સૂચનાઓ અપાઈ હોય તેનું પાલન સુનિશ્ચિત કરવા તાકિદ કરી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, અરજદારો નાગરિકોને પોતાની આવી નાની રજૂઆતો માટે રાજ્ય સ્વાગત સુધી આવું જ ન પડે તેવી સ્થિતીનું નિર્માણ આપણે કરવું છે.

મુખ્યમંત્રીએ જૂન મહિનાના રાજ્ય સ્વાગતમાં તેમની સમક્ષ રજૂ થયેલા પ્રશ્નોના ઉકેલ માટે સંબંધિત વિભાગો તથા જિલ્લા કલેક્ટરો, મ્યુનિસિપલ કમિશનરો અને પોલીસ અધિક્ષકો તથા અધિકારીઓને જરૂરી સુચનાઓ આપી હતી.



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ જૂન-૨૦૨૫ના આ રાજ્ય સ્વાગતમાં રાજકોટ અને અમદાવાદ મહાનગરપાલિકા, પોલીસ તંત્ર, ગ્રામ પંચાયતના રસ્તાઓ બનાવવા, જમીન મહેસુલ, હેતુફેર સહિતની વિવિધ રજૂઆતો આવી હતી. તેમણે આ રજૂઆતકર્તાઓને શાંતિપૂર્વક સાંભળીને તથા હકારાત્મક વલણ દાખવીને મહાનગરપાલિકા તથા પોલીસ તંત્રને સ્પર્શતી રજૂઆતોમાં કડક કાર્યવાહી માટે સુચનાઓ પણ આપી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સિંચાઈ યોજના પડતી મુકાયા છતાં કેટલાંક ખેડૂત ખાતેદારોના ૭/૧૨માં કલમ-૪ના પ્રાથમિક જાહેરનામામાં યથાવત રહેલી નોંધને કારણે ખેડૂતોને લાંબા સમયથી પડતી સમસ્યાનો અંત લાવી તે નોંધ દૂર કરવાનો સંવેદનાસ્પર્શી નિર્ણય સ્વાગત દરમિયાન કર્યો હતો.

તેમણે રહેણાંક હેતુ માટેની સોસાયટીમાં કોમર્શિયલ પ્રવૃત્તિ કરનારા કેસમાં કડક કાર્યવાહી કરવા, ખેડૂતોની જમીન માપણીના પ્રશ્નો, રોડ રસ્તા પરના દબાણ હટાવવાના, પર્યાવરણ જાળવણી સહિતના પ્રશ્નોને નાગરિકો પરત્વે હકારાત્મક દ્રષ્ટિકોણ રાખીને જિલ્લા વહીવટી તંત્ર કડક કાર્યવાહી કરે તેવી સ્પષ્ટ સુચનાઓ આપી હતી.

જૂન મહિનાના સ્વાગત ઓનલાઈનમાં ગ્રામ, તાલુકા, જિલ્લા અને રાજ્ય સ્વાગત મળીને કુલ ૩૩૪૯ રજૂઆતો મળી હતી તેમાંથી ૫૦% એટલે કે ૧૭૫૭ જેટલી રજૂઆતોનું નિવારણ લાવી દેવાયું છે. જૂન-૨૦૨૫ના રાજ્ય સ્વાગતમાં કુલ ૯૮ જેટલા અરજદારો રાજ્યભરમાંથી હાજર રહ્યા હતા. જેમાંથી ૧૨ જેટલા અરજદારોને મુખ્યમંત્રીએ રૂબરૂ સાંભળ્યા હતા. મુખ્યમંત્રી સમક્ષ રાજ્ય સ્વાગત માટે આવેલા અન્ય ૮૬ જેટલા અરજદારોની અરજીઓ મુખ્યમંત્રી જનસંપર્ક કાર્યાલયના અધિકારીઓએ સાંભળીને તે અંગે જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી અને પોલીસ અધિક્ષક તથા સંબંધીત વિભાગોને જરૂરી કાર્યવાહી કરવા સૂચનાઓ આપી હતી તથા સંબંધિત વિભાગોને યોગ્ય કાર્યવાહી માટે મોકલી આપી હતી.


આ રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ અવંતિકા સિંઘ, સચિવ ડો. વિક્રાંત પાંડે, ખાસ ફરજ પરના અધિકારી ધીરજ પારેખ તથા રાકેશ વ્યાસ, તેમજ સંબંધિત વિભાગોના સચિવો અને અધિકારીઓ રૂબરૂ તેમજ સબંધિત જિલ્લા-શહેરોના તંત્રવાહકો વિડીયો કોન્ફરન્સથી જોડાયા હતા.

# ડુંગળી પકવતા ખેડૂતોને પ્રતિ ક્વિન્ટલ રૂ.૨૦૦ની આર્થિક સહાય ચૂકવાશે

## ખેડૂતોએ સહાય મેળવવા આઇ-ખેડૂત ૨.૦ પોર્ટલ પર આગામી ૧૫ જુલાઈ સુધી અરજી કરી શકશે

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં ડુંગળી પકવતા ખેડૂતોના હિતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ અને ખેડૂત હિતલક્ષી નિર્ણય કર્યો છે. બજારમાં ડુંગળીના ભાવ ઓછા હોવાથી ડુંગળી પકવતા ખેડૂતોને આર્થિક સહાય પૂરી પાડવા રાજ્ય સરકાર દ્વારા આવા ખેડૂતોને રૂ. ૨૦૦ પ્રતિ ક્વિન્ટલની સહાય રૂ. ૫૦,૦૦૦ની મર્યાદામાં પૂરી પાડવામાં આવશે.



આ મહત્વપૂર્ણ નિર્ણયની જાહેરાત કરતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૪-૨૫ રવિ સિઝન દરમિયાન ગુજરાતમાં ડુંગળીનું આશરે હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું હતું, જે સામાન્ય વાવેતર વિસ્તારની સાપેક્ષે વધુ હોવાથી રાજ્યમાં ડુંગળીનું ઉત્પાદન પણ અંદાજિત ૨૪૮.૭૦ લાખ ક્વિન્ટલ જેટલુ નોંધાયું છે.

(અનુ. આઠમા પાને)

### કેન્સર એટલે શું?: આજે પણ વિદેશી સિગરેટનું આકર્ષણ એટલું જ!!

# અમદાવાદ કસ્ટમ વિભાગે દાણચોરીથી આવતી ૮૦ લાખ કાર્ટૂન સિગરેટ જપ્ત કરી

## વર્ષ ૨૦૨૩માં સિગરેટ, સાયકોટ્રોપિક પદાર્થો અને લક્ઝરી ઘડિયાળો સહિત ૧૬૩ કરોડનો માલ કબ્જે

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં દાણચોરીના પ્રમાણનો સંકેત આપતા અમદાવાદ કસ્ટમ્સે તાજેતરમાં ૮ મિલિયન એટલે કે ૮૦ લાખ નકલી સિગારેટ, સાયકોટ્રોપિક પદાર્થો અને લક્ઝરી ઘડિયાળો સહિત ૧૬૩ કરોડ રૂપિયાનો દાણચોરીનો માલ જપ્ત કર્યો છે. કસ્ટમ્સ અમદાવાદ ઝોનના ચીફ કમિશનર પ્રણેશ પાઠકે સોમવારે શહેરમાં આયોજિત એક સેમિનારમાં આ માહિતી જાહેર કરી હતી.

જેમ જેમ ભારતનું અર્થતંત્ર વિકસી રહ્યું છે, તેમ તેમ તે વૈશ્વિક દાણચોરી નેટવર્ક્સ માટે એક મોટું લક્ષ્ય બની રહ્યું છે. આ ગુનાઓ જાહેર આરોગ્ય, રાષ્ટ્રીય સુરક્ષા અને રોકાણકારોના વિશ્વાસને જોખમમાં મૂકે છે તેમ પાઠકે જણાવ્યું હતું.

આ જાહેરાત ફિક્કીની દાણચોરી વિરોધી શાખાના નવા ડેટા સાથે આવી છે. જેણે તેમના દ્વારા બહાર પાડવામાં આવેલા એક અહેવાલમાં નાણાકીય વર્ષ ૨૩ માં ભારતના ગેરકાયદેસર વેપાર અર્થતંત્રનું કદ રૂ. ૭.૯૮ લાખ કરોડ હોવાનું અનુમાન લગાવ્યું હતું. સૌથી વધુ અસરગ્રસ્ત પાંચ ક્ષેત્રો એફએમસીજી એટલે કે પેકેજ્ડ ફૂડ્સ, વ્યકિતગત અને ઘરગથ્થુ સંભાળ, દારૂ, તમાકુ અને કાપડ અને વસ્ત્રો છે. હકીકતમાં, આમાંથી માત્ર કાપડ અને વસ્ત્રોનો હિસ્સો રૂ. ૪ લાખ કરોડથી વધુ હતો, ત્યારબાદ એફએમસીજી ઉત્પાદનો, દારૂ અને તમાકુનો સમાવેશ થાય છે તેમ અહેવાલ સૂચવે છે.

સેમિનારમાં નિષ્ણાતોએ દંડાત્મક કરને મુખ્ય ચાલક તરીકે દર્શાવ્યું હતું. ઉચ્ચ પરોક્ષ કર અને નિયમનકારી અંતર દ્વારા બનાવેલા ખર્ચ આર્બિટ્રેજ પર દાણચોરી ખીલે છે. જ્યારે તમાકુ, દારૂ અને સોના જેવા ઉત્પાદનો પર ડ્યુટી નોંધપાત્ર રીતે ઊંચી હોય છે, ત્યારે તે ગેરકાયદેસર વેપાર માટે મજબૂત પ્રોત્સાહનો બનાવે છે. કાયદેસર વ્યવસાયોને નબળી પાડે છે અને સરકારી આવકમાં ઘટાડો કરે છે. કાયદેસર અને ગેરકાયદેસર બજાર કિંમત નિર્ધારણ વચ્ચેની અસમાનતા માત્ર વાજબી સ્પર્ધાને વિકૃત કરતી નથી પરંતુ નાગરિકોને નકલી માલના સંપર્કમાં પણ લાવે છે, જે એક ગંભીર જાહેર આરોગ્ય સમસ્યા બની શકે છે. આ મુદ્દાને ઉકેલવા માટે મજબૂત અમલીકરણ અને વધુ આંતર-એજન્સી સંકલન સાથે સંતુલિત કર નીતિની જરૂર છે તેમ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સ ના ભૂતપૂર્વ અધ્યક્ષ પી સી ઝાએ જણાવ્યું હતું. પાઠકે જણાવ્યું હતું કે જમીન, સમુદ્ર અને હવાઈ માર્ગો પર અમલીકરણ વધારવામાં આવ્યું હતું. ગોધરા કસ્ટમ્સ ઓપરેશનનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું, "તાજેતરની જપ્તીઓ દર્શાવે છે કે આ નેટવર્ક કેટલા આક્રમક અને સંગઠિત બની ગયા છે."

# અષાઢમાં અનરાધાર, શ્રાવણમાં પણ સરવડા વરસશે

## છેલ્લા ૨૪ કલાકમાં ૧૯૧ તાલુકામાં મેઘમહેર: સૌથી વધુ તાપીના વ્યારામાં ચાર ઈંચ, જામનગરના કાલાવડમાં સાડા ત્રણ ઈંચ અને પોરબંદરના રાણાવાવમાં પણ ત્રણ ઈંચ વરસાદ ખાબક્યો

## રાજ્યમાં જૂન માસમાં સરેરાશ કરતા ૧૧૫ ટકા વધુ વરસાદ, સૌરાષ્ટ્રમાં ૧૦૫ ટકા વધુ પાણી પડ્યું

**અબતક, રાજકોટ**

રાજ્યમાં આગામી દિવસોમાં મેઘરાજા ભૂક્કા બોલાવશે. તારીખ ૩ જુલાઈ બાદ રાજ્યભરમાં મેઘો મૂશળધાર વરસશે. આજે પણ રાજ્યમાં ભારે વરસાદ વરસવાની હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહી કરી. હાલ બંગાળના ઉપસાગર અને અરબ સાગરથી આવતી ભેજવાળી હવાઓના લીધે વરસાદી માહોલ છવાયો છે. તો તારીખ ૬ જુલાઈ આસપાસ



બંગાળના ઉપસાગરમાં વરસાદની બીજી સિસ્ટમ સક્રિય થશે. જેના લીધે ૧૦ જુલાઈ સુધી રાજ્યના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ વરસશે.એટલે કે અષાઢમાં અનરાધાર, શ્રાવણમાં પણ સરડવા વરસશે. રાજ્યમાં જૂન માસમાં સરેરાશ કરતા ૧૧૫ ટકા વધુ વરસાદ વરસ્યો છે ત્યારે સૌરાષ્ટ્રમાં ૧૦૫ ટકા વધુ પાણી પડ્યું છે.છેલ્લા ૨૪ કલાકમાં ૧૯૧ તાલુકામાં મેઘમહેર થઈ છે જેમાં સૌથી વધુ તાપીના વ્યારામાં ચાર ઈંચ, જામનગરના કાલાવડમાં સાડા ત્રણ ઈંચ અને પોરબંદરના રાણાવાવમાં પણ ત્રણ ઈંચ વરસાદ ખાબક્યો છે. હવામાન વિભાગ દ્વારા આગામી ૬ જુલાઈ સુધી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે અમરેલી, ભાવનગર, સુરત, વલસાડ, વડોદરા સહિતમાં ભારે વરસાદ વરસી શકે છે અને આજે ૧૫ જિલ્લામાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. અમરેલી, ભાવનગર, સુરત, નવસારી, વલસાડ, ડાંગ, તાપી, નર્મદા, ભરૂચ, વડોદરા, છોટાઉદેપુર, પંચમહાલ, દાહોદ, મહિસાગર, અરવલ્લી, દમણ અને દાદરાનગર હવેલીમાં ભારે વરસાદને લઈ યલો એલર્ટ આપવામાં આવ્યું છે. સામાન્ય રીતે ગુજરાતમાં જૂન મહિનામાં

(અનુ. આઠમા પાને)

### ૧૪ જળાશયો સંપૂર્ણ ભરાયાં

રાજ્યમાં જૂનમાં મળેલા સિઝનનો ૩૨.૭૩ ટકા વરસાદે ૨૦૬ જળાશયોમાં ૬.૮૮ ટકા જળસંગ્રહ વધ્યું છે. સૌરાષ્ટ્રના ૧૪૧ જળશયોમાં સૌથી વધુ ૨૨.૭૭ ટકા જળસંગ્રહ વધ્યું છે. મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૧૧.૪૨ ટકા, ઉ.ગુ.ના ૧૫ જળાશયોમાં ૮.૬૬ ટકા, કચ્છના ૨૦ જળાશયોમાં ૧.૫૭ ટકા અને દ.ગુ.ના ૧૩ જળાશયોમાં ૦.૬૬ ટકા જળસંગ્રહ વધ્યું છે.

### છેલ્લા ૨૪ કલાકનો વરસાદ


| | | |
|---|---|---|
| તાપી | વ્યારા | ૪ ઈંચ |
| જામનગર | કાલાવડ | ૩.૫ ઈંચ |
| પંચમહાલ | કલોલ | ૩ ઈંચ |
| પોરબંદર | રાણાવાવ | ૩ ઈંચ |
| વલસાડ | કપરાડા | ૩ ઈંચ |
| સુરત | બારડોલી | ૨.૮ ઈંચ |
| જૂનાગઢ | માણાવદર | ૨.૫ ઈંચ |
| જૂનાગઢ | જૂનાગઢ | ૨.૫ ઈંચ |
| તાપી | ડોલવાણ | ૨.૫ ઈંચ |
| રાજકોટ | જેતપુર | ૨.૫ ઈંચ |

# ડીજીપી વિકાસ સહાયનો કાર્યકાળ છ મહિના લંબાયો

## નિવૃત્તિના દિવસે જ કેન્દ્રીય ગૃહ વિભાગે છ માસનું એક્સટેન્શન આપ્યું

**અબતક, રાજકોટ**

ગુજરાતના ડીજીપી વિકાસ સહાયને ૬ મહિનાનું એક્સટેન્શન આપવામાં આવ્યું છે. તેઓ આજે એટલે કે ૩૦ જૂને નિવૃત્ત થવાના હતા.



આવામાં કેન્દ્ર સરકાર તરફથી એક આદેશ જારી કરીને તેમનો કાર્યકાળ લંબાવવામાં આવ્યો છે. હવે વિકાસ સહાય આગામી છ મહિના માટે ગુજરાતના ડીજીપી રહેશે. તમને જણાવી દઈએ કે વિકાસ સહાય ગુજરાત કેડરના ૧૯૮૯ બેચના આઈપીએસ અધિકારી છે.

જારી કરાયેલા આદેશમાં લખ્યું છે કે, કેબિનેટની નિમણૂક સમિતિએ વિકાસ સહાય, આઈપીએસ (ગુજરાત કેડર ૯૮૯), ગુજરાતના ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (ડીજીપી) ની સેવા તેમની નિવૃત્તિની તારીખથી એટલે કે ૩૦.૦૬.૨૦૨૫ ના રોજ છ મહિના માટે લંબાવવાના ગૃહ મંત્રાલયના પ્રસ્તાવને મંજૂરી આપી છે.

વિકાસ સહાય ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી ડીજીપી પદે કાર્યરત રહેશે. સહાય આજે વય નિવૃત થવાના હોઈ ગુજરાત પોલીસ ભવનમાં તેમની વિદાયની જરૂરી તૈયારીઓ પણ કરવામાં આવી હતી, પરંતુ સરકાર તરફથી અંતિમ કલાકોમાં વિકાસ સહાયને ૬ મહિનાનું એક્સટેન્શન આપવાનો નિર્ણય કરાતા નવા ડીજીપી કોણ એની ચર્ચા પર હાલ તો ૬ મહિના સુધી પૂર્ણ વિરામ મુકાઈ ગયું છે.


**વેસ્ટ કારટુન પુઠાની ખરીદી ચાલુ છે**

વેસ્ટ કારટુન પુઠા કી. ૧ ના રૂા. ૧૭/૮૦

ભાવનગર રોડ, રાજ સમઢીયાળા

(ઉપરના ભાવ તા. ૨-૭-૨૦૨૫ સાંજે ૫-૩૦ સુધીના છે)

કોન્ટેકટ: મો. ૯૮૭૯૮ ૭૨૬૨૭

